ॐ

श्री ज्ञान विनोद:

યોજનાર,

જયશંકર તુળજારામ ભટ્ટ.

રાંદેર–સુરત.

ॐ

श्री ज्ञान विनोद

શ્રી સનાતન ધર્મોત્તેજક મંડળ તરફથી

યોજનાર,

જયશંકર તુળજારામ ભટ્ટ.

રાંદેર-સુરત.

શ્રી સનાતન ધર્મોત્તેજક મંડળના લાભાર્થે

છપાવી પ્રગટ કરનાર

જટાશંકર ગૌરીશંકર દવે.

લીંબડી.

किंमत } કાચુ પુઠુ ૩ આના.
} પાકુ ,, ૪ આના.

અમદાવાદમાં

રીચીરોડના પુલ નીચે આવેલા શ્રી જૈન વિદ્યાવિજય
પ્રીન્ટીંગ પ્રેસમાં શા. ચુનીલાલ અમથાભાઇએ છાપ્યું.

આવૃત્તિ ૧ લી.—પ્રત ૧૦૦૦.

સને ૧૯૧૬—સંવત ૧૯૭૨



पूज्यपाद सद्गुरु श्रीशंकर जगन्नाथ
तीर्थ स्वामी महाराज.

अर्पण पत्रिका.

જે પરમાત્માના સત્તા સ્ફુરણુ વડે, આ જે સ્ફુરણાયમાન થયું છે અને જે કાર્ય રૂપે પ્રતિત થઇ દ્રસ્યમાન થયું છે તે પછી અન્યનું શી રીતે હોઇ શકે અને અન્ય અહંકારથી પોતે કર્યાનું અંગીકાર કરી ન બેસે માટે જે જેનું છે તે તેનેજ અર્પણ હો. આસ્તિ, ભાતિ, પ્રિય રૂપે સર્વત્ર વિલસી રહેલ એવા જે પરબ્રહ્મ પરમાત્મા છે તે મારા સદ્ગુરૂ રૂપે થયા અને જેમણે પ્રેરણા વડે મને નિમિત્ત કરી જે આ કાર્ય કરાવ્યું છે તે પણ તેમનુંજ હોઇ તેમને અર્પણ થાઓ. તથાસ્તુ.

લી. આપનો સ્ફુરણાંશ

જયશંકર તુળજારામ ભટ્ટના

સપ્રેમ ૐ નમો નારાયણાય.

ભૂમિકા.

આ કળિયુગના સમયમાં મનુષ્યો અનેક પ્રકારના દુઃખોથી દુઃખી થઇ હેરાન થાય છે. તેઓ દુઃખને ઇચ્છતા નથી છતાં દુઃખો તેમના શીરપર અણધાર્યાં આવી પડે છે. તેઓ સુખને ઇચ્છે છે પણ સુખી થવાના ઇલાજો કરતા નથી. દુઃખ આવવાના બીજો વાવી સુખના ફળો મેળવવા ઇચ્છે તે શી રીતે બની શકે. એતો લીંબોળી વાવી આમ્રફળની ઇચ્છા કર્યા જેવું છે. દુઃખને દૂર કરવા માટે પ્રથમ તેનુ મૂળ જોવું જોઇએ. મૂળ પકડાય તોજ પછી તેને સમૂળુ નષ્ટ કરવાની યુક્તિ હાથ આવે. આ સંસાર દુઃખ રૂપજ છે; આમ જાણ્યા છતા તેમાં સુખની પ્રાપ્તિને માટે અનેક પ્રકારોના યત્નો કરાય છે અને કદાચ થોડું ઘણું સુખ મળે પણ છે, પણ તે ખરૂં સુખજ નથી તેતો સુખાભાસ માત્રજ છે. તે સુખ ચિરકાળ રહેતું નથી. આવે ને જાય છે અને દુઃખનું દુઃખજ બન્યુ રહે છે. એથી તો ઉલટું વિશેષ દુઃખી થવાય છે; કારણકે મહા મહે-

નતે પ્રાપ્ત કરેલી વસ્તુ જતી રહે તો તેથી અવશ્ય દુઃખ થાયજ. તેમ દુઃખરૂપ સંસારમાં સુખ મેળવવા ભગિરથ પ્રયત્નો કર્યા છતાં પણ તેમાં સહેજસાજ ક્ષણીક સુખ મળે છે અને તે જ્યારે જતું રહે છે ત્યારે તેનું પણ વિશેષ દુઃખ થાય છે. આ દુઃખ જેનું મૂળ છે એવા સંસારમાં અત્યંત સુખની પ્રાપ્તિ થતી નથી. અત્યંત સુખની પ્રાપ્તિ તો પોતાના સ્વ-રૂપમાં સ્થિત થવાથીજ થાય છે; અર્થાત્ બ્રહ્મજ્ઞાન વિના સુખની પ્રાપ્તિ કદાપિ થતીજ નથી તે માટે શ્રુતિમાં પણ કહ્યું છે કેઃ—

तमेव विदित्वाति मृत्यु मेति नान्यः
पन्थाविद्यतेऽयनाय ॥

તે બ્રહ્મનોજ સાક્ષાત્કાર કરવાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે. એ સિવાય બીજો કોઇ પણ ઉપાય મોક્ષને પ્રાપ્ત કરવાનો નથી.

જન્મ મરણ એજ મોટામાં મોટું દુઃખ છે. જ્યારે જન્મ મરણ ટળી જાય છે ત્યારે સુખ થાય છે. એટલા માટે જન્મ મરણથી છૂટી જવું એજ અત્યંત સુખની પ્રાપ્તિ છે. આ સંસાર સાગરમાં

જન્મ મરણુના હિલોળે ચઢેલા મનુષ્યો જેઓ મારા આત્મ સ્વરૂપો છે તેઓને પરમાનંદની પ્રાપ્તિ કરાવવાને કે જે પ્રાપ્તનીજ પ્રાપ્તિ છે તેને માટે સાધારણ બુદ્ધિવાળા પુરૂષો તેમજ સ્ત્રીઓને સરલતાથી સમજવામાં આવે એવી રીતે આ " જ્ઞાન વિનોદ " ની રચના કરેલ છે. આ જ્ઞાન વિનોદ લાંબા વખત ઉપર છપાઈ બહાર પડેલ એક હિંદી નાટકના આધારે યોજાયેલ છે. આ પ્રયત્ન કાંઇ વિદ્વતા બતાવવા માટે થયેલ નથી પણ સર્વને મારા આત્મ સ્વરૂપો જાણી (પોતાનો આત્મ કોને પ્રિય ન હોય સર્વને પોતે તો પ્રિયજ છે) તેમના ઉદ્ધારને માટે આ સાહસ કરેલ છે.

આ " જ્ઞાન વિનોદ " માં સ્વરૂપ જ્ઞાન સંબંધી જ દાખલા દલીલથી સરળ રીતે સમજાવવામાં આવ્યું છે, તેના સિદ્ધાંતો ધારણ કરવામાં ચિતૈકાગ્રતા (ચિત્તની એકાગ્રતા) ની મુખ્યત્વે કરીને જરૂર છે. કારણ આ સર્વ ચિત્તનો જ મામલો છે. ચિત્ત હોય તોજ સંસાર છે અને તે જ્ઞાની, અજ્ઞાની સર્વને અનુભવ સિદ્ધજ છે; કારણકે સુષુપ્તિ, સ-

માધિ અને મૂર્છા અવસ્થામાં જ્યારે ચિત્ત હોતું નથી ત્યારે સંસાર પણ ત્યાં રહેતો નથી. અને જ્યારે તે જાગ્રત થાય છે ત્યારે સર્વ સંસાર ખડો થઈ જાય છે. (જો કે સમાધિ અને મૂર્છાનો ઘણાંખરાને અનુભવ નથી હોતો, પણ સુષુપ્તિ—નિદ્રા—અવસ્થાનો અનુભવ સર્વને નિત્યપ્રતિ થાયજ છે) જ્યાં સુધી ચિત્ત અનાત્મા—નાશવાન—પદાર્થોનું ચિંતવન કર્યા કરે છે ત્યાં સુધી તેને આ " જ્ઞાન વિનોદ " ના શ્રવણ મનનમાં આનંદ આવશે નહિ, કારણકે આ વિનોદ કાંઇ અનાત્મા પદાર્થોનો નથી પણ એતો ત્રણે કાળમાં તેમજ ત્રણે અવસ્થામાં નાશ ન પામે એવા અસ્તિ, ભાતિ, પ્રિયરૂપે સર્વત્ર વિલસી રહેલ ચૈતન્ય આત્માનો વિનોદ છે. અને એમાં સત્ય જ્ઞાનની પ્રાપ્તિ કરાવવા માટેજ વિનોદરૂપે સમજાવવામાં આવ્યું છે. એટલા માટે એકાગ્ર ચિત્ત એટલે મળ, વિક્ષેપ દોષથી રહિત એવા શુદ્ધ ચિત્તવાળાનેજ તેનો ખરો આનંદ પ્રાપ્ત થાય છે.

લી૦ પ્રકાશક.

॥ श्री सद्गुरुभ्यो नमः ॥

श्री ज्ञान विनोद.

લહેર ૧ લી.

વિનોદ રચના.

જેમાંથી આ સંપૂર્ણ જગત ઉત્પન્ન થયું છે અને જેમાં સ્થિત થાય છે અને વળી જેમાં લય થઇ જાય છે અને જે સંપૂર્ણ જગતરૂપ છે એવો જે અખંડ આનંદ સ્વરૂપ મારો આત્મા તેને સપ્રેમ નમસ્કાર કરી આ "श्री ज्ञान विनोद" ની રચના કરૂં છું.

તે આનંદ અક્રૂયરૂપ આત્માના વિલાસને માટે આ સંસારની એવી વિચિત્ર રચના થઇ રહી છે કે જેને દેખવાથી વિદ્વાન-જ્ઞાની-પુરૂષો સિવાય બીજા બધા મોહને પામી જાય છે. વિદ્વાન પુરૂષો મોહ નથી પામતા તેનું કારણ એ છે કે તેઓ નિરંતર એવોજ વિચાર કર્યા કરે છે કે જેમ પવનના સ્પન્દ -હાલવું અને નિસ્પન્દ-નહિ હાલવું-એમ બે રૂપો દેખાય છે પણ તે પવનજ છે; પવનથી ભિન્ન કોઇ બીજો પદાર્થ નથી અર્થાત્ સ્પન્દરૂપ અને નિસ્પન્દરૂપ પવનજ છે. પવનથી ભિન્ન કોઇ બીજી વસ્તુ થઇ નથી. એ પ્રકારે અક્રૂયરૂપ પણ આત્માજ છે અને ક્રૂયરૂપ પણ આત્માજ છે. આત્માથી ભિન્ન કોઇ બીજો પદાર્થ થયો નથી અને આત્માથી ભિન્ન જે કાંઇ પ્રતિત પણ થાય છે તે સર્વ મૃગ તૃષ્ણા-ઝાંઝવા-ના જળની માફક મિથ્યા છે. અર્થાત્ ત્રણે કાળમાં થયુંજ નથી. એ પ્રકારે સંપૂર્ણ દ્રશ્ય તથા અદ્રશ્યને પોતાનું આત્મસ્વરૂપ જાણીને વિદ્વાન-જ્ઞાની-તો આનંદને લુંટે છે પરંતુ અજ્ઞાની પુરૂષો આ સંસારની વિલક્ષણ રચનાને જોઇ

મોહને પ્રાપ્ત થઇને દુઃખરૂપ સમુદ્રમાં ડુબે છે. એ પ્રમાણે દુઃખરૂપ સમુદ્રમાં ડુબતા અજ્ઞાની જીવોના ઉદ્ધારને માટે મનરૂપ નટ વાસનારૂપ નટી સહિત આ " જ્ઞાન વિનોદ " ની એવી તો વિલક્ષણ રચના કરી બોધ કરે છે કે જેના શ્રવણ માત્રથીજ તેઓમાંના ઘણાખરા જીવો શીઘ્ર દુઃખરૂપ સમુદ્રમાંથી ઉછાળો મારીને શાંતિરૂપ પર્વતના સુખરૂપ શિખર પર અચળ થઇ જાય છે.

એટલા માટે પ્રથમ મનરૂપ નટે જ્ઞાનના વિનોદ માટે માયીક અંશ જે નામરૂપ છે તે રૂપ મનહર બીછાનું બીછાવ્યું અને ચૈતન્ય અંશ જે અસ્તિ ભાતિ પ્રિય છે તે રૂપ એક ભવ્ય મંડપ નિર્માણ કરી તેની ચોતરફ મનુષ્ય શરીરરૂપ અમૂલ્ય સિંહાસનોમાં પુરૂષોને સ્થિત કરીને એવી તો અદ્ભૂત શોભાથી સુશોભિત કર્યો કે જેમ ચંદ્રમાની ચારે તરફ બ્રહસ્પતિ આદિ નક્ષત્રો શોભાને આપે છે. પરંતુ તેમાં ઘણા અજ્ઞાની પુરૂષો એવા છે કે તેઓ મિથ્યા નામ–રૂપ એવા જે મનહર બીછાના છે તેનીજ અદ્ભૂત રચનાને જોઇ તેમાં આશક્ત થઇને દુઃખ પામે

છે અને અમૂલ્ય વસ્તુ જે મનુષ્ય શરીરરૂપ સિંહાસન જે ઉપર બેસવાથી થતો આનંદ તેને મેળવતા નથી. અરે હાં ! કોઇ કોઇ પુરૂપ વિચાર કરે છે કે "નામ-રૂપ એવું જેનું મનહર બાછાનું છે તો તે સભા મંડપમાં થનાર જ્ઞાન વિનોદ જાણે કેવો આનંદ આપનાર થશે ?" આ પ્રમાણે વિચાર કરી તેઓ તો જ્ઞાનના વિનોદ સ્થાન સભા મંડપ તરફ એવી રીતે જુએ છે કે જેમ સૂર્યોદય સમયે પ્રફુલ્લિત એવા કમળોને ગુંજાર કરતા ભ્રમરો જુએ છે. અને વિચારવાન પુરૂષો તેની રચનાને જોઇને ગદગદ ભાવને પ્રાપ્ત થઇ જાય છે.

લહેર ૨ જી.

મનરૂપ નટનો સદુપદેશ.

શુદ્ધ સચ્ચિદાનંદ સ્વરૂપ એવા આત્માને ધન્ય છે. આહા ! એની કેવી વિલક્ષણ લીલા છે કે જેથી જે વસ્તુ નથી તે પ્રતિત

થાય છે અને જે વસ્તુ છે તેતો પ્રતિત થતી નથી અર્થાત્ જેમ જળમાં સૂર્યનો આભાસ છે તે સૂર્યથી ભિન્ન નથી અને જળ પણ સૂર્યથી પ્રથક* નથી કારણકે અગ્નિનું કાર્ય જળ છે અને અગ્નિરૂપ સૂર્ય છે. જેમ માટીમાંથી બનેલા ઘડા—કોડીઆ આદિ જે છે તે સર્વ માટીજ છે તેમ કાર્યરૂપ જળ અને કારણરૂપ અગ્નિ તે સૂર્યજ છે. સૂર્યથી ભિન્ન નથી, વળી આભાસ પણ સૂર્યથી પ્રથક નથી. એ પ્રકારે જળારૂપ અવિદ્યામાં બ્રહ્મરૂપ સૂર્યનો જે જીવ રૂપ આભાસ છે તે જીવરૂપ આભાસ બ્રહ્મથી ભિન્ન નથી અને અવિદ્યા પણ બ્રહ્મથી પ્રથક નથી. કારણકે અવિદ્યા તો કેવળ બ્રહ્મનો વિલાસ માત્રજ છે, વાસ્તવિક રીતે જુઓ તો અવિદ્યા બીજી કોઈ પણ વસ્તુ નથી એટલા માટે અવિદ્યા અને જીવ બ્રહ્મથી ભિન્ન નથી પરંતુ તે આત્માની લીલાથી ભિન્ન પ્રતિત થાય છે અને જે છે તે પ્ર-

---

* જળની આકર્ષણ શક્તિ અને વિસર્જન શક્તિ સૂર્યમાંજ રહેલી છે.

તિત થતું નથી. જેમ રાહુ આકાશમાં સદૈવકાળ રહેજ છે પરતુ પ્રતિત થતો નથી પણ જ્યારે તે રાહુનો સૂર્ય અને ચંદ્રમાની સાથે સંબંધ થાય છે અર્થાત્ ગ્રહણ થાય છે ત્યારે પ્રતિત થાય છે કે આકાશમાં રાહુ છે. એ પ્રકારે જે કાંઇ દ્રસ્યાદ્રસ્ય છે તે સર્વ આત્માજ છે આત્માથી ભિન્ન કોઈ પણ વસ્તુ નથી પરંતુ આત્મા પ્રતિત થતો નથી. જ્યારે સાત્વિક–શુદ્ધ બુદ્ધિની સાથે તે આત્માનો સંબંધ થાય છે ત્યારે તે પ્રતિત થાય છે કે જે કાંઇ દ્રસ્યાદ્રસ્ય છે તે સર્વ આત્માજ છે, આત્માથી ભિન્ન બીજો કોઇ પદાર્થ નથી. એ પ્રકારે જે વસ્તુ છે તે પ્રતિત થતી નથી અને જે નથી તે પ્રતિત થાય છે; એવી વિચિત્ર લીલા જે આત્માની છે તેને હું મારૂં પોતાનું આત્મ સ્વરૂપ જાણીને વારંવાર પ્રણામ કરૂં છું.

આ પ્રમાણે બોલતો મનરૂપ નટ સભામાં આવી ત્યાં બેઠેલા સર્વ મનુષ્યો તરફ તેમજ રંગમંડપ તરફ આમતેમ નજર કરી પછી કહેવા લાગ્યોઃ—" હે ભાઇઓ ચૈતન્ય આત્માની કૃપાથી આપ સર્વ સજજન પુરૂષો વડે કરીને આ સભા એવી તો શો-

ભાને પ્રાપ્ત થઈ રહી છે કે જેને જોઇને ઇન્દ્ર અને કુબેર પણ લજ્જાને પ્રાપ્ત થાય છે. કારણકે માયીક અંશ જે નામ–રૂપ છે તેતો આ સભા મંડપનું મનહર બીછાનું છે અને ચૈતન્ય અંશ જે અસ્તિ–ભાતિ–પ્રિય તે રૂપ જે સભામંડપ નિર્મિત થયો છે તે પરમસુખને દેવાવાળો છે અને તેજ ચૈતન્ય આત્માના વિલાસને માટે (હું) મનરૂપ નટ થઇને આપની સન્મુખ આ સભામાં આવી સ્થિત થયો છું અને વળી આપ સર્વ સજ્જન પુરૂષો મનુષ્ય શરીરરૂપ અમૂલ્ય સિંહાસનોપર સ્થિત થઇને આ સભાને એવી શોભા આપી રહ્યા છો કે જેમ હંશો વડે માન સરોવર શોભાને આપે છે. આ પ્રમાણેની શોભા દેખીને હું આનંદ તો પામ્યો છું પરંતુ એ આનંદની સાથે એક પ્રકારનું દુઃખ પણ મળેલું છે. કારણકે અનાત્મા પદાર્થોથી કલ્પિત જે કાંઇ પણ આનંદ પ્રાપ્ત થશે તેમાં દુઃખ અવસ્યજ મળેલું રહેશે. તે અનાત્મા પદાર્થ દુઃખરૂપ હોવાથી મને આનંદ તો એ થયો કે આપ જેવા સર્વ સજ્જન પુરૂષોના મને દર્શન થયાં કારણકે આપ સર્વ પુરૂષો નામરૂપ મિથ્યા બી-

છાનાથી દ્રષ્ટિને હઠાવીને ચૈતન્ય અસ્તિ-ભાતિ-પ્રિય એ રૂપ જે સભામંડપ છે તે તરફ જુઓ છો. એ તો મને આનંદ થયો. પણ આપ જેવા હંસોમાં બગલાની માફક પણ ઘણાં પુરૂષો છે કે જેઓ નામ રૂપ મિથ્યા બીછાનાપરજ લટ્ટુ થઇ ગયા છે તેઓ ચૈતન્યરૂપ સભા મંડપની તરફ દ્રષ્ટિજ કરતાં નથી તેઓને જોઇને મને ઘણોજ ખેદ થયો છે. કારણકે તેઓ પોતાના ચૈતન્ય સ્વરૂપને અને મનુષ્ય શરીર-રૂપ અમૂલ્ય સિંહાસનને જોઇને નામરૂપ મિથ્યા બી-છાનાથી દ્રષ્ટિને હઠાવીને ચૈતન્યરૂપ સભા મંડપની તરફ દેખતા નથી. વળી બીજું એ પણ મોટું આ-શ્ચર્ય છે કે તે પુરૂષો એવો વિચાર પણ નથી કરતાં કે "અમોએ પૂર્વે કેવા શુભ કર્મો કર્યા હશે કે જેને અનુસાર આ મનુષ્ય શરીરરૂપ અમૂલ્ય સિંહાસન બેસવાને માટે મળ્યું છે અને આવો ઉત્તમ જ્ઞાનનો વિનોદ અમારી સન્મુખ થઇ રહ્યો છે. જો હવે પણ અમો નામરૂપ મિથ્યા બીછાનાથી દ્રષ્ટિને હઠાવીને જ્ઞાનને આપવાવાળો જે ચૈતન્ય અંશ અસ્તિ-ભાતિ પ્રિયરૂપ સભામંડપ છે તેની ઉદ્ધારકારક અદ્ભૂત ર-

ચનાને ન દેખતાં મિથ્યા નામરૂપ બીછાનામાંજ ફસી રહીશું તો તે સભાથી વિમૂખ થઇને મનુષ્ય શરીરરૂપ સિંહાસન પણ અમારી પાસેથી છીનવી લેવાશે અને અમો કાગડા–કૂતરા–ગધેડા આદિની યોનીમાં જન્મ લઈ મહા દુઃખને પામીશું." હાય, હાય, ઘણીજ દીલગીરીની વાત છે કે જે પરમાત્માએ આ મનુષ્ય શરીરરૂપ અમૂલ્ય સિંહાસન પોતાની કૃપાથી જ્ઞાનને આપનાવાળા સભા મંડપને જોઇ પરમ આનંદ સ્વરૂપ મોક્ષની પ્રાપ્તિને માટે દીધું છે તે પરમાત્માને ધન્યવાદ પણ દેતા નથી તો એવા મનુષ્યોની ન જાણે કેવી દુર્દશા થશે તે કાંઇ કહી શકાતું નથી. વળી આપ સર્વ લોક જાણોજ છોકે આ નાના સરખા ગામડાથી રાજ–ગઢ તરફ જે માર્ગ જાય છે તે માર્ગમાં કોઇ શાહુકારે એવો સુંદર બગીચો બનાવ્યો છે કે તેમાં જેવા જેવા મુસાફરો જાય છે તેઓની તેવી તેવી અનુકૂળતા કરી દેવામાં આવે છે. મુસાફર લોકો તે બગીચામાં આનંદથી વિશ્રામ લઇને પોતપોતાના માર્ગે ચાલતા થાય છે પણ તેઓ બગીચાના બનાવવાવાળા માલીક–શેઠને

મળવાની તસ્દી લેતા નથી. પરંતુ અરે હાં ! કોઇ કોઇ બુદ્ધિવાન પુરૂષ તે બગીચાના બનાવવાવાળા શાહુકારને મળે છે અને તેની વ્યવસ્થા વગેરેની માહિતી મેળવે છે. એ પ્રકારે અવિદ્યારૂપી એક તુચ્છ સરખા ગામડાથી આનંદગઢ તરફ જે મનુષ્ય શરીરરૂપ માર્ગ જાય છે તે માર્ગમાં પરમાત્મારૂપ શાહુકારે (જેનું નામ શામળશાહ શેઠ છે તેણે) સંસારરૂપ એવો બગીચો બનાવ્યો છે કે જેમાં સર્વ પ્રકારના પુરૂષરૂપ મુસાફરોને વિધ વિધ પ્રકારનો આનંદ મળે છે. અર્થાત્ રાજાઓ તથા શેઠ શાહુકારોને માટે તેમના યોગ્ય હાથી ઘોડા મહેલ તથા ખાવા પીવાને માટે અનેક પ્રકારનાં પદાર્થો અને ગરીબોને માટે પણ તેમના યોગ્ય રહેવાને ઝુંપડા તથા ખાવાને માટે દાળ રોટલા વગેરે મળે છે. અને તે સર્વ મનુષ્ય—મુસાફરોના ઉદ્ધારને માટે ત્યાં મહાત્મા પુરૂષો પણ રહે છે અને તે સંત મહાત્માઓને માટે શ્રી ગંગાજી આદિ તીર્થસ્થાન વિચરવાને અને વેદશાસ્ત્ર વિચારવાને પણ ઉપસ્થિત છે. પરંતુ વાહ ! વાહ ! કેવી અજ્ઞાનતાનો પડદો તેમની બુદ્ધિપર ફરી વળ્યો

છે કે સંપૂર્ણ આનંદને આપવાવાળો એવો બગીચો જે શાહુકાર—પરમાત્મા—એ બનાવ્યો છે તેનું ધ્યાન પણ નથી કરતાં અને તે કોણ છે તે તરફ લક્ષ પણ નથી દેતા. તેની પ્રાપ્તિ કાંઇ અસંભવિત નથી. કારણકે સૂક્ષ્મદર્શી વિદ્વાનને તે અવશ્ય મળે છે તોપણ તે મૂર્ખાઓ તેને પ્રાપ્ત કરવાને યત્ન કરતા નથી અને મિથ્યા ભોગોમાંજ આશક્ત થઇ રહે છે.—જુઓ, વિચાર કરીને જુએ તો તુરત માલુમ પડે કે ભોગોમાં સુખ સર્વેને એક સરખુંજ થાય છે. અર્થાત્ જેવું સુખ કાગડા—કુતરાને પોતાની કાગડી—કુતરીની સાથે ભોગ કરવાથી થાય છે તેવુંજ સુખ ઇન્દ્રને પોતાની ઇન્દ્રાણી સાથે ભોગ કરવાથી થાય છે અને તેવુંજ સુખ પુ-રૂષને પોતાની સ્ત્રીની સાથે ભોગ કરવાથી થાય છે. જે સુખ કાગડા—કુતરાને વિષ્ટા ખાવાથી થાય છે તેજ સુખ ઇન્દ્રને અનેક પ્રકારના પદાર્થોથી થાય છે અને તેજ સુખ પુરૂષને અન્ન ખાવાથી થાય છે. તો ભલા કાગડા—કુતરા, ઇન્દ્ર અને પુરૂષોના ભોગોમાં ન્યૂના-ધિકતા શું રહી ? અર્થાત્ મનુષ્ય, પશુ અને દેવતા-ઓના ભોગોમાં સુખ સમાનજ છે. કેવળ એટલું તો

છે કે દેવતા અને મનુષ્યોમાં સત્યાસત્યનો વિચાર કરવાની બુદ્ધિ વિશેષ છે, જે પશુ પક્ષીઓમાં નથી અને જે પુરૂષમાં સત્યાસત્યનો વિચાર કરવાની બુદ્ધિ નથી અર્થાત્ નામરૂપ મિથ્યા બીજાના તરફથી દ્રષ્ટિને હઠાવીને જ્ઞાનનું વિનોદ સ્થાન જે ચૈતન્ય રંગ મંડપ છે તે તરફ જે પુરૂષો નથી જોતા તે પુરૂષ કાગડા–કુતરાથી પણ અધમ છે. હાય ! હાય ! ઘણુંજ અફસોસની વાત છે કે તે મનુષ્ય શરીરરૂપ અમૂલ્ય સિંહાસન આપ લોકોને એવું સરસ મળ્યું છે કે જેમાં આંખ, નાક, કાન આદિ ગોલખો એકએકથી અમૂલ્ય છે. કારણકે કદાચ કોઈ પુરૂષની એક આંખ અકસ્માતથી જતી રહે તો ફરી તે પુરૂષ તેને સાજી કરવાને માટે કરોડો રૂપીઆ ખર્ચ કરે પરંતુ આંખ કદી નવી આવતી નથી અને બીજુ આ શરીરમાં પ્રાણરૂપી દોરા એવા અમૂલ્ય છે કે શરીરના અંતકાળ સમયે તે પુરૂષ ઇચ્છા કરે કે હું પૃથ્વીનું સઘળું રાજ્ય આપી દઉં પરંતુ મારો એક શ્વાસ વધુ ચાલે તો તે કોઈ પ્રકારે બનતું નથી અને જોતજોતામાં તે મૃત્યુને પ્રાપ્ત થાય છે. એવા અમૂલ્ય રત્ન-

રૂપ શ્વાસને પુરૂષો મિથ્યા નામરૂપમાં આશક્ત થઇને ગુમાવી દેછે, જે વાત કાંઈ નાનીસુની તેમજ કલ્પિત નથી પણ તે મારા ઉપરજ વીતેલી છે જે હું આપની સન્મુખ રજુ કરૂં છું. તે આપ શ્રવણ કરો:—

"હે ભાઇઓ! આ સમય પહેલા હું ઘણોજ દુઃખી અવસ્થામાં હતો અર્થાત્ ખાવાને માટે સુકો રોટલો પણ ઘણીજ કઠીણતાથી મળતો હતો. ત્યારે મેં દુઃખી થઇને નદીના કીનારાપર એક બાજરાનું ખેતર કર્યું. જ્યારે તેમાં દાણા ભરાયા અને જંતુ ખાવા લાગ્યા ત્યારે હું તેની રક્ષા કરવા માટે ખેતરમાંજ ઝુંપડી બાંધીને રહેવા લાગ્યો. એક દિવસ જ્યારે હું હોલા, વૈ, તીડ આદિ જંતુને ઉરાડતો હતો તેવામાં દિશાએ જવાનો થયો જેથી નદીના કાંઠાપર ગયો ત્યાં દૈવયોગથી કાંઠાપર આવેલ એક ઝાડના મૂળમાંથી રત્નનો ભરેલો ચરૂ મારે હાથ આવ્યો પણ મેં મૂર્ખતાથી તે ચરૂને તો પાણી ભરવાને માટે રાખ્યો પણ રત્નોને પથ્થર જાણીને હોલા, વૈ, તીડ આદિને ઉરાડવામાં ઉપયોગ કર્યો અને ગોફણમાં નાંખી જંતુને ઉરાડતો હતો એવામાં મારી સ્ત્રી બ-

ચ્ચાને લઇ ખાવાનું આપવા આવી પહોંચી. તેણીએ પણ આ રત્નોને ઓળખ્યા નહિ. પણ દૈવ્યયોગથી એક પથ્થર (રત્ન) મારી સ્ત્રી સાથે આવેલ બચ્ચાના હાથમાં આવી ગયો અને તે સારો પથ્થર જાણીને તેની સાથે રમવા લાગ્યો. જ્યારે સઘળા પથ્થરો—રત્નો થઇ રહ્યા ત્યારે હું બચ્ચાના હાથમાં રહી ગયેલ પથ્થરને લેવા લાગ્યો પણ તેમ કરવાથી બાળક રોયું. મારી સ્ત્રી ત્યારે મને કહેવા લાગી કે અરે ! તમો કેવા નિર્દય છો કે આ બાળકના હાથમાં એક પથ્થર છે તે પણ રહેવા દેતાં નથી. બીજા તો પોતાના બાળકને માટે જાતજાતના સુંદર રમકડાંઓ લાવી આપે છે ત્યારે તમો આ હિણભાગી બચ્ચાના હાથમાં એક પથ્થર આવ્યો તે પણ જોઇ શકતા નથી. આ પ્રમાણે મારી સ્ત્રીએ કહ્યું ત્યારે હું ચુપ થઇ ગયો અને તે રત્ન મારા બચ્ચાના હાથમાં રહ્યું અને તેની સાથે મારે ઘેર ગયું. એક દિવસ ખાતી વખતે મીઠું બીલકુલ નહોતું જેથી મારી સ્ત્રી બચ્ચાની સાથે ગયેલ રત્ન તેને એક સુંદર પથ્થર જાણી તે લઇ બજારમાં એક દુકાનદાર પાસે જઇ કહેવા લાગી

કે " આ સુંદર પથ્થર છે તે રાખી મને થોડું મીઠું આપશો." દુકાનદારે તે રત્નને પથ્થર જાણી લીધો નહિ પણ એટલામાં અચાનક દૈવયોગથી એક ઝવેરી ત્યાં આવી પહોંચ્યો તેણે તે રત્નની પરીક્ષા કરી અને તે સ્ત્રીને :એક પૈસાનું મીઠું તે દુકાનદાર પાસેથી અપાવ્યું અને તે સ્ત્રીને કહ્યું કે આનું બીજું પણ જે કાંઇ મૂલ્ય થશે તે હું તારે ઘેર મોકલાવી દઇશ. આમ કહી ઝવેરી તે રત્નને લઇ પોતાના ઉસ્તાદ ઝવેરી પાસે ગયો અને તે રત્ન બતાવ્યું. ઉસ્તાદે પરીક્ષા કરી અને કહ્યું કે આ રત્ન ઘણું અમૂલ્ય છે તમને તે કયાંથી મળ્યું. ત્યારે ઝવેરીએ પોતાના ઉસ્તાદ આગળ સઘળો હેવાલ કહ્યો. ઉસ્તાદે કહ્યું કે જો તે સ્ત્રી પ્રસન્ન થાય તો તેને એક લાખ રૂપીઆ આપો. જ્યારે ઝવેરીએ તેજ પ્રમાણે કર્યું* ત્યારે મારી સ્ત્રીએ તે રૂપીઆમાંથી એક સુંદર સ્થાન બનાવ્યું અને નોકરો પણ રાખ્યાં હું તો " હું ભલો

---

* એક તો એ પુરૂષ છે કે જેણે એક ચીંથરે હાલ દીન સ્ત્રીને પોતાના વાકયાનુસાર એક લાખ

કે ખેતર ભલું" એમ રાત્રી દિવસ ત્યાંજ વ્યતિત કરતો હતો. એક સારા સદ્‌ગૃહસ્થને છાજે એવી જાતની સઘળી ગોઠવણો કરી રહ્યા બાદ મારી સ્ત્રી મારી પાસે આવી કહેવા લાગી કે હવે આ ખેતરમાં રહે ઘણા દિવસ થઇ ગયા છે માટે આપણે ઘરે ચાલો. જ્યારે હું તેણીની સાથે ગયો ત્યારે તે મને એક સારા નવીન મકાનમાં લઇ ગઈ. જ્યારે હું તે નવીન સ્થાનને જોઈ બહુજ ગભરાયો અને કહેવા લાગ્યો કે "અરે ! તું મને કયાં લઇ આવી" ત્યારે મારી સ્ત્રીએ કહ્યું કે ગભરાશો નહિ, આજ

રૂપીઆ જેવી મોટી રકમ ઘરે બેઠાં પહોંચતી કરી, અને એક એવો પણ પુરૂષ હોય છે કે જે પોતાને ત્યાં અનામત ખાતે મુકેલી રકમ ઘરાહાર હોઇઆં કરી જાય છે અને કોરટમાં જઇ ચાર આના માટે ઇશ્વરના સોગન ખાઈ ખોટી સાક્ષી પુરી આવે છે અને પોતાનો સ્વાર્થ સાધવાને માટે ડગલે ડગલે ખોટા સોગંદ ખાય છે તો આવી રીતે વચન આપેલા પૈસા ઉડાવી જવા તેમાં તો શી મોટી વાત ?

આપાણું સ્થાન છે. પશ્ચાત્ મને સારી રીતે સ્નાન કરાવ્યું તથા ઉત્તમ ઉત્તમ વસ્ત્રાલંકાર પહેરાવ્યા અને એક પવિત્ર સિંહાસનપર બેસાડી કહેવા લાગી કે "લ્યો આ માળા અને કરો તે આપણા વહાલાનું ભજન કે જેની કૃપાથી આપણને આ સર્વ સમૃદ્ધિ પ્રાપ્ત થઇ છે." જ્યારે મેં મારી સ્ત્રીને પૂછ્યું કે આ સર્વ ક્યાંથી આવ્યું ત્યારે તેણીએ કહ્યું કે "પેલા પથ્થર કે જે આપ બચ્ચાના હાથમાંથી છીનવી લેતા હતાં, તે પથ્થર નહોતો પણ એક અમૂલ્ય રત્ન હતું તેની કિંમતમાંથી આ સર્વ વૈભવ આપણને મળ્યો છે. એવું સાંભળીને પાછલા પથ્થરો જાણી હોલા, વૈને ઉરાડતા નદિમાં ફેંકી દીધેલા સર્વ રત્નોનું સ્મરણ થતાંજ મૂર્છા ખાઇ જનીનપર પડી ગયો. તે દરમ્યાન મારી સ્ત્રી હાંફલી-ફાંફલી થઇ ગઇ અને શું થયું શું થયું કરી ચારેકોર શુદ્ધિના ઉપચાર માટે ધમાલ મચાવી મુકી. જરા શુદ્ધિ આવી ત્યારે મેં રત્નોનો પાછલો સઘળો હેવાલ તેને કહી સંભળાવ્યો. ત્યારે મારી સ્ત્રી બોલી કે ગભરાઓ છો શું કરવા જે ગયા તે તો ગયા હવે કાંઇ પાછા આવે એમ છે.

હવે આ જે એક રહ્યો છે તેના આનંદને તો લુંટો પાછળનાની ચિંતામાં આના આનંદને શામાટે ગુમાવી દોછો. ફરી મારી સ્ત્રીએ કહ્યું કે એક બીજી પણ વાત સાંભળો તમને પરમાત્માની કૃપાથી મનુષ્ય શરીરરૂપ ચરૂમાં અમૂલ્ય રત્નરૂપ શ્વાસો મળ્યા છે, અત્યાર સુધી તો તમે તે શ્વાસરૂપ અમૂલ્ય રત્નોને ભોગરૂપ હોલા, વૈ ને ઉરાડતાં દુઃખરૂપ નદીમાં ફેંકી દીધાં તો હવે પણ જેટલા અમૂલ્ય રત્નરૂપ શ્વાસ બાકી રહ્યા છે તેના આનંદને તો ભોગવો, અર્થાત્ ભોગોથી વિરકત થઇને પોતાના સ્વરૂપને તો જુઓ. આટલું સાંભળી હું જે અજ્ઞાનરૂપ ઘોર નિદ્રામાં સુતો હતો તે એકદમ જાગ્રત થઇ ગયો અને તે સ્ત્રીને મારો ગુરૂ માની મનમાંને મનમાં તેનું પૂજન કર્યું. હે ભાઇઓ! તેજ અમૂલ્ય રત્નરૂપ શ્વાસની કમાઈ આ મારો જ્ઞાન વિનોદ છે તેને આપ સર્વ શ્રવણ કરી કૃતાર્થ થાઓ. હું હવે સર્વ વાસનાથી રહિત હોવા છતાં કેવળ ઉપદેશરૂપ લીલાને માટેજ આ મહા કલ્યાણકારી જ્ઞાનના વિનોદની રચના કરી આપની સન્મુખ ઉપદેશ કરી રહ્યો છું.

લહેર ૩ જી.

નટ-નટી સંવાદ.

અરે હાય ! હાય ! આ શું થઈ ગયું ? શું મારો મનરૂપ નટ ત્યારે મરીજ ગયો ? હાય ! હું લુંટાઈ ગઈ. અરે ! મારા રાગ અને દ્વેષરૂપ જે ભાઈઓ હતા તેને રહેવાનું હવે સ્થાન સરખુંએ ન રહ્યું અને કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર એ જે મારા ભત્રીજા હતા, હાય ! તેઓ પણ હવે મને મોહું દેખાડતાં નથી કારણકે ઘર તો નષ્ટજ થઈ ગયું. હવે તેઓ ક્યાં આવીને બેસશે. વળી આશા, તૃષ્ણા, નિંદા, શંકા, કલ્પનાદિ જે મારી સાહેલીઓ હતી કે જેની સાથે મળીને હું સર્વ સંસારી પુરૂષોને મર્કટ-વાંદરાની માફક નચાવી મહા દુઃખી કરતી હતી અને હું પોતે દૂર રહી ખેલ દેખતી હતી. અરે, હાય ! તે સર્વ એક મનરૂપ નટના મરી જવાથી મારૂં પડી ભાંગ્યું અને હું એક

ફુટી બદામની કિંમતની પણ ન રહી (વળી માથું કુટીને કહેવા લાગી) અરે, હાય ! હાય ! ઘણાંજ કષ્ટની વાત છે કે એક સમય એવો પણ હતો કે હું તે મનરૂપ નટની સાથે મળી અજ્ઞાની પુરૂષોને મહા દુઃખરૂપ કુવામાં નાંખીને તમાશા દેખતી હતી અને અત્યારનો સમય એવો આવ્યો છે કે આ મન-રૂપ નટના મૃત્યુથી હું પણ મૃતપ્રાય થઇ ગઈ. હાય! હાય ! શું કરૂં ! કયાં જાઉં ! કોને કહું ! કોણ સાંભળે ! (આ પ્રમાણે કહી માથું ધુણાવતી અને માથાના કેશ ખેંચતી અને રોતી કળકળતી વાશનારૂપી નટી સ-ભાની સન્મુખ આવી ચેષ્ટા કરે છે જે જોઇ સર્વ સભા ખડખડ હસવા લાગી. એટલામાં મનરૂપ નટ, વાસનારૂપી નટી, પોતાના વિના શું કરી શકે છે તે તમાસો જોવા માટે એક બાજુએ ઉભો રહી ચેષ્ટા જોતો હતો તે હવે છતો થયો અને સભાજનોને બોધ આપવા માટે તેની સાથે સંવાદ કરવા લાગ્યો).

મ૦ નટ—(આશ્ચર્યથી) અરે ! કેમ, કેમ ! કેમ ! આતે તું શું કરી રહી છું. આમ માથુ કુટી કુટીને કેમ રૂએ છે. જરા કહે તો ખરી.

વા૦ નટી—(પ્રસન્ન થઇને) અરે, લ્યો ! તમે તો જીવતા નીકળ્યા ! મેં તો વિચારરૂપ નુગરા બ્રાહ્મણનું વચન માની નિશ્ચય કરી દીધો હતો કે તમો મરી ગયા. તમારા મૃતક–મરી ગયાના–સમાચાર સાંભળીને હું ઘણીજ દુઃખી થઇ ગઇ હતી, અને આશ્ચર્ય પામી ગઈ હતી કે આતે શું થઇ ગયું.

મ૦ નટ—હે પ્યારી ! તું નથી જાણતી કે એ વિચારરૂપ બ્રાહ્મણ મારો કટ્ટો શત્રુ છે, જ્યાં એ રહે છે ત્યા હું નથી રહેતો. તેં એ દુષ્ટનું કહેવું કેવી રીતે સાચુ માની લીધું. તારી બુદ્ધિને સત્ય અસત્યનો વિચાર કરવાને જરા પણ તસ્તી ન આપી. ભલા મને કોણ મારી શકે એમ છે. જે દિવસ હું મરી જઇશ તે દિવસ સંસાર પણ ન રહેશે; કારણકે જ્યાં સંસાર છે ત્યાં હું છુંજ અને જ્યાં હું છું ત્યાંજ સંસાર છે એ સર્વ સંસારજ મારો વિલાસ છે. તો તેં સંસારના હોવા છતાં મારૂં મરવું કેવી રીતે નિશ્ચય કરી લીધું અને વળી બીજું જ્યાં તુંજ મારી પ્રાણ પ્યારી જીવતી બેઠી છે તો હું કેવી રીતે મરી શકું; કારણકે જેમ સ્નાફરના દૂર થવાથી ગળપણ કાંઇ બાકી રહેતું

નથી અને અગ્નિના દૂર થવાથી ઉષ્ણતા બાકી રહેતી નથી એ પ્રકારે મારા મરી જવાથી તું પણ ક્યાં રહી શકે એમ છે. શમ—દમાદિક સાધનો પણ તો મને મારવાને સમર્થ નથી કારણકે શમ—દમાદિ સાધનો અને બીજા જે કાંઇ દ્રશ્ય પ્રપંચો છે તે સર્વ મારાજ સંકલ્પરૂપ કાર્યો છે. એટલા માટે તે સંકલ્પરૂપ મારા કાર્યો મને મારવાને કેવી રીતે સમર્થ થઇ શકે—કદાપિ થઇ શકે નહિ. ત્યારેજ તો હું કહું છું કે તું ઘ—ણી—જ ભોળી ભટાક છું કે તેં મારા હોવા છતાં મરણનો નિશ્ચય કરી દીધો. જ્યાં તું નથી ત્યાં હું નથી અને જ્યાં તું છે ત્યાં હું છુંજ (એમ કહી મન—નટ બહુ હસે છે).

વા૦ નટી—હે સ્વામીનાથ ! આપ મોટી ભૂલ કરો છો. એવું ન કહો કે મારૂં કાર્ય મારો કેવી રીતે નાશ કરી શકે. જુઓ. ખચ્ચરીનું ગર્ભરૂપ કાર્ય છે જે તેનો નાશ કરે છે અર્થાત્ ઘોડી અને ગધેડાના સંબંધ—સંભોગથી ખચ્ચરની ઉત્પત્તિ થાય છે. પરંતુ ખચ્ચરી ગર્ભને ધારણ કરીને ખચ્ચર ઉત્પન્ન કરી શકતી નથી અને જો કદાચિત્ દૈવયોગથી ખચ્ચરી

ગર્ભને ધારણ પણ કરે તો તેનીન્યોનિ દ્વારા ખચ્ચર
—બચ્ચુ બહાર નીકળી શકતું નથી પણ ખચ્ચરીનું
પેટ ચીરીને તે બચ્ચાને બહાર કાઢવામાં આવે છે
અને તુરત ખચ્ચરીનું મૃત્યુ થઇ જાય છે. વળી બીજું
વિંછણનું ગર્ભરૂપ કાર્ય પણ તેનો નાશ કરે છે એટલે
વિંછણ ગર્ભને ધારણ કરે છે અને જ્યારે બચ્ચા
ગર્ભમાં મોટા થાય છે ત્યારે તેઓ અંદરના ભા-
ગને ખાવા લાગે છે. તેઓ યોનીદ્વારા બહાર ની-
કળતા નથી પણ વિંછણને અંદરથી ખાતાં ખાતાં
બહાર નીકળે છે જેથી તે વિંછણનું મૃત્યુ થઈ જાય
છે. એ પ્રમાણે જેમ ખચ્ચરી, વિંછણ ઉભય પો-
તાના ગર્ભરૂપ કાર્યથી મૃત્યુને પ્રાપ્ત થાય છે તેમ
આપ પણ આપના સત્વ ગુણ વડે આપમાંથી જ્ઞા-
નાગ્નિ પ્રગટ કરીને નાશ પામી જાઓ છો. એવું ન
કહો કે મને કોણ મારી શકે એમ છે. કારણકે જે
ઉત્પન્ન થયું છે તે સર્વ નાશવાન છે તો આપ એવો
અહંકાર શામાટે કરો છો કે મને કોણ મારી શકે
એમ છે અને જો આપ જલદી ન આવ્યા હોત તો
થોડીજ વારમાં હું પણ મરી ગઇ હોત. પછી આપ

મને ન મળત અને હું આપને ન મળત માટે ધન્ય-વાદ આપો તે આપણા વહાલા પરમાત્માને કે જેણે આપણા ઉપર અનુગ્રહ કરીને આપણો વેળાસર સં-યોગ કરાવી દીધો.

મ૰ નટ—અરે વાહરે મૂઢ, મંદ ભાગિની ! તું સર્વ સંસારી પુરૂષોને તો થન થન નચાવી રહી છું પરંતુ હવે મને પણ બાકી રહેવા દેતી નથી કે ! જેમ બુદ્ધિમતી રાણીએ રાજા જ્ઞાનશેખરને મૃતપ્રાય—મરણ-તોલ કરી દીધો તેવી રીતે તું મને પણ મારવા તૈયાર થઇ છું કારણકે સ્ત્રીઓથી એવું કામ સદૈવ થયાંજ કરે છે એમાં કાંઇ વિલક્ષણતા નથી. એતો સ્ત્રીઓને કુદરતીજ બક્ષીસ મળેલી છે.

વા૰ નટી—(બે હાથ જોડીને) હે સ્વામીનાથ ! મારો કાંઈ પણ અપરાધ થયો હોય તો તે ક્ષમા કરો અને આપે જે રાજા જ્ઞાનશેખર અને બુદ્ધિમતી રાણી વિષે કહ્યું તો તેમનું ચરીત્ર જાણવાની મને ઘણીજ ઉત્કંઠા છે માટે આપ કૃપા કરી આપની ચર્ણરજ દાસીને તે જણાવવાની મહેરબાની કરો.

મ૰ નટ—હે વહાલી ! મારા મુમુક્ષુ સભાજનોના

ઉદ્ધારને માટે તે ચરીત્ર હું જણાવનાર છું અને તે-થીજ તેમના નામોનું ઉચ્ચારણ તારી આગળ કર્યું હતું. તે ચરીત્ર તને તેમજ મારા પ્રિય શ્રોતાજનોને ઘણુંજ લાભદાયક થઈ પડશે. તારૂં તેમજ તેઓનું શ્રેય કરવું એ મારૂં પોતાનુંજ છે અને પોતે પોતાને માટે જે કાંઇ કરે છે તે કાંઇ ઉપકાર તેમજ પરો-પકાર કહેવાય નહિ. પોતે પોતાનું શ્રેય કોણ એવો મૂર્ખ હોય જે ન કરે. પોતાનું શ્રેય-કલ્યાણ સર્વ કોઇ કરેજ છે અને તેમ હું પણ કરૂં છું એમાં વિશેષતા શું ?

લહેર ૪ થી

સ્થાન–રાજા જ્ઞાનશેખરનો રાજમહેલ.

પ્રાતઃકાળનો સમય થયો છે. સૂર્યનારાયણ પોતાના પ્રકાશમય કીરણોથી

નિશાદેવીની અંધકારમય જાળને વીખેરી નાંખી સર્વને પ્રકાશ આપી રહ્યા છે. સુગંધયુક્ત શીતળ પવન મંદમંદ વાય છે. બગીચામાં વૃક્ષો ચોતરફ શોભી રહ્યા છે અને મધ્યમાં પુષ્પ વૃક્ષોથી ગોઠવેલી પંક્તીમાં સુગંધયુક્ત પુષ્પો બ્હેકી રહ્યા છે તથા બગીચાની જમીન ઉપર ઉગી નીકળેલા તૃણુ-અંકુરો જાણે લીલો ગલીચો બીછાવી રાખ્યો હોઇની એમ શોભાને આપી રહ્યા છે. ચારે તરફ ફુવારાઓ ફરરર ફરરર ફુટી રહ્યા છે, તેના જળબિંદુઓ પાસે રહેલ વૃક્ષોના પાન ઉપર પડવાથી મોતીની માફક શોભાયમાન લાગે છે. આ પ્રમાણે રાજમહેલ આગળ પ્રભાતનો દેખાવ થઇ રહ્યો છે.

એ સમયને વિષે રાજા જ્ઞાનશેખર પોતાના નિત્યકર્મથી ફરાગત થઈ—રાજધર્મ બજાવવા માટે પોતાનો અખંડરૂપ ઘોડો જે વરદિ મુજબ બહાર હાજરજ ઉભો હતો તે ઉપર આરૂઢ થવા માટે વસ્ત્રાલંકાર સજી બહાર જવાની તૈયારી કરે છે એવામાં રાજમહેલમાંથી વિચાર આદિ ભૂષણોથી સુશોભિત રાણી બુદ્ધિમતી સામે આવીને ઉભી રહી

રાણી—(હાથ જોડીને) હે શ્રીમહારાજ! આ સમયને વિષે આપે કયાં તૈયારી કરી?

રાજા—(પ્રસન્ન થઇને) હે પ્યારી! મારા પરમ પ્યારા જે ભગવત્ ભક્ત વનમાં તપ કરી રહ્યા છે તેમને દુઃખ દેવાવાળા જે દુષ્ટ દંભ, કપટાદિ રાક્ષસો છે તેમને 'મારવાને માટે જાઉં છું. તું વળી વચમાં શું કહેવા આવી છું. તું પણ કહે.

રાણી—(દીન થઇને) હે શ્રી મહારાજ! આપ આજ ન પધારો તો સારૂં, કારણકે આ સમય આપના વિયોગથી મને ઘણોજ ક્લેશ થશે.

રાજા—(તીરસ્કાર પૂર્વક) છટ્, તું તો સ્ત્રી છે. સ્ત્રીઓની બુદ્ધિ કેટલી. કહ્યુ છે કે:—" સ્ત્રીની બુદ્ધિ પાનીએ " એ સત્ય છે. આવા સમયે આવી નીચ સરખી વાતો કરવા બેઠી છું. ભલા તારા કહેવાથી શું હું મારા પરમ ધર્મને છોડી દઉં? એ કદિ બનશેજ નહિ.

રાણી—હે સ્વામીનાથ! હું પણ તો આપની દાસી છું. મારૂં કહેવું જરા તો માનો. એક દિવસ

આપ મારાજ કહેવાથી શિકાર ખેલવા માટે ન ગયા તો શું નુકશાન થઈ ગયું હતું? અને આજ મારી એવીજ ઇચ્છા છે કે આપ ન પધારો તો સારૂં.

રાજા—હે રાણી! દાસનું કહેવું માનવાવાળા સ્વામી નષ્ટ થઈ જાય છે, કારણકે સ્વામીના કરતા દાસની બુદ્ધિ ટુંકી હોય છે. એટલા માટે દાસ અનર્થમાંજ પ્રવૃત્ત કરે છે અને જો કોઈ દાસ અનર્થથી હઠાવીને પોતાના સ્વામીને ધરમાર્થમાં પ્રવૃત્ત કરે તો તે દાસનું પણ કહેવું સ્વિકારવા યોગ્ય છે. પણ દાસ ટુંકી બુદ્ધિવાળા હોવાથી સદૈવ અનર્થમાંજ પ્રવૃત્ત કરે છે કે જેમ તું. જોતો ખરી આ જીવરૂપ સ્વામી મનરૂપ દાસના કહેવા પ્રમાણે ચાલવાથી મહા દુઃખ પામે છે. તો હું હવે તારૂં કહેવું કેવી રીતે માનું; અને વળી બીજું જે કોઇ પુરૂષ સ્ત્રીના કહેવા પ્રમાણે ચાલે છે તો તે પુરૂષ કહેવાતા નથી પણ રાંડ—બાયડી—ના ગુલામ કહેવાય છે. આ સાંભળી રાણી ઉદાસ થઇને ભીંત ઉપર આળેખેલી—ચિત્રેલી—પુતળીની માફક સ્તબ્ધ થઇ ગઇ. રાજા રાણીને તરછોડી પોતાના અખંડરૂપ ઘોડા ઉપર આરૂઢ

થવા જાય છે એવામાં ઉત્તર દિશા તરફથી મારતે ઘોડે એક સ્વાર આવી રાજા પ્રતિ વિનયથી કહેવા લાગ્યો "હે શ્રી મહારાજ ! આપના નગર બહાર આવેલ પતિત–પાવની નદીના તટ ઉપર આપના રક્ષિત રાજાની રાણી વિરમતી સતી થાય છે જે દેખાવ ઘણોજ ભયંકર છે અને વળી બોધદાયક પણ છે તો આપશ્રી દૂર રહી તે દેખાવનું અવલોકન કરો તો સારૂં એમ ધારી આ સેવક આપશ્રીને નિવેદન કરવા માટે આવેલ છે.

રાજા એ સાંભળી પુનઃ એકદમ મહેલમાં જઈ રાણી બુદ્ધિમતી જે અત્યાર સુધી એક કોરે ચિત્રેલ પુતળીની માફક સ્તબ્ધ થઇને ઉભી હતી તેને સ્વસ્થ કરી રાજા કહેવા લાગ્યો "હે પ્યારી ! લે ત્યારે તું મારી સાથે થોડે સુધી આવીશ ?"

રાણી—(રોફથી) જાઓને શિકાર ખેલવાને, પાછા શું કામ આવ્યા. હું નહોતી કહેતી કે આપ આજ કોઈ પણ રીતે ન પધારી શકો. પુરૂષોનો પણ એ સ્વભાવ છે કે "હાર્યા વળે પણ વાર્યા ન વળે."

રાજા—હશે, જે થયું તે ખરૂં. પણ આજ પતિત પાવનીના તટ ઉપર એક અદ્ભૂત વિલાસ થઇ રહ્યો છે માટે તું પણ એક ઘોડા ઉપર પુરૂષનો પોસાક પહેરી સજ્જ થઈ જા તે દેખાવથી તને આનંદ થશે.

રાજા તથા રાણી ઉભય અશ્વારૂઢ થઇ પતિત પાવનીનાં તટ તરફ ચાલ્યા અને તે સ્થાનથી થોડે દૂર એક વૃક્ષની છાંયા નીચે બેસી તટ ઉપર થઇ રહેલો દેખાવ જોવા લાગ્યા.

પોતાના રક્ષિત રાજા વિલાસકેતુની એક ચિતા ખડકી છે તે ઉપર મહા પ્રકાશવાન એવી તેની રાણી વિરમતી સતી થવાને બેઠી છે અને તે ચિતાની ચારે તરફ ઠઠ્ઠબંધ બ્રાહ્મણો અને મંત્રીઓ તથા કેટલાંક સજ્જન પુરૂષો બેઠા છે. તે પુરૂષોમાથી એક મંત્રી હાથ જોડીને ચિતામાં બેઠેલી રાણીને કહેવા લાગ્યો.

મંત્રી—(દીનતાપૂર્વક) હે શ્રી મહારાણી ! અમારા મુરબ્બી નામદાર મહારાજજીનું તો શરીર છુટી

ગયું. હવે આપ કૃપા કરીને આ રાજ્યની રક્ષા કરો. જે પ્રમાણે આપની આજ્ઞા થશે તેને અનુસાર અમો સર્વ ખુશીની સાથે કામ કરીશું. આ સર્વ ભોગ-વૈભવ આપને સ્વભાવિકજ મળ્યો છે તો તે સર્વને ભોગવો. એટલી કૃપા અમારા ઉપર કરો.

રાણી—(ચિતામાંજ બેઠી બેઠી) હે મંત્રી! સ્વામીના મરણ બાદ જે સ્ત્રી જીવે છે તેના જીવતરને ધિક્કાર છે અને તમો કહો છો કે ભોગ-વૈભવને ભોગવો તો આ સર્વ ભોગો દુઃખરૂપ અને મૃગતૃષ્ણા-ઝાંઝવા-ના જળની માફક મિથ્યા છે. જેમ કોઇ પુરૂષ મૃગતૃષ્ણાના જળથી પોતાની તરસને દૂર કરવા ઇચ્છે તે પુરૂષ ખરેખર મહા મૂર્ખ છે. એ પ્રકારે મૃગતૃષ્ણાના જળવત્ આ ભોગોમાંથી હું પોતે સુખ લેવા ઇચ્છા કરૂં તો તે મારી અત્યંત મૂર્ખતા છે. જે કાંઇ છે તે પણ નથી જેવું તો પછી કોને ભોગવું. હે મંત્રી! ભલા વિચાર તો કરો કે આ અનાત્મા પદાર્થો કોની સાથે સંબંધ રાખે છે? કોઈ પણ સાથે રાખતા નથી; કારણ કે જો તમો કહો કે તેઓનો સ્થૂળ શરીર સાથે સંબંધ છે તો મેં અને

તમોએ આ શ્રી મહારાજજીનું સ્થૂળ શરીર એવી તો ભયાનક ભૂમિમાં લાવીને રાખ્યું છે કે જ્યાં આવવું એ અંતનો સમય સૂચવે છે. અને તેને બાળી ખાખ કરી તમો સર્વ લોક પોતપોતાના ઘરે ચાલ્યા જશો. તો હવે કહો, સ્થૂળ શરીર અને રાજ્ય પૂત્રાદિ અનાત્મા પદાર્થો એઓનો પરસ્પરમાં શું સંબંધ છે? કંઈ પણ નહિ. અને કદાચ તમો એમ કહો કે એનો (સ્થૂળ શરીરનો) જીવાત્માની સાથે સંબંધ છે? તો તમો સર્વ લોક આ મૃતક સ્થૂળ શરીરને ખોળી ખોળીને બાળશો અને પાછળ પડેલી રાખોડીને પણ સાફ વાળી ચોળીને તેનું પાણી કરીને ફેંકી દેશો. અને પછી કહેશો કે બસ, હવે સર્વ થઇ રહ્યું. જે થવાનું હતું તે થઇ ચુકયું. હવે અમારે તમારે કાંઇ નહિ. અને બીજું, જો કદાપિ તમારા ઘરમાં સ્વભાવિક કોઇનું માથું દુખ્યું અગર કોઇને જ્વર–તાવ–આવ્યો તો અનેક પ્રકારના ધુપ ધુંવાડા કરશો તથા ડોશી–લોક-શાસ્ત્રમાં કહેલ ટુચકાઓ કરશો અને કહેશો કે—" હે નીચ દુષ્ટ ! મુવો છતાં પણ પ્રેત થઇને અમારી પુંઠે લાગ્યો છે. હવે તો કેડો છોડ.

જીવતાં તો હેરાન કર્યાં અને મુવો તોએ એવોને એ-વો રહ્યો. ” તમો જીવાત્માની તો આવી દુર્દશા કરો છો તો હવે કહો એ જીવાત્મા અને આ રાજ્ય પુ-ત્રાદિ અનાત્મા પદાર્થોનો શો સંબંધ છે? અર્થાત્ જેટલા કાંઇ પણ પદાર્થો છે તે સર્વ સ્થૂળ શરીર સુધીનાંજ છે જીવાત્માનો કોઈ પણ સાથી નથી. જીવાત્માનો સાથી જો કોઇ હોય તો તે કેવળ બેજ વસ્તુ છે. એક તો ઇશ્વરનું નામ લેવું અને બીજું ઈશ્વરના નામપર દેવું. પોતાના પુત્ર કમાલને ઉપદેશ આપતાં કબીરે પણ કહ્યું છે કેઃ—

“ કબીર કહે કમાલકો, દો બાતા શીખ લે;
કર સાહેબકી બંદગી, ઓર ભુખેકુ કછુ દે. ”

એ બે વસ્તુજ જીવાત્માની સાથે જાય છે. બા-કીનું સર્વ જ્યાંનું ત્યાં પડયું રહે છે અને જોતજો-તામાં ડાચુ ફાટી જાય છે. ભલા વિચાર તો કરો કે જે પુત્રને માટે મેં અને શ્રી મહારાજે અનેક યત્નો કર્યાં હતા, તેને આ સ્થૂળ શરીરની સાથે આ સ્થાન સુધી આવવાની પણ આજ્ઞા નથી. તે રાજમહેલમાં પડયો પડયો રૂએ છે. તો હવે, હે મંત્રી ! એ અ-

નાત્મા પદાર્થો કોને સુખ આપનારા છે ? અર્થાત્ કોઈને પણ નહિ. એનાથી જો કોઇ સુખ લેવાની ઇચ્છા કરે તો તે સુખ જેમ કોઈ પુરૂષ મરદની છાતી–સ્તન–માંથી દુધ પીવાની ઇચ્છા કરે તેના જેવું છે. ભોગ ભોગવવા જેવી કોઈ વસ્તુજ નથી. ભોગવું તો કોને ભોગવું. વળી તમો કહો છો તેમ રાજ્ય ભોગવવાની મને બીલકુલ ઇચ્છા થતી નથી. કારણકે આજ કાલ પ્રજામાં ઘણોજ ભારે અનર્થ ચાલી રહ્યો છે. અર્થાત્ જે પુરૂષ નિર્ધન છે તેતો પેટ ભરવાના ધંધામાં લાગી રહ્યા છે. તેઓને તો ઈશ્વરનું નામ લેવાનો સમયજ મળતો નથી અને જો કદાપિ થોડો ઘણો સમય બચ્યો તો તે કુસંગના પ્રભાવથી પ્રમાદ–આળસ અને નકામા ગપ્પા–સપ્પા ઝુડવામાં ગુમાવી દેછે. અને જે ધનવાન પુરૂષ છે કે જેને અન્ન વસ્ત્ર વિના યત્ને પ્રાપ્ત થાય છે અને છત્તર–પલંગ સુવાને મળે છે તેવા પુરૂષો પણ ઈશ્વરનું નામ લઈ શકતા નથી. તેઓ તો નિર્ધનથી પણ બેદ છે. ઇશ્વરનું નામ લેવું તો બાજુએ રહ્યું પણ ઉલટા એવા અધર્મના કામો કરે છે કે જેવું કરતાં નીચ–ચાંડાળ

પણ ડરે. તેઓ બીચારા ગરીબના ગળા રહેંસી નાંખે છે, કોઇને પાંચ રૂપીઆ આપ્યા હોય તો તેના વ્યાજનું વ્યાજ અને તેનું વ્યાજ ગણી પાંચના પચ્ચીસ કરે છે અને લાગ ફાવે તો પાંચના ઉપર બે માંડા પણ ચઢાવી દેતાં ચુકતા નથી. તે રૂપીઆ વસુલ કરવામાં તે બીચારાના ઘરમાં ન હોય તો તેના વાસણ-કુસણ વેચાવી નાંખી પૈસા પુરેપુરા લે છે. અને જો ન આપે તો તેની પત્તર ઝધડી નાંખે છે. હિસાબના ચોપડામાં પણ અનેક તરેહના કાળા-ધોળા કરે છે. બબ્બે તરેહના તો ચોપડા રાખે છે. શેઠ લોકોને ઠગવાની યુક્તિઓ કરે છે ત્યારે વાણોતર શેઠને ઠગવાની યુક્તિઓ રચે છે. ઠેકાણે ઠેકાણે ઠગબાજીનો ધંધો ચાલી રહ્યો છે. કોરટમાં અનેક તરેહના કેશો અમારી પાસે આવે છે. જો સરત ન રાખીએ તો બીનઅપરાધી પણ માર્યો જાય છે. અમલદાર વર્ગમાંથી કોઇને ઉડાવવો હોય તો તેને માટે નોંખી નોંખી પાર્ટીઓ બંધાઇ જઈ એવો પેંતરો રચાય છે કે તેના કાવા-દાવાથી ન્યાયની મૂર્તી હોય તેની પણ બુદ્ધિ તેમાં કુંઠીત થઇ જઇ ખરાનું ખોટું

અને ખોટાનું ખરૂં કરી નાંખે છે. વળી ખોટી સાક્ષી પુરનારાઓ ત્રણ ચાર આનાને માટે ઇશ્વરને પણ વેચે છે. કૉરટમાં આવી કહેશે કે "ઇશ્વરને હાજરા-હજુર જાણી જે કહીશ તે સત્ય કહીશ." આમ કહી તેઓ હડહડતી ખોટી સાક્ષી પુરે છે. (બે હાથ મસળીને કહે છે) અરે હાય, હાય! શું કહું. કહેતા પણ મારી જીભ ઉપડતી નથી. આજ કાલ કન્યાવિક્રયનો પણ એવો ત્રાસદાયક રીવાજ ચાલીરહ્યો છે કે જે કસાઈ જેવો નીચ માણસ પણ ન કરે. કસાઇ પોતાનું પાળેલું જાનવર મારતો નથી તેમજ વેચતો પણ નથી પરંતુ હાલના જમાનામાં માણસો પોતાની કન્યાને તેની ભારોભાર પૈસા લઇને વેચે છે. તે પણ જો કોઇ સારા સ્થળે વેચતા હોય તો તો ઠીક પણ વધુ પૈસાને ખાતર એવા કુપાત્રને ત્યાં ઝીકે છે કે જ્યાં તે બીચારી અસહ્ય દુઃખથી રીબાઈ રીબાઇને મરે છે. આહાહા! આવા આવા અધર્મો ચારેકોર એટલા બધા વધી ગયા છે કે તેઓ ગણ્યા ગણાય એમ નથી. આ દેખીતા અનર્થો મારાથી કેવી રીતે જોઇ રહેવાય. એટલા માટે

બહેતર છે કે મારે આ સ્થૂળ શરીરનો ત્યાગ કરવો કે જેથી દેખવુંએ નહિ અને દાઝવુંએ નહિ. કરશે તે ભરશે અને વાવશે તેવું લણશે. કર્યા કર્મો સર્વને ભોગવ્યા વિના છુટકો નથી. વહેલા મોડા તેઓને ભોગવવાજ પડશે. આજ કાલ જ્યાં ત્યાં થતા અનર્થો આપ સર્વ લોકથી અજાણ્યા નથી તો હવે મારે વિશેષ કહેવાથી શું? હે મંત્રી! બસ, હવે તમે ચિતામાં જલદી અગ્નિ પ્રવેશ કરો અને રાજકુમાર જ્યાંસુધી રાજ્યને યોગ્ય ન થાય ત્યાં સુધી તમો તેને તમારી આજ્ઞામાં રાખો અને જ્યારે રાજ્યને યોગ્ય થાય ત્યારે તેને તમારો સ્વામી જાણીને તેના યોગ્ય વર્તણુંક રાખજો, તેનું માન બરોબર જાળવજો અને તે રાજી રહે એમ કરજો.

આ પ્રમાણે રાણીના હૃદયભેદક વચનો સાંભળી તથા તેનો દ્રઢ નિશ્ચય દેખી તે મંત્રી ગદ્‌ગદ્‌ કંઠ થઇ જઇને રાણીના ચરણમાં જઇને પડયો.

મંત્રી—(ગદ્‌ગદ્‌ થઇને) હે શ્રી મહારાણી! આજ તો આપે અમો સર્વને કૃતાર્થ કરી દીધા. આપ જેવા ધર્માત્મા પુરૂષોના દર્શન થવા અત્યંત દુર્લભ

છે. (એવું સાંભળી રાણી મંત્રીની પીઠપર હાથ ધરે છે.)

રાણી—(આનંદ પામીને) હે મંત્રી ! હું તમને જોઈ ઘણીજ પ્રસન્ન થઈ છું.

મંત્રી—(હાથ જોડીને) હે શ્રી મહારાણી ! હું આપની એ પ્રસન્નતાને લાયક નથી પરંતુ એ કેવળ આપની કૃપાદ્રષ્ટિનુંજ પરિણામ છે. (સર્વ ત્યાં બેઠેલા પુરૂષો તરફ હાથ કરીને) હે શ્રી મહારાણી ! આ સર્વ પુરૂષોની ઇચ્છા છે કે અમોને પણ કાંઈ બે બોલ ઉપદેશના સંભળાવો તો સારૂં. તેઓ સર્વે આપના વચનામૃતનું પાન કરવા ઘણીજ ઉત્કંઠા ધરાવે છે.

લહેર ૫ મી.

રાણી વિરમતીનાં બોધવચનો.

પોતાના મંત્રીએ ત્યાં બેઠેલા સર્વ પુરૂષોની બોધવચનો શ્રવણ કરવાની ઉત્કટ ઇચ્છા જણાવવાથી રાણી પ્રસન્ન થઇ તે મંત્રી પ્રત્યે કહેવા લાગી કે " હે મંત્રી ! એ સર્વને કહી દો કે તેમની જે ઇચ્છા હોય તે ખુશીથી પુછે હું તેઓને સર્વ કહીશ. " એવું સાંભળી તેમાંથી એક પંડીત પ્રણામ કરતો થકો ઉઠી ઉભો થયો.

પંડીત—(હાથ જોડીને) હે શ્રી મહારાણી ! આપનું આવું ઉત્તમ જ્ઞાન અને દૃઢ નિશ્ચય જોઇને આપની પ્રસંશા કરવા જે ઉદ્દ્ગારો મારા અંતરમાં ઉદ્દ્ભવે છે તે કહેવાને મારી વાણી સમર્થ નથી. પરંતુ મારો એ એક પ્રશ્ન છે કે અમોએ ઘણાંએક શાસ્ત્રનું અધ્યયન કર્યું પરંતુ તે પદને અમો નથી પ્રાપ્ત થયા કે જેને આપ વિના પરિશ્રમે શાસ્ત્રના

અભ્યાસ સિવાય પ્રાપ્ત થયા છો. (એવું સાંભળીને રાણી હસે છે).

રાણી—હે પંડીતજી ! આપ ખરેખરૂં કહો કે આપ શાસ્ત્રો શું ઇચ્છા રાખીને ભણ્યા હતા ?

પંડીત—હે શ્રી મહારાણી ! બાલ્યાવસ્થામાં અભ્યાસ કરવો શરૂ કર્યો હતો, એટલે ઇચ્છા તો એજ હોયની કે શાસ્ત્રો ભણીશું તો ધનની પ્રાપ્તિ થશે અને રાજ્યમાં માન-પ્રતિષ્ટા મળશે.

રાણી—(હસીને) હે બ્રાહ્મણ ! ત્યારે તે સર્વ વસ્તુ તમોને પ્રાપ્ત થઈ કે નહિ ?

પંડીત—હાજી, તે સર્વ મને પ્રાપ્ત થઈ છે.

રાણી—હે વિપ્ર ! શાસ્ત્ર તો કલ્પવૃક્ષ છે. જેવી જેવી ઇચ્છા રાખી તેનું ઉપાસન કરીએ તેવી તેવી તે ઇચ્છા પૂર્ણ કરે છે. તમે ધનની અને માન-પાનની ઇચ્છાથી તેનું અધ્યયન કર્યું તો તમોને ધન અને માન-પાન સારી રીતે મળ્યું અને મેં પરમ પદની પ્રાપ્તિને માટે શાસ્ત્રનું શ્રવણ તથા શ્રીમહારાજના ચર્ણનું સેવન કર્યું હતું તો મને તે પદ મળ્યું.

વળી હે બ્રાહ્મણ ! કલ્પવૃક્ષરૂપ શાસ્ત્રોને ભણી પછી તેથી મિથ્યા પદાર્થોની ઇચ્છા કરવી એ મહા મૂર્ખતા છે. કારણકે શાસ્ત્ર સંપૂર્ણ ઇચ્છાઓને પૂર્ણ કરવાવાળા છે તો પછી તેથી સત્ય–શ્રેષ્ટ–પદની ઇચ્છા શા માટે ન કરે અને વળી બીજું શાસ્ત્રના ભણવાથી એક અહંકારરૂપ પ્રેત એવો ઘુસી જાય છે કે જે મહા દુઃખરૂપ સમુદ્રમાં ગોથાં ખવરાવે છે. એ અહંકારની નિવૃત્તિ કરવી એ ઘણુંજ મુસ્કેલી ભરેલું છે. કારણકે અગ્નિને શાંત કરવાને માટે તો જળ છે અને જો જળમાંથીજ અગ્નિ ઉત્પન્ન થયો તો તે અગ્નિને શાંત કરવાને કોઇપણ સમર્થ નથી. તેવીજ રીતે અગ્નિરૂપ અહંકારને શાન્ત કરવાને માટે જળરૂપ શાસ્ત્ર છે અને જો જળરૂપ શાસ્ત્રમાંથીજ અગ્નિરૂપ અહંકાર ઉત્પન્ન થયો તો પછી તેને શાન્ત કરવાને કોણ સમર્થ થઇ શકે ? અને જે પુરૂષનો જળરૂપ શાસ્ત્રના જ્ઞાનથી અગ્નિરૂપ અહંકાર શાંત થયો નથી તે પુરૂષ જ્ઞાન–બદ્ધ કહેવાય છે. તે જ્ઞાન–બદ્ધ પુરૂષના આ લોક અને પરલોક બેય નષ્ટ થઇ જાય છે. અર્થાત્ તે પુરૂષ શાન્ત પદથી તો વિમુખ થાય છે પરંતુ ઉલટી આ લોકમાં

પણ તેની ઘણીજ અપકીર્તિ થાય છે. એટલા માટે શાસ્ત્રાનુસાર* શાસ્ત્રનું પઠન કરી શાસ્ત્રાનુકૂળ વર્તન કરવાવાળાઓજ પંડીત કહેવાય છે, અને તેજ બ્રાહ્મણ છે. તમોને જે એવો અહંકાર છે કે "હું બ્રાહ્મણ અને પંડીત છું તથા મારૂં રૂપ દિવ્ય છે અને રાજ્યમાં પણ મારી પ્રતિષ્ટા બહુજ છે." એ પ્રકારના અહંકારને જ્યારે દૂર કરશો ત્યારેજ તમો શોભાને પ્રાપ્ત થશો. તે વિષે કહ્યું છે કેઃ—

विद्या विनयो पेतो,
हरति न चेताँसि कस्य मनुजस्य ।
कांचन मणि संयोगो,
नो जनयति कस्य लोचना ल्हादम् ॥

એનો ભાવાર્થ એ છે કે–વિદ્યા અને નમ્રતાવડે યુક્ત જે પુરૂષ છે તે કયા પુરૂષના ચિત્તને નથી હરણ કરતો અર્થાત્ તે સર્વ પુરૂષના ચિત્તને હરિ લે

* બ્રહ્મચર્ય વ્રત પાળી પોતાના ગુરૂની પ્રસન્નતા પૂર્વક વિદ્યા ભણવી તે.

છે. જેમ સુવર્ણ—સોનું-અને મણીનો જે સંગ છે તે ક્યા પુરૂષના નેત્રોને આનંદ નથી આપતો, અર્થાત્ સર્વ પુરૂષોના નેત્રોને આનંદ આપે છે.

એવીજ રીતે વિદ્યા અને નમ્રતાવડે જે પુરૂષ યુક્ત છે તે સર્વ પુરૂષોના ચિત્તને હરી લેછે. તમો પણ જ્યારે અહંકારરૂપ પિશાચને દૂર કરશો અને તમારી વિદ્યાનો નમ્રતાની સાથે સંબંધ કરશો ત્યારે ખરા પંડીત થશો.

એવું સાંભળીને તે પંડીત તો ચૂપ થઈ ગયો અને તે સર્વ પુરૂષોમાંથી એક બીજો પંડીત ઉઠીને ઉભો થયો.

પંડીત—(હાથ જોડીને) હે શ્રી મહારાણી! આ સંસારમાં મનુષ્ય શરીરને પામી શું કરવા યોગ્ય છે?

રાણી—હે બ્રાહ્મણ! સંસારમાં મનુષ્ય શરીરને પામી પરમેશ્વરને પ્રસન્ન કરવું ઉચિત છે. તે પરમેશ્વર કોઇ પણ વસ્તુથી પ્રસન્ન થતા નથી કારણકે સંપૂર્ણ વસ્તુ તેની બનાવેલી છે. પરમેશ્વર કેવળ બે વસ્તુઓથીજ પ્રસન્ન થાય છે કે જે વસ્તુઓ તેની

પાસે નથી. એક તો નમ્રતા અને બીજી ઉપાસના. કારણકે પરમાત્માથી બીજો કોણ એવો મોટો છે કે તે તેના પ્રતિ નમ્ર હોય ? અને તેનો કોણ સ્વામી હોય કે તે તેનું ઉપાસન કરે ? એટલા માટે ઇશ્વરને નમ્રતા અને ઉપાસના ઘણીજ પ્રિય છે. તે વસ્તુઓ તેને આપો તો તે પ્રસન્ન થાય છે. કારણકે જે વસ્તુ જેની પાસે ન હોય તે તેને મળવાથી પ્રસન્ન રહે છે. બસ, હવે તમો પણ નમ્રતાયુક્ત ઉપાસન કરો કે જેથી પરમાત્મા પ્રસન્ન થાય. ખાલી પંડીતાઇથીજ તમારૂં શ્રેય થશે નહિ.

એવું સાંભળી પંડીત ચૂપ થયો અને તે પુરૂષોમાંથી એક સદ્‌ગૃહસ્થ ઉઠી ઉભો થયો.

સદ્‌ગૃહસ્થ--(નમ્રતાપૂર્વક) હે શ્રી મહારાણી ! મેં થોડા સમયથી ઇશ્વિરભજન કરવું શરૂ કર્યું છે, જે આપણા નામદાર મહારાજજીનાંજ સત્સંગનો પ્રભાવ છે. તેઓશ્રી તો પોતાના સ્વસ્થાનમાં પધારી ગયા છે અને મારા મનનું યથાર્થ સમાધાન થયું નથી; તો આપ પણ તેઓશ્રીનુંજ સ્વરૂપ છો માટે

હવે આપ કૃપા કરી કહો કે–ચિત્ત જે માંકડાની મા. ફક ભટક્યા કરે છે તેને માટે મારે શું કરવું? ઘણાં પ્રયત્નો કર્યાં છતાં તે ઠેકાણે આવતું નથી તો આપ કૃપા કરી એવી યુક્તિ બતાવો કે જેથી તે મારે સ્વાધીન થઇ જાય?

રાણી—(પ્રસન્નતાપૂર્વક) હે શેઠજી ! આપનો પ્રશ્ન અત્યુત્તમ છે. ચિત્ત ખરેખર માંકડા જેવુંજ છે. તે ચિત્ત લાંબા વખતથી આ અનાત્મા પદાર્થો તરફ વળી ગયું છે અને તેની મોજોમાં રસીલું થઇ ગયું છે. એનો ઢાળોજ તે તરફનો થઈ ગયો છે એટલે તેને સ્થિર કરવું એ "નેવના પાણી મોભે ચઢાવવા" જેવું છે; તોપણ તેને પણ વશ કરનારા દુનીઆમાં પડયા છે અને તેની પુંઠે પડે તો સર્વ કોઇ વશ કરી શકે છે. તેને વશ કરવાની યુક્તિ કહું છું તે આપ શ્રવણ કરો:—હે શેઠજી ! જેમ કોઇ વેગથી વહ્યા જતા નદીના પ્રવાહને આપણા ધારેલા પ્રદેશ-માં લઇ જવો હોય તો પ્રથમ આપણે તેમાં આડો બંધ બાંધવો પડે છે અને પછી જેણી તરફ તે પ્ર-વાહ લઇ જવો હોય તે તરફ નહેર ખોદવી પડે છે.

એજ પ્રમાણે આ ચિત્તરૂપી નદી છે અને તેનો પ્રવાહ અનાદિ કાળથી અશુભ માર્ગ તરફ વહી રહ્યો છે અને જ્યારે આપણને સત્સંગથી ખબર પડી કે તે અશુભ માર્ગ તરફ જઇ ખરાબ કૃત્યોજ કરે છે માટે જો તેને શુભ માર્ગે વાળ્યો હોય તો શ્રેય અવશ્ય કરશેજ. તો હવે તેને નદીના પ્રવાહની માફક વૈરાગ્યરૂપી બંધ બાંધી અને અભ્યાસરૂપી નહેર ખોદી આત્માના પ્રદેશ તરફ વાળી ધીરે ધીરે યુક્તિપૂર્વક આનંદઘન સ્વયંપ્રકાશ એવા પરમાત્મામાં લીન કરી દો કે જેથી તમારૂં શ્રેય થાય. તે ચિત્ત સહેલાઇથી કાંઈ વશ થાય એમ નથી. તેને માટે ઘણુંજ પ્રયત્નની જરૂર છે કારણ તે લાંબા કાળનું અનાત્મા પદાર્થો તરફ આશક્ત થઇ ગયું છે. તેને અનાત્મા પદાર્થો તરફ જતાં ક્ષણે ક્ષણે અટકાવવું જોઇએ અર્થાત્ તે અનાત્મા પદાર્થોનું ચિંતવન કરવા લાગે કે તેમાં તુરત દોષ દૃષ્ટિ બતાવી તથા યુક્તિપૂર્વક સમજાવી તે પ્રવાહના વેગને તુરત કાપી નાંખવો—બંધ કરી દેવો—તેને આગળ વધવાજ દેવો નહિ. તે વેગ અવલંબન વગર રહી શકતો નથી માટે તેને

વારંવાર પરમાત્મામાં સ્થિત કરવું. અનાત્મા પદાર્થોની સોબત તેને લાંબા કાળથી થયેલી છે એટલે આત્માના પ્રદેશમાં રહેવું તેને શરૂઆતમાં રૂચતું નથી અને જેથી તે નજર ચુકાવીને અનાત્મા તરફ ભાગી જાય છે માટે તેના તરફ ક્ષણે ક્ષણે ચોકસી રાખવાની જરૂર છે. જો જરા સરત—ચુકમાં રહ્યા તો તે આપણને એવા તો ઉંડા કુવામાં ઝીંકી દેછે કે આપણા કરેલા સઘળા સુકૃત્યો ઉપર પાણી ફેરવી દેછે. તેને એવા અનાત્મા પદાર્થો તરફ જતા અટકાવી પરમાત્મામાં સ્થિત કર્યા કરવું તેને અભ્યાસ કહે છે. ઉપર પ્રમાણેનો અભ્યાસ નિરંતર સત્કારપૂર્વક અને લાંબા કાળ સુધી કરવાથી તે ચિત્ત આપણે વશ થાય છે.

સદ્‌ગ્રહસ્થ રાણી વિરમતીના મૂખથી નીકળતા શબ્દોનું અમૃતના સમાન પાન કરવા લાગ્યો અને તેના અત્યુત્તમ કથનથી તેના મનનું સમાધાન થઇ ગયું અને તે કથનનું મનન કરવા લાગ્યો.

ત્યારબાદ તે પુરૂષોમાંથી એક બીજો મંત્રી ઉઠી ઉભો થયો.

મંત્રી—(હાથ જોડીને) હે શ્રી મહારાણી ! આપના ચરણોની કૃપાથી અને નામદારશ્રી મહારાજજીના સત્સંગવડે વાસનાથી રહિત થઇને તત્વજ્ઞાન તો મને પ્રાપ્ત થયું છે પરંતુ મનોનાશ કરવો બાકી છે; કારણકે મનોનાશ વાસનાક્ષય યુક્ત તત્વજ્ઞાન જીવનમુક્તિનો હેતુ છે. તે વાસનાક્ષય અને તત્વજ્ઞાન તો આપના ચરણોની કૃપાથી વિદેહ કૈવલ્ય મોક્ષનો હેતુ પ્રાપ્ત છે પરંતુ જીવનમુક્તિને માટે મનોનાશ થયો નથી. મનોનાશ તે એ છે કે " **મનનું બ્રહ્માકાર પરિણામ થવું** " અર્થાત્ તેને સમાધિમાં જોડવું તેને મનોનાશ કહે છે, જે થતું નથી. તો તેને સમાધિમાં કેવી રીતે સ્થિત કરવું તે યુક્તિ આપ કૃપા કરીને કહો.

રાણી—(પ્રસન્ન થઇને) હે મંત્રી ! તમને વિદેહ કૈવલ્ય મોક્ષ થવામાં તો સંદેહ નથી. અને તેમજ મનોનાશ થવાથી તમને જીવનમુક્તિનું સુખ પણ અવશ્યજ પ્રાપ્ત થશે. સાંભળો. મનનું સમાધિસ્થ ન થવામાં ચાર દોષ છે. તેનો ત્યાગ કરવો જોઇએ. ત્યારે મન સમાધિમાં સ્થિત થાય છે. તે દોષો આ છે.

પ્રથમ તો લય, બીજો વિક્ષેપ ત્રીજો કસાય અને ચોથો રસાસ્વાદ આ ચાર દોષ છે.

૧. લય નામ આળસનું છે. તેનું કારણ આ ચાર વસ્તુઓ છે. એક તો ઘણુંજ ખાવું, બીજું અન્નનું ન પચવું. ત્રીજુ મિથ્યા પ્રપંચમાં આશક્ત થઈ કરી અધિક ક્રીડા કરવી, ચોથુ અધિક સુવું અથવા કોઈ વ્યસન્ન કરવું. આ ચાર વિકાર લય દોષ અર્થાત્ આળસ્યનું કારણ છે માટે તેમનો ત્યાગ કરવો જોઇએ; અર્થાત્ શેરની ભૂખ હોય તો અડધો શેર અન્ન ખાવું, પાશેર જળ પીવું અને પાશેરનું સ્થાન વાયુના સંચારને માટે રાખવું ઉચિત્ત છે, અને એવું ભોજન કરવું જોઇએ કે જે જલદીજ પાચન થઇ જાય પરંતુ જીહ્વાના સ્વાદને માટે ગરીષ્ટ અન્ન નહિ ખાવું જોઇએ અને આશક્ત થઇને વિશેષ ક્રીડા પણ નહિ કરવી જોઇએ. સુવું પણ થોડું જોઇએ. આ પ્રમાણે કરવાથી લય દોષ અર્થાત્ આળસ્ય દૂર થઈ જાય છે.

૨. બીજો વિક્ષેપ અર્થાત્ ચંચળતા દોષ છે.

એનો હેતુ અનાત્મા—નાશવાન વસ્તુઓ-માં સત્ય બુ-દ્ધિ થવી તે છે. એનો પણ નાશ કરવો જોઇએ.

૩. ત્રીજો કસાય દોષ છે. અર્થાત્ જેમ બાળ-કને માતા ખોટે રસ્તે જતા અટકાવે છે તો તે બા-ળક પોતાની મૂર્ખતાથી મહા:દુખી થાય છે. એ પ્ર-કારે મનરૂપ બાળકને વિષયરૂપ અસત્ય માર્ગથી જ્યારે પાછું વાળવામાં આવે છે ત્યારે તે દુઃખી થાય છે. તેને દુઃખી જોઈ દયા બીલકુલ નહિ લાવવી જોઇએ. ભલે તે દુઃખી થતું એમ ધારી તેને ભોગોથી અવ શ્ય વાળવું ઉચિત છે. મનના દુઃખી થવાનું નામ કસાયદોષ છે. અને તેને વિષયો તરફ જતું રોકવાથી કસાયદોષની નિવૃત્તિ થાય છે.

આ ત્રણ દોષો તો સમાધિ પહેલા થાય છે અને ચોથો દોષ જે રસાસ્વાદ છે તે દોષ સમાધિમાં સ્થિત થતી વખતે થાય છે.

૪. રસાસ્વાદ દોષ તે એ છે કે જે સમય મન દુઃખરૂપ સંસારની બળતી અગ્નિમાંથી નીકળી શાન્ત સ્વરૂપ જે પોતાનો આત્મા છે તેને પ્રાપ્ત થાય છે તે

વખતે શાન્તિને પામી તે દુષ્ટમન તે શાન્તિ થવાના સુખનું કથન કરવા લાગે છે કે " હું શાન્ત છું. હું સુખી છું. મારા જેવો બીજો કોઈ નથી " એવું કહેવાથી સમાધિનું સુખ જતું રહે છે. કારણકે જેમ કોઈ પુરૂષ મુખમાં જળ રાખી જળની શીતળતા અને મધુરતાને કહી શકતો નથી. શાથી કે વાણીનો દેવતા અગ્નિ છે. અગ્નિ અને જળનો પરસ્પરમાં વિરોધ છે. એથી જ્યાં સુધી મુખમાં જળ રહે છે ત્યાં સુધી વાણી કહેવાને સમર્થ થતી નથી. અને જ્યારે તે પુરૂષ જળની શીતળતાને કહેવા લાગે છે ત્યારે મુખમાંથી જળનો ત્યાગ થઈ જાય છે. એ પ્રકારે મન જ્યાં સુધી સમાધિના આનંદને લુટતુ રહે છે ત્યાંસુધી કથન કરવાને સમર્થ થતું નથી અને જ્યારે કથન કરે છે કે " હું સુખી છું. હું શાન્ત છું." ત્યારે સમાધિનો થયેલો આનંદ જતો રહે છે આનું નામ રસાસ્વાદ દોષ છે અને એ રસાસ્વાદ દોષ અતિ ઘણો હાની કરનારો છે માટે તેનો પણ ત્યાગ કરવો અવશ્ય જરૂરનો છે અર્થાત્ સમાધિમાં સ્થિત થઇ એવો વિચાર નહિ કરવો જોઇએ કે "હું

સુખી છું. હું શાન્ત છું" પણ મનને સમાધિમાં વધુને વધુ જોડવું જોઇએ. એમ કરવાથી રસાસ્વાદ દોષની નિવૃત્તિ થાય છે.

એ પ્રકારે ચારે દોષોનો ત્યાગ કરવાથી મન સમાધિનાં આનંદને મેળવે છે, અર્થાત્ મનના નાશનું નામ સમાધિ છે, અને મનનો નાશ વાસનાનો નાશ થાય ત્યારેજ થાય છે કારણકે મન વાસનાનો પિંડ છે જેમ શીતના સમૂહનું નામ બરફ છે તેમ વાસનાના સમૂહનું નામ મન છે. જેમ બરફમાંથી શીતળતા દૂર થવાથી બરફ જેવું કાંઇ બાકી રહેતું નથી. એ પ્રકારે વાસનાના દૂર થવાથી મન જેવું કાંઇ બાકી રહેતું નથી. મનનો નાશ થવો એનેજ સમાધિ કહે છે.

મંત્રી—(હાથ જોડીને) હે ભગવન્! મનના નાશ થવાથી તો શરીરની સ્થિતી પણ ન રહેશે કારણકે શરીર સ્થિતીનેઃ હેતુ મનજ છે અને પૂર્વે શુકદેવ, વામદેવ, દત્તાત્રય આદિક ઘણા મહર્ષિ જીવનમુક્ત અવધૂત દશાને પામી ગયા છે અને હાલમાં પણ ઘણાંક થાય છે. શું તેઓના મન નાશ થઈ

ગયા હતા ? જો એમ હોય તો તેમના શરીર કેમ સ્થિત રહ્યા ? અને જો કહો કે મનનો નાશ નહોતો થયો કેવળ તત્વજ્ઞાનજ થયું હતું તો તેઓ જીવન મુક્ત કેવી રીતે કહેવાયા ?

રાણી—હે મંત્રી ! મનનો નાશ બે પ્રકારનો છે. એક તો સ્વરૂપ નાશ અને બીજો અરૂપ નાશ, જેમ અગ્નિનું અંગારા રૂપથી તો કાયમ રહેવું અને અગ્નિની જવાળાનું નાશ થઇ જવું એનું નામ અગ્નિનો સ્વરૂપ નાશ છે તથા અંગારા અને જવાળા બેયનો નાશ થઇ જવો એનું નામ અરૂપ નાશ છે. એ પ્રકારે મનની વિશેષ વાસનાનો તો નાશ થઇ જવો પણ શરીરની સ્થિતી સુધીજ સામાન્ય વાસનારૂપ મનનું રહેવું એનું નામ સ્વરૂપ નાશ છે. અને મનનો અત્યંત અભાવ થઇ જવો એનું નામ અરૂપ નાશ છે. તે અરૂપ નાશ તો વિદેહ કૈવલ્ય મોક્ષ થાય ત્યારે થાય છે. અને જીવનમુક્તિમાં તો કેવળ મનનો સ્વરૂપ નાશજ થાય છે અર્થાત્ શરીરની સ્થિતિ સુધીજ વિદ્વાન—જ્ઞાની—નું મન રહે છે પછી રહેતું નથી. એટલા માટે મનોનાશ વાસના ક્ષયયુક્ત

જે તત્ત્વજ્ઞાન છે તે જીવનમુક્તિનો હેતુ છે.

એવું સાંભળી મંત્રી ઘણોજ પ્રસન્ન થયો અને ગદ્ગદ કંઠ થઈ રાણીના ચરણમાં પડયો અને મનમાં ને મનમાં વિધિપૂર્વક ગુરૂની માફક રાણીનું પૂજન કર્યું,

આ પ્રમાણે રાણીનું આવું ઉત્તમ જ્ઞાન અને દૃઢ નિશ્ચય જોઇ તથા તેના અત્યુત્તમ કથનનું શ્રવણ કરીને સઘળા પુરૂષો આશ્ચર્ય પામી ગયા અને પરસ્પરમાં ધીરે ધીરે કાંઇક વાર્તાલાપ કરવા લાગ્યા.

મંત્રી—હે શ્રી મહારાણીજી ! આપ તો સાક્ષાત જ્ઞાન સ્વરૂપ છો તો પછી આમ આત્મઘાત કરવા કેમ તૈયાર થયા છો ?

રાણી—(હસીને) હે મંત્રી ! જો તમે શરીરને આત્મા કહેતા હો તો શરીર નાશવાન, દુઃખરૂપ અને જન્મમૃત્યુના સ્વભાવવાળુ છે; અને જો તમે ચૈતન્યને આત્મા કહો તો તે કદી જન્મતોએ નથી અને મરતોએ નથી અને મરશે પણ નહિ. તો હવે આત્મઘાત ક્યાં રહ્યો ? અર્થાત્ હું તો શુદ્ધ સચ્ચિદાનંદ

સ્વરૂપ છું. મને વળી જન્મ અને મૃત્યુ ક્યાં? કેવળ એટલું તો ખરૂં કે જેમ કોઇ ભાંડ જ્યારે રાજાનો વેશ ધારણ કરે છે ત્યારે તે રાજાના જેવીજ ચેષ્ટા કરે છે અને સીપાઇનો વેશ ધારણ કરે છે ત્યારે સીપાઇના જેવીજ ચેષ્ટા કરે છે એથી વિપરીત ચેષ્ટા તે કરતો નથી. તે વખતે તે પોતાના મનમા તો જાણે છે કે 'હું રાજાએ નથી તેમ સીપાઇએ નથી પણ હું તો ભાંડ છું," પરંતુ જો તે રાજાનો વેશ ધારણ કરી સીપાઇના જેવી ચેષ્ટા કરે અને સીપાઇનો વેશ ધારણ કરી રાજાના જેવી ચેષ્ટા કરે તો તેનો તે વેશ બરોબર દીપી નીકળતો નથી અને એમ થવાથી તેને વાહ! વાહ! પણ મળતી નથી. એ પ્રકારે હું જાણું છું કે "હું શુદ્ધ સચ્ચિદાનંદ સ્વરૂપ છું" પરંતુ મેં હાલમાં સ્ત્રીનો વેશ ધારણ કર્યો છે એટલા માટે મારે સ્ત્રીના જેવીજ ચેષ્ટા કરવી યોગ્ય છે અને સ્ત્રીની એજ ચેષ્ટા છે કે "પતિના વિયોગ–દેહપાત–થવાથી શરીરને ન રાખવું. બસ હવે મને વિશેષ ન સતાવતાં જલદી ચિત્તામા અગ્નિ પ્રવેશ કરો.

એવું સાંભળી મંત્રી ઘણોજ દુઃખી થયો પણ શું કરે. આખર રાણીની આજ્ઞા માનવીજ પરમ ધર્મ છે એમ સમજી ચિત્તામાં અગ્નિ પ્રવેશ કરી દીધો અને સર્વ પુરૂષો રોવા લાગ્યા. તે સમયે ચિત્તામાંથી ત્રણ વખત શબ્દ થયો કે “ ધિક્કાર, ધિક્કાર, ધિક્કાર. ”

મંત્રી—(હાથ જોડીને હે શ્રીમહારાણી ! કોને ધિક્કાર ? (તો ફરી શબ્દ થયો)—“તે સ્ત્રીઓને ધિ-ક્કાર કે જેઓ પોતાના સ્વામીના વિના (દેહપાત-થઇ ગયા બાદ) જીવે છે. તેઓને ધિક્કાર, ધિક્કાર, ધિક્કાર. ”

આ પ્રમાણેની સઘળી લીલા રાજા જ્ઞાનશેખરે અને બુદ્ધિમતી રાણીએ દૂર રહીને જોઇ.

રાજા—(અચંબો પામીને) પ્યારી જોયું. આ સ્ત્રી કેવી ધૈર્યતાવાળી અને ધર્માત્મા છે કે જે પો-તાના પતિની સાથે સતી થઇ.

રાણી—(નમ્રતાપૂર્વક) હે શ્રી મહારાજ ! આ પ્રમાણે સતી થવું એ યથાર્થ નથી પણ એતો એક જાતની હઠ છે.

રાજા—હે રાણી ! આતે તું શું બોલે છે ! આ યથાર્થ નથી તો પછી યથાર્થ શી રીતે થયું કહેવાય ? આવા મહાન કઠણ કામને તો તું હઠ કહે છે તો તું જે યથાર્થ સમજી હોય તે મને કહે.

રાણી—(હાથ જોડીને) હે શ્રી મહારાજ ! યથાર્થ—સત્ય—તો એ છે કે જે સ્ત્રી પતિનો વિયોગ —દેહપાત—સાંભળતાંજ પતિવ્રત ધર્માનુસાર પોતાના અંતરમાંથીજ વિરહરૂપ અગ્નિ પ્રગટ કરીને પોતાના શરીરનો ત્યાગ કરી દેછે. આ પ્રમાણે કરવું એજ યથાર્થ—સત્ય—કહેવાય બાકી જે બળતી થએ઼લી ચિતામાં બેસીને દેહાન્ત કરે છે તે તો હઠજ છે.

આવું અત્યંત કઠણ વાકય સાંભળીને રાજાને ઘણુંજ આશ્ચર્ય લાગ્યું.

રાજા—(ફરી હસીને) હે રાણી ! જો કદાચિત્ એવીજ રીતે મારૂં પણ શરીર છુટી જાય તો તારાથી આવી હઠ પણ નહિ થઇ શકશે કે જે આ સ્ત્રીએ કરી છે; કારણકે મૃત્યુથી સર્વકોઇ ડરે છે.

રાણી—(રોઇને) હે શ્રી મહારાજ ! આપ સ્વમૂખથી એવું ન કહો, કારણકે આપના વિયોગનું

સાંભળતાંજ મારૂં મન ઘણું દુખાય છે અને એ મનને દુખાવવું આપને યોગ્ય નથી. શામાટે કે એ મન આપનેજ રહેવાનું સ્થાન છે.

રાજા—હે પ્રાણપ્યારી ! હું કાંઈ તારા મનને દુઃખી કરવા કહેતો નથી પણ એક સ્વભાવિકજ વાત કહું છું કે જો કદાચિત્ એવું થઈ જાય તો તું શું કરે ?

રાણી—(નમ્રતાથી) હે શ્રી મહારાજ ! પ્રથમતો દીનદયાળ મારો વહાલો પરમાત્મા એવું કદી ન કરે કે મારી હયાતિ છતાં આપનું શરીર છુટી જાય, અને તેમ છતાં જો કદાચિત્ એવા દુઃખનો પહાડ મારા ઉપર આવી પણ પડે તો હું વિરહરૂપ અગ્નિથી આ શરીરનો અવશ્યજ ત્યાગ કરી દઉં. એમાં આપ કિંચિતમાત્ર પણ સંદેહ ન સમજો. (એવું સાંભળીને રાજા ખુબ હસે છે.)

રાજા—(ખુશી થઇને) હે રાણી ! ભગવત્ કૃપાથી એવું કદાપિ થશે નહિ, અને હું તારા ઉપર ઘણોજ પ્રસન્ન થયો છું.

રાણી—(હાથ જોડીને) હે શ્રી મહારાજ !

હું તો મહા અધમ અને નીચ છું. પણ આપના ચરણોમાં આવી પડી છું એથી મારૂં પણ કલ્યાણ થઇ જશે.

રાજા—(પ્રસન્નતાપૂર્વક) હે રાણી ! તું આનંદમાં રહે અને તારી એવીજ શ્રદ્ધા અખંડ બની રહો— આ પ્રમાણે આશિર્વાદ આપી રાજા કહેવા લાગ્યો કે:—" હે પ્યારી ! તું હવે રાજમહેલ તરફ જા અને હું મારા ભગવત્ ભક્તોની રક્ષા કરવા માટે વન તરફ જાઉં છું.

આ પ્રમાણે કહી રાજા પોતે અખંડરૂપ ઘોડાપર આરૂઢ થઇને વન તરફ ચાલતો થયો અને રાણી બુદ્ધિમતીએ રાજમહેલ તરફનો રસ્તો લીધો.

લહેર ૬ ઠ્ઠી.

સ્થાન—શ્રી ગુરૂ સભા

વાસનારૂપ નટી પોતાના પતી મનરૂપ નટને કહે છે " હે પ્રાણનાથ ! ચિતામાં બેસીને સતી થવા માટે બળી મરતી રાણી વિરમતીને જોઇ બુદ્ધિમતી રાણીએ આપણા જ્ઞાનશેખર રાજા આગળ જે પ્રતિજ્ઞા કરી છે તે શું ખરેખર પાળશે ? શું એમ અંતરમાંથી અગ્નિને પ્રગટ કરી પ્રાણ ત્યાગ કરવાની તેની હિંમત ચાલશે ?"

નટ—હે પ્યારી ! તું રાણી બુદ્ધિમતીને કેવી ધારે છે ? તે કાંઈ જેવી તેવી નથી. તે મહાન યોગીની છે અને યોગી શું ન કરી શકે ? તે યોગીની પોતાના પતીને સ્વરૂપમાં સ્થિત કરવાને કેવી યુક્તિ પ્રયુક્તિથી તેને સમજાવે છે તે સર્વ વાત હું તને આગળ ઉપર કહીશ. હાલ તુરત તો સાધુ પુરૂષ પારકાનું શ્રેય કરવાને કેવા તત્પર રહે છે તે તથા અ-

સત્ય માર્ગે દોરાઇ ગયેલાને સત્ય માર્ગે ચઢાવી પરમાનંદની પ્રાપ્તિ કેવી રીતે કરાવે છે તે તને બતાવું છું. પ્રથમ તે સાધુપુરૂષની વાત અત્રે જણાવવાનું કારણ એજ છે કે તે સાધુપુરૂષ આપણા જ્ઞાનશેખર રાજાની પાસે પણ તેને જ્ઞાનના શીખર ઉપર ચઢાવવાને માટે આગળ ઉપર આવનાર છે તેની ઓળખાણ પડે. વળી એ સાધુપુરૂષ આગળ મારી પણ પોલ ખુલ્લી થઇ જનાર છે. કારણ આ સમયથી પહેલા મારી સોબતમાં રહેલ એક જીવ નામના વૃદ્ધ બ્રાહ્મણને મેં ઘણોજ હેરાન કર્યો હતો અને એ પ્રમાણે કરવું એ મારો સ્વભાવિક ધર્મ છે. એ બ્રાહ્મણને દૈવયોગથી એક* સાધુનો ભેટો થઇ ગયો તેથી

---

* એ સાધુ પુરૂષ તે રાણી બુદ્ધિમતી હતી જે સાધુનું રૂપ ધારણ કરીને આવી હતી. યોગીનીને એમ રૂપો ધારણ કરવા મુશ્કેલ નથી. પારકાનું શ્રેય કરવું એ તરફ યોગી—જ્ઞાનીનું કુદરતી વલણ રહે છે. રાણી બુદ્ધિમતી રાજા જ્ઞાનશેખરથી નોખી પડી રાજમહેલ તરફ જતી હતી ત્યારે રસ્તામાં એ વૃદ્ધ

તે મારા પંજામાંથી છટકી ગયો છે માટે હવે તે મને છોડશે નહિ. જેટલો મેં તેને હેરાન કર્યો છે તેટલો તે હવે મને હેરાન કરશે. મને ધાસ્તી લાગે છે કે મારી પાછળ પકડ-વારંટ છુટશે અને બાંધીને તેના પરમાત્માસ્વરૂપ ગુરૂના દરબારમાં મને લઇ જશે. જેમ તે જીવ બ્રાહ્મણ મારે તાબે રહેતો હતો અને હું તેનો ઉપરી થઇને તેના ઉપર અમલ બજાવતો હતો તેમ હવે તે મને પોતાનો નોકર બનાવી મારા ઉપર અમલ બજાવશે. જો એમ થયું તો મારે સદાને માટે તેના નોકર થઇને રહેવું પડશે. અરે ! જો, જો, આ તેજ ડોસો આવતો જણાય છે. લે વળી આ સાધુડો પણ તેને મળ્યો. હવે થઇ રહ્યું. એ સાધુડો તેને સત્ય રસ્તો બતાવશે એટલે તે ગુરૂ સભામાં જઇ મારૂ કાટલુ કાઢવાના ઉપાયો યો-

---

બ્રાહ્મણને ભુલાવામાં પડેલો જોઇ તેને સત્ય રસ્તો બતાવવા માટે એક રાણીરૂપે રાજમહેલ તરફ ગઇ અને બીજું એક સાધુનું રૂપ લઇ તે (જીવ) ની પાસે આવી હતી.

જશે માટે હવે આપણે જેમ બને તેમ જલદી અ-
હિંઆથી જતા રહીએ તો સારૂં. આમ કહી બંને
જણ ત્યાંથી ચાલ્યા જાય છે.

" હાય, હાય, આતે કેવો અનર્થ કહેવાય કે
નોકરજ શેઠને દબાવે. મનરૂપ મારા દાસે મને હેરાન
હેરાન કરી મુક્યો. મને પશુથી પણ બેદ કરી દીધો.
અજ્ઞાનરૂપી અંધારી બંધાવી ઘાંચીના બેલની માફક
મને ચોતરફ ભટકાવ્યો. અનાત્મા વસ્તુને સત્ય મ-
નાવી તેમાં ફસાવ્યો અને મહાદુઃખી કરી નાંખ્યો.
એ મનરૂપ મારો દાસ હવે શેઠ થઈ ગયો અને મને
અસહ્ય દુઃખ આપી રહ્યો છે. અરે, હવે હું શું કરૂં,
ક્યાં જાઉં. "

આ પ્રમાણે રૂદન કરતો જીવ નામનો એક વૃદ્ધ
બ્રાહ્મણ તપોવનમાં ભટકે છે. એવામાં ઉપર જ-
ણાવેલ સાધુ દૈવયોગથી ત્યાં આવી ચઢે છે.

સાધૂ—અરે કેમ ! કેમ ! આમ શામાટે રૂએ છે.
ભાઇ ! સર્વનું મન એવુંજ દુષ્ટ છે. પરંતુ એમાં
તારી પણ ઘણીજ મોટી મૂર્ખતા છે કે તેં આજ
દિન સુધી તેનાજ કહ્યા પ્રમાણે કર્યા કીધું. એમ

કરવાથી તે મોઢે ચઢી ગયું છે. અને તેથી તે અવસ્ય દુઃખ દેશેજ. પરંતુ અરે હાં ! એ મનને ઠીક કરવાની એક યુક્તિ છે. આ પાસેના તપોવનના અધિષ્ટાતા એક મહાત્મા છે તેના ગુરૂ દરબારમાં જવાથી એ બહેકી ગયેલ મનને ઠેકાણે લાવવાની યુક્તિ મળશે. માટે તું હવે બીજે ભટકવું છોડી દઇ તે દરબારમાં જા એટલે તારૂં બરોબર સમાધાન થઇ જશે અને ત્યાં જવાથી એજ મન જે તને લાંબા કાળથી સતાવી રહ્યું છે તે તારા સુખનું સાધન થઇ જશે.

આ પ્રમાણે કહી તે સાધુ ત્યાંથી ચાલ્યો ગયો. ત્યારબાદ તે જીવ ત્યાંથી તપોવન તરફ ગયો અને ત્યાં જઇ જુએ છે તો શ્રી ગુરૂમહારાજ શાન્તિ સ્વરૂપ સિંહાસન ઉપર બીરાજમાન થઇ રહ્યા હતા. તેઓશ્રી એવી શોભાને પ્રાપ્ત થઇ રહ્યા હતા કે જેનું વર્ણન કરવાને વાણી શક્તિહિન થઇ જાય છે. તે ગુરૂની સભામાં સંતોષ, સત્સંગ, વિચાર, અને જ્ઞાન, એ ચાર જબરજસ્ત મંત્રીઓ છે અને જેના સમતારૂપ દફતરો છે અને વિવેક, વૈરાગ્યરૂપ દ્વાર-

પાલો છે. શમ, દમ, ઉપસમ, તિતિક્ષા, શ્રદ્ધા, સમાધાન એ સર્વ સેના છે. એવા પરમાનંદ સ્વરૂપ શ્રી ગુરૂના દરબારને જોઈને જીવ બહુજ પ્રસન્ન થયો અને દર્શન કરીને આનંદમગ્ન થઇ ગયો.

ગુરૂ—(જીવને મનથી ઘણો દુઃખી થયેલો જાણી કૃપા દ્રષ્ટિથી) હે ભાઇ! તું અહિંઆ શા માટે આવ્યો છું? તારી શી ઇચ્છા છે? જે કાંઇ કહેવું હોય તે ખુશીથી કહી દે. આ સ્થાનમાં અંતરપડદો દૂર કરી જેવું હોય તેવું કહી દે કે તુરત તારૂં સમાધાન થઇ જાય.

જીવ—(દ્રઢતાથી હાથ જોડીને) હે સ્વામી! આપતો અંતરયામી છો તો હું શું કહું? પરંતુ આપ જ્યારે કૃપા દ્રષ્ટિથી પુછોછો તો હવે આપની આગળ જેવું છે તેવું કહી દેવુંજ ઉચિત છે. હે નાથ! આ મારૂં દુષ્ટ મન મને ઘણુંજ દુઃખ દે છે, અને અહરનીશ સતાવ્યા કરે છે. માટે આપ એવો બંદોબસ્ત કરી દો કે તે મારો દાસ થઇને રહે.

ગુરૂ—(સંતોષરૂપ મંત્રીને) હે મંત્રી! મનને બોલાવો અને આ જીવને એના પંજામાંથી છોડાવો.

મંત્રી-(શમરૂપ સીપાઇને) હે શમ ! ક્યાં છે એ દુષ્ટ મન? એને બાંધીને એકદમ અહિંઆ લાવો. આ પ્રમાણે હુકમ થતાં શમ સીપાઈ મનને પકડવા ચાલ્યો. આ વખતે મન જે તપોવનથી થોડે દૂર વેગથી ચાલ્યો જતો હતો તે આ શમને ભાળીને એક ગુફામાં ભરાઇ ગયો. શમ તેની પાછળ દોડયો અને તુરત તે ગુફા આગળ જઇ પહોંચ્યો.

શમ—(ક્રોધ કરીને) અરે દુષ્ટ મન! તેં આ બીચારા ધર્માત્મા પુરૂષ જીવને ઘણો દુઃખી કરી નાંખ્યો છે માટે હવે જરા બહાર તો નીકળ. ગુરૂમહારાજ તરફથી પકડ-વોરંટ છે જેથી હું તને પકડવા આવ્યો છું.

મન-(રોફ કરીને) ચાલ, ચાલ, આમ ગમારની માફક શું બકે છે. તું છું કોણ? આમ બની ઠનીને ક્યાંથી આવ્યો છું? જરા જબાન તો સંભાળીને બોલ, નહિ તો અચ્છી તરેહથી પુષ્પાંજલી મળશે.

શમ-(ગુસ્સે થઇને) અરે દુષ્ટ ! હરામખોર ! તું આ ત્રણ ટકાનો ગુલામ મને કહે છે કે "તું શું બકે છે" અરે ચોર ! તું સમજતો નથી કે હું મહા-

શેંજાના મહારાજા અને શહેનશાહના પણ શહેનશાહનો નોકર છું. હવે તારી ખબર ત્યાં લેવાશે. આજ દિવસ સુધી તો તેં ખુબ લપ-ઝપ ઉડાવી છે. પણ બચ્ચા હવે તને સર્વ આગલી પાછલી ખબર પડી જશે. જરા બહાર તો નીકળ રાંડની માફક શું ભરાઈ બેઠો છું.

મન-(અક્કડાઈથી) અરે! જા, જા, જા, રસ્તો લે. તારા જેવા ત્રણસોને સાઠ લુચ્ચા ફરતા ફરે છે. આ પ્રમાણે વેગમાં ને વેગમાં બોલતા મન જરા બહાર નીકળ્યો એટલે શમે મનના સર્વ અંગોને વિષયોથી રોકી પકડી લઇ શ્રીગુરૂના દરબારમાં લઇ ગયો. શમ-(હસીને) કેમરે દુષ્ટ મન! તું તો કહેતો હતો ને કે "જા, જા, રસ્તો લે" હવે તારી શી દશા થશે તેનો વિચાર કર્યો? તારી હવે શી સત્તા છે તે તો કહે? એવું સાંભળીને મને ક્રોધથી દાંતોને પીસીને કહેવાને ઘણા ઉછાળા માર્યા પણ શ્રીગુરૂના ભયથી કાંઇ પણ કહી શક્યો નહિ.

સંતોષરૂપમંત્રી-(ગુરૂની આજ્ઞાથી) હે જીવ! હવે તું કહે કે આ મને તને શું દુઃખ દીધું છે?

જીવ—(નમ્રતાથી હાથ જોડીને) હે મહારાજ ! હું આનંદગઢનો રહેવાવાળો છું. એ ગઢની ચારો તરફ અખંડરૂપ કોટ છે. અને અચળ, અદ્વૈત અને અકૃય એવા અનાદિ રૂપ બુરજ ઉપર જ્ઞાનરૂપ તોપો શોભાને આપી રહી છે. અને તે ગઢની ચારો તરફ શાન્તિરૂપ ખાઇ અમૃતથ પૂર્ણ થઇ રહી છે. એવા સુંદર સ્થાનમાંથી હું વિલાસને માટે પ્રેરણાના દેશમાં આવ્યો. ત્યાં એ-દુષ્ટ મને, મને દાસ બનાવ્યો અને વિલાસ કરાવ્યો પરંતુ તે વિલાસથી મને દુઃખ સિવાય બીજુ કાંઇપણ પ્રાપ્ત થયું નહિ. તેમાં સુખનો તો છાંટો સરખાએ મારા જોવામાં આવ્યો નહિ અને હેરાન હેરાન થઇ ગયો. તે દુઃખને જોઇ હવે મારી ઇચ્છા તે મારા પોતાના સ્થાન તરફ જવાની થવાથી હું મનુષ્ય શરીરરૂપ માર્ગમાં આવ્યોછું. પણ એ માર્ગમાં ઇન્દ્રિઓના સમૂહરૂપ આ મનનું સ્થાન છે. તે સ્થાનમાં એ દુષ્ટ મન વિષયરૂપ કાદવ—કિચડ અને કાંટાને રસ્તામાં નાંખી રસ્તો બંધ કરે છે, હું એને ઘણો સમજાવું છું પણ માનતો નથી. તેથી હું ઘણો દુઃખી થઇ ગયોછું અને સુખને માટે ફાંફાં

મારતો છેવટે આપને શરણે આવ્યો છું, તો હવે આપ મારી રક્ષા કરો.

સંતોષ—(કોપ-દ્રષ્ટિથી) કેમરે હે નીચ મન! તું એવીજ દુષ્ટતા કરે છે કે ? અરે જો, આ જીવાત્મા તો શુદ્ધ અને સુખ દુઃખથી રહિત છે. ભોગોમાં આશક્ત થવાથી દુઃખ તો તનેજ થાય છે. એની તો કેવળ એટલીજ મૂર્ખતા છે કે આ તારા દુઃખોને તે પોતાનામાં માની લેછે અને તુંજ ભોગોની તૃષ્ણાવડે મહા દુઃખી થાય છે. અરે ! એક એવો ન્યાય શ્રીમહારાજના દરબારમાં પહેલા પણ આવ્યો હતો તેને તું સાંભળ—

એક ધૃતિરૂપી ગાય અને તૃષ્ણારૂપી શિયાળ બન્ને લડતા લડતા અહિંઆ આવ્યા હતા. તે ધૃતિરૂપી ગાએ મારા પ્રતિ કહ્યું કે—હે સંતોષરૂપ મંત્રી ! આ તૃષ્ણારૂપી શિયાળ તે પુરૂષરૂપ ગધેડાની માફક મને પણ કાળરૂપ સિંહના વનમાં જબરજસ્તીથી લઈ જાય છે. હું તો જતી નથી પણ તે મને ઘણીજ રીતે ફોસલાવીને લઇ જવા માંગે છે. ત્યારે મેં તેને પુછયું કે તે પુરૂષરૂપ ગધેડા કોણ

હતાં અને અરી તૃષ્ણારૂપી શિયાળ ! તું તેને કેવી રીતે લઇ ગઇ ? એ સાંભળી તે શિયાળ બોલી કે એક સમય સિંહ મને મારવા આવ્યો ત્યારે મેં કહ્યું કે મને મારશો નહિં હું તમારે માટે બીજો શિકાર લઇ આવું છું, અને તેજ પ્રમાણે સદૈવ લાવતી રહીશ. ત્યારે મેં વનના ઘણાંએક પશુઓને મારા પંજામાં લેવાની યુક્તિ કરી પણ તેઓ સર્વે મારા સ્વભાવને સારી રીતે જાણુતા હતા એથી તેઓ મારા પંજામાં સપડાયા નહિ. ત્યારબાદ મેં એક ગામની પડખે ઉકરડા ઉપર ચરતા એક સારા મોટા ગધેડાને જોઈ હું તેની પાસે જઇ તેને કહેવા લાગી કે—હે મતિમંદ ! ચાલ હું તને લીલો ચારો ચરવા લઇ જાઉં છું. આવા ગંધાતા ઉકરડામાં શું ચરી રહ્યોછું. એવું તને કેમ પ્રસન્ન આવે છે. આ પ્રમાણે તેને યુક્તિથી ફોસલાવી તેના ઉપર સ્વાર થઇ આખર તેને વનમાં લઈ ગઇ, પણ તે ભયાનક વનને જોઇ તે ગધેડાએ મને નીચે પાડી દીધી અને કહેવા લાગ્યો કે—અરે લુચ્ચી ! આવા ભયાનક સિંહના વનમાં તું મને ફોસલાવી કયાં લઇ જાય છે. ત્યારે

મેં કહ્યું કે અરે ! તું ગધેડો તે ગધેડોજ રહ્યો. ભલા વિચાર તો કર કે સિંહના વનમાં કદિ હું શિયાળ રહી શકું એમ છું. એટલામાંજ સિંહે ગર્જના કરી કે ગધેડો ત્યાંથી જીવ લઇને નાઠો, પણ મેં તેને કહ્યું કે ઉભો રહે, ઉભો રહે, આમ ભાગે છે શા માટે. ત્યારે તે ગધેડો ઉભો રહ્યો અને ધ્રુજતા ધ્રુજતા કહેવા લાગ્યો—અરે જો ! સિંહનો શબ્દ સંભળાય છે અને જો અહિંઆ આવી પહોંચ્યો તો આપણા બન્નેનો એકજ કોળીઓ કરી જશે. એ પ્રકારે જ્યારે તે ગધેડાને અધિરો બનેલો દીઠો ત્યારે હું ફરી તેને ઠેકાણે લાવી કહેવા લાગી અરે જો ! ફરી પણ તેં ગધેડાના જેવીજ વાત કરી. અરે મૂર્ખ ! એટલો તો વિચાર કર કે સિંહનો શબ્દ સાંભળું તો હું કદિ ત્યાં ઉભી રહી શકું એમ છું ? તારા કરતાં પહેલીજ હું પલાયન થઈ જાઉં. અરે ! આતો ઘણાં શિયાળવાઓ ભેળા થઈ મને જોઈ પ્રસન્ન થઇ કરી આ પ્રમાણે જોરથી શબ્દ કરે છે તેને તું સિંહનો શબ્દ કહે છે. એટલામાં તો સિંહ આવીને તે ગધેડા ઉપર તલાપ મારી અને તેને મારી નાંખ્યો.

ત્યારબાદ તે સિંહ મારા પ્રતિ બોલ્યો કે– હે શિયાળ ! તું એની પાસે રહેજે, હું હમણાં આવુંછું એમ કહી તે સિંહ ત્યાંથી ચાલ્યો ગયો. પછી હું તેની આંખ ઘણી સુંદર લાગવાથી કાઢીને ખાઈ ગઇ. તે પ્રમાણે કાનને ખાઈ ગઇ અને પછી કાળજુ પણ કાઢીને ખાઈ ગઈ. જ્યારે સિંહે આવીને મને પુછયું કે એના આંખ, કાન અને કાળજુ કયાં ગયાં ? ત્યારે મેં કહ્યું આપનેતે મારે શું કહેવું ? વનના રાજા થઇ આપ પણ ગધેડાના જેવી વાત કરો છો કે, 'એના આંખ, કાન અને કાળજુ કયાં ગયાં' ? જો એને આંખ હોત તો આવા ભયાનક વનમાં તે કેવી રીતે આવત ? અને જો કાન હોત તો આપના મહાન દારૂણ શબ્દને સાંભળી તે શી રીતે રોકાત ? અને તેમજ જો એને કાળજું હોત તો શું તેની તાકાદ હતી કે આપની સન્મુખ ઉભો રહી શકત, કદાપિ નહિ. અર્થાત્ તેને આંખ, કાન અને કાળજું પ્રથમથીજ નહોતા. એ પ્રકારે જ્યારે મેં તે સિંહને કારણ બતાવી સમજાવ્યો ત્યારે તે કહેવા લાગ્યો કે–ઠીક, ત્યારે એમજ હશે. એમ કહી સિંહ ગધેડાને છોડીને

ત્યાંથી ચાલ્યો ગયો અને હું પણ તેને ત્યાં પડતો મુકી આ તરફ ચાલી આવી.

અહિંઆ સંતોષ મનને કહે છે કે, સાંભળ્યું? ફરી તે શિયાળ મારા પ્રતિ કહેવા લાગી કે—આ પ્રમાણે મેં ગધેડાને તો મરાવ્યો અને આ ગાયને પણ લેઇ જાઉં છું. આવું કપટયુક્ત વાક્ય સાંભળી તે ધૃતીરૂપી ગાય મને કહેવા લાગી કે—હે મહારાજ! આ રાંડ તૃષ્ણારૂપી શિયાળે પુરૂષરૂપ ગધેડાને લીલુ લીલુ ઘાસ અર્થાત્ સુંદર ભોગોની લાલચમાં લપટાવી કાળરૂપ સિંહના વનમાં લઇ જઈ કાળનો ગ્રાસ કરાવી દીધો. પરંતુ જે પુરૂષ ગધેડા છે તે આ તૃષ્ણારૂપી શિયાળની જાળમાં ફસાય છે; કારણ કે તેને સત્ય નેત્ર નથી કે જે કાળરૂપ સિંહના ભયાનક વનને જોઇ ભયભીત થાય. અર્થાત પુરૂષો તેમની નજરે જુએ છે કે તેમના બાપ દાદા આદિ સર્વ મરી ગયા અને એક દિવસ પોતાને પણ મરવું છે છતાં મતિમંદ પોતાને જાણે સદાકાળ અમર રહેવું હોયની એમ સમજી તેને માટે અનેક પ્રકારના અનર્થો કરે છે એટલા માટે તેને સત્—નેત્ર નથી કે

તે દેખે; અને કાળનો ભય માને–કાળથી ડરે, અને સત્–કાન પણ નથી કારણ કે મહાત્માના મુખથી હમેશ સાંભળે છે કે—આ સર્વ અનાત્મા પદાર્થ મિથ્યા અને દુઃખરૂપ છે. આ પ્રમાણે સાંભળતા છતાં આશક્તિ છોડતા નથી તેથી તેને સત્–કાન પણ નથી. વળી તેનું કાળજુ–મન–પણ સત્ય નથી કે જેમાં મહાત્માના મુખથી નીકળેલ અમૃતરૂપ વાકયોને ધારણ કરે. જેમ કોઇ પુરૂષને પરદેશ કાર્ય પરત્વે જવાનું થાય અને ઘરે તેની સ્ત્રી સગર્ભા હોય અને પાછળ-થી પુત્રની પ્રાપ્તિ થાય તો તે પુત્રને પોતાના પીતાની ઓળખાણ હોતી નથી. પણ જ્યારે તેનો પીતા લાંબા વખત પછી પરદેશથી ઘરે આવે ત્યારે તેની મા તેને ઓળખાવે કે આ તારો પીતા છે કે જે તારા જન્મ પહેલા પરદેશ ગયા હતા. એવું સાંભ-ળતાંજ તે પુત્રને તે પુરૂષમાં એવી દ્રઢ પીતા બુદ્ધિ થઇ જાય છે કે જે કદાપિ ચલાયમાન થતી નથી. પરંતુ આ પુરૂષરૂપ ગધેડાઓ દિન રાત માતારૂપ મહાત્માના મુખથી સાંભળે છે કે–સંસાર શશલાના શીંગડાની માફક મિથ્યા છે કે જેમાં તમે તમારી

પોતાની સતબુદ્ધિથી મૃગતૃષ્ણાના જળની માફક દુઃખરૂપ સમુદ્રમાં વંધ્યાના–વાંઝણીના–પુત્રની સમાન ડુબી રહ્યા છો. તે હવે તો તેમાંથી ઉછાળો મારો અર્થાત્ સંસારને આકાશના પુષ્પની માફક મિથ્યા જાણો; પરંતુ ઘણુંજ ખેદની વાત છે કે તે પુરૂષરૂપ ગધેડાની ઉપર જણાવ્યા પ્રમાણે એક અજ્ઞાન નાના બાળકના જેવી પણ બુદ્ધિ નથી કે તે સંસારમાં મિથ્યાપણાનો દ્રઢ બુદ્ધિથી નિશ્ચય કરે. આ પ્રકારે કહ્યા બાદ તે ધૃતિરૂપ ગાય બોલી, ભલા કહો તો ખરા તે પુરૂષરૂપ ગધેડો તો આંખ, કાન, અને કાળજાથી રહિત હતો એથી તે આ તૃષ્ણારૂપ શિયાળના પંજામાં સપડાઇ જઈ સિંહરૂપ કાળના વનમાં જઇ તેનો ભોગ થઇ પડયો, પણ મારે તો શ્રી ભગવત્ કૃપાથી આંખ, કાન અને કાળજુ સર્વ સાબૂત છે તો પછી હું તેની કપટજાળમાં કેવી રીતે ફસાઉં? હે મન ! જ્યારે ધૃતિરૂપી ગાય એ એવું કહ્યું ત્યારે મેં તે તૃષ્ણારૂપી શિયાળને ક્રોધ-યુક્ત વચનોથી ખુબ ધમકી આપી જેથી તે ધૃતિરૂપી ગાયને છોડી નિરાશ થઇને ચાલી ગઇ અને તે

धृति तेना पंजामांथी बची गई. એ પ્રકારે અરે દુષ્ટ મન ! તને પણ તેજ તૃષ્ણા ભમાવી ભોગોમાં આશક્ત કરી દુઃખ દે છે માટે તેને તું છોડી દે.

સત્સંગ—અરે અધમ મન ! વિષયોથી નિવૃત્ત થઈ સંતોના શરણમાં જા. અરે ! સંતોનો સત્સંગ પરમાનંદનો હેતુ છે. અને જો, સત્સંગનો મહિમા કેવો ઉત્તમ છે, તે માટે કહ્યું છે કેઃ—

लघु जनः सज्जन संग संगात् ,
करोतिदुस्साादि मपि सुसाध्यम् ॥
पुष्पाश्रया शंभु शिरोधीरूढं,
पिपीलिका चुम्बति चन्द्र बिम्बम् ॥

આનો ભાવાર્થ એ છે કે—ગુલાબ, મોગરા આદિ પુષ્પની સાથે કોઈ કીડી શ્રી મહાદેવજીના મંદીરમાં ચાલી ગઇ અને જ્યારે પુજારીએ તે પુષ્પો શ્રી મહાદેવજીના મસ્તક પર ચઢાવ્યા (મહાદેવજીના મસ્તકમાં ચંદ્રમા રહે છે અને ચંદ્રમાના મુખમાં સદા અમૃત છે) ત્યારે તે પુષ્પનો આશ્રય

લઇને મહાદેવજીના મસ્તક ઉપર ચઢેલી કીડી ચંદ્રમાના મુખને ચુસવા લાગી. અર્થાત્ અમૃત પીવા લાગી. હવે જુઓ, આ કીડીનું એવું પ્રારબ્ધ ક્યાંથી કે તેને અમૃત પીવાને મળે. પરંતુ તે કીડી પુષ્પના સંબંધથી અમૃતનું પાન કરે છે. એ પ્રકારે તુચ્છ બુદ્ધિવાળા પુરૂષો પણ મહા મહેનતથી પ્રાપ્ત થવા યોગ્ય જે મોક્ષ છે તેને મહાત્માઓના સત્સંગથી સહેલાઇથીજ પ્રાપ્ત થઇ જાય છે. અરે દુષ્ટ મન ! તું પણ એ પ્રમાણે સર્વ આશ્રયથી રહિત થઇને મહાત્માઓનો સત્સંગ કર કે જેથી સર્વ દુઃખોથી છુટીને પરમપદને પ્રાપ્ત થઈ જાય; કારણ કે વિષયોથી વિરક્ત થઇનેજ જેઓ સત્સંગ કરે છે તેઓને સત્સંગના ફળરૂપ મોક્ષનો લાભ થાય છે. જેમ પુષ્પની સમીપ જે વસ્તુ રહે છે તેમાં પુષ્પની સુગંધ અવસ્યજ આવી જાય છે. પરંતુ તેજ પુષ્પની સદૈવ પાસે રહેવાવાળા વૃક્ષ ઉપર જે પાંદડા રહે છે તેમાં સુગંધિ આવતી નથી પણ જ્યારે તે પાંદડા વૃક્ષ ઉપરથી ખરી નીચે પડે છે અને પછી પુષ્પનો સંબંધ થાય છે તો તેમાં પછી પુષ્પની સુગંધ આવે

છે. એ પ્રકારે સંસારથી છુટીને જે મહાત્માઓનો સત્સંગ કરેછે, તેજ પુરૂષ સત્સંગના ફળરૂપ પરમાનંદને પ્રાપ્ત થાય છે. એ પ્રકારે તું પણ વિષયોનો ત્યાગ કરીને મહાત્માઓના શરણે જઇને પરમ લાભ મેળવ.

વિચાર—અરે નીચ મન ! તું જરા વિચારતો કર કે તારૂં કેવું સ્વરૂપ છે અને તું કયા પદાર્થમાં આશક્ત થઇને દુઃખ પામે છે. અરે ! સાંભળ કોઈ એક સિંહણ બચ્ચાને જન્મ આપતાંજ મરી ગઇ. તે સમયે થોડે દૂર એક ભરવાડ ઉભો હતો તે આ તુરતના જન્મેલા બચ્ચાને પોતાને ઘેર લઈ ગયો અને દૂધ પાઇને મોટું કર્યું. થોડા દિવસ પછી તેને ઘેટા બકરાના ટોળા ભેળું મુકી દીધું, અને તેની ભેળા તેમના જેવીજ વર્તણુંક કરતા તે શીખ્યું; ઘાસ, પાન તથા વિષ્ટા ખાવા લાગ્યું, અને તેમની માફક બેં બેં કરતા પણ શીખી ગયું. એક દિવસ વનમાં તે ભરવાડ ઘેટા બકરાનું ટોળું લઇ ગયો હતો ત્યાં દૈવયોગથી એક સિંહ આવી ચઢ્યો. તેણે આ બચ્ચાને ઘેટા બકરાના ટોળામાં ફરતું જોયું તેથી તેને વિચાર આવ્યો કે આ છે તો સિંહનું બચ્ચું, છતાં તે

તેમની સાથે કેમ રહે છે, અને તેઓને ખાઈ કેમ નથી જતુ. તે સિંહને એ ઉપરથી એમ વિચાર થયો કે એને પોતાના સ્વરૂપનું ભાન ન હોવાથી અને બચપણથી એ ઘેટા બકરાનાં ટોળામાં રહેવાથી તેમના જેવું થઈ ગયું છે માટે હવે હું તને પોતાના સ્વરૂપનું ભાન કરાવું. એમ ધારી તણે તેને પકડી લીધું અને પકડી જળને કીનારે લઇ જઇ જળમાં તેને પોતાનું સ્વરૂપ દેખાડયું કે તું તો સિંહ છું. ઘેટા બકરાની સાથે શા માટે ફરે છે. જ્યારે તેણે પોતાના સ્વરૂપને જાણ્યું ત્યારે તેજ વખતે તે પોતાને સિંહ જાણીને તે બચ્ચાએ એક મોટી મહાન ભયંકર ગર્જના કરી અને તે ઘેટા બકરાના ટોળાને મારી ખાઇ ગયું. એ પ્રકારે તું તો શુદ્ધ સચ્ચિદાનંદ સ્વરૂપ સિંહ છું. પરંતુ ઇંદ્રિઓરૂપ ઘેટા બકરાના સંબંધથી ભોગરૂપ વિષ્ટા ઘાસ ખાય છે તો હવે તારા પ્રારબ્ધના સંયોગે સિંહરૂપ શ્રી ગુરૂએ હું વિચારરૂપ જળ તેને કીનારે તને પકડીને આણ્યું છે. તો હવે તું મારામાં જરા તારા પોતાના સ્વરૂપને તો જો કે "હું કોણ છું અને શું કામ કરૂં છું"

અર્થાત્ તું શુદ્ધ સચ્ચિદાનંદ સ્વરૂપ સિંહ થઇને ભોગરૂપ વિષ્ટામાં આશક્ત થઈ રહ્યોછું. એથી તને કોટી કોટી ધિક્કાર છે. અરે ! વિષ્ટાને છોડીને પોતાના અમૃત સ્વરૂપમાં સ્થિત થા.

જ્ઞાન—અરે મૂઢ મન ! જોતો ખરો આ સર્વ ઇંદ્રિયગણુ અને વિષયભોગ અર્થાત્ સર્વ સંસાર તારો તો વિલાસ છે અને વિલાસ પણ તારાથી પ્રથક્ નથી. જેમ સુર્યથી પ્રકાશ, અને જળથી શિતળતા પ્રથક્ નથી. એ પ્રકારે વિલાસરૂપ સંસાર પણુ તારાથી ભિન્ન નથી: તું તેને તારા પોતાથી પ્રથક્ માને છે તેથીજ તો તું તેમાં આશક્ત થયોછું અને દુઃખ પામે છે. જેમ કરોડીઓ ત્યાં સુધી જાળમાં ફસીને દુઃખ પામે છે કે જ્યાં સુધી તેણે જાળને પોતાથી પ્રથક્ માની છે. પણ જ્યારે તેને ભાન થાય છે કે આ જાળ મેંજ બનાવી છે અને મારીજ લાળ-થુંક-થી બની છે ત્યારે તે જાળને ખાઇને—પોતાનામાં સંકેલી લઇને—સુખી થાય છે. એ પ્રકારે તું આ સર્વ સંસારને પોતાનો વિલાસ જાણી કરી તેને ખાઈ અર્થાત્ ઝાંઝવાના જળની

માફક મિથ્યા જાણી સુખી થઇ જા. કારણ કે કરોડી-
ઓ જેમ જાળનું અભિન્ન નિમિત્તોપાદાન કારણ છે
તેમ તું પણ સંસારનું અભિન્ન નિમિત્તોપાદાન
કારણ છે; અર્થાત્ નિસ્સ્ફુરણરૂપ ચૈતન્યનું સ્ફુરણરૂપ
મન છે તેજ આ જગતનું કારણ છે. કારણ કે
સામાન્ય વિશેષ ભાવ રહિત નિસ્સ્ફુરણરૂપ ચૈતન્ય
આત્મામાં તો જગતનું કારણજ નથી, અને જગત
થયું છે ચૈતન્યથીજ. એ કારણથી ચૈતન્યનું સ્ફુરણ
રૂપજ જગતનું કારણ છે. તેજ તું મન છે. અર્થાત્
ચિદાકાશથી ચિત્તાકાશ થાય છે અને ચિત્તાકાશથીં
ભૂતાકાશ થાય છે. તે ભૂતાકાશ ચિત્તાકાશમાં લય થાય
છે અને ચિત્તાકાશ ચિદાકાશમાં લય થાય છે.
તે ચિદાકાશ નિસ્સ્ફુરણ રૂપ છે અને તેજ સ્ફુરણરૂપ
ચિત્તાકાશ થઇને જગતનું કારણ બને છે. અને તેનું
કાર્ય જે સંસાર તે ભૂતાકાશ છે. એ કારણથી
નિસ્સ્ફુરણરૂપ ચિદાકાશનું સ્ફુરણરૂપ તું ચિત્તાકાશ
છે. એટલા માટે તુંજ જગતનું અભિન્ન નિમિત્તો
પાદાન કારણ છે. હવે સંતોષ, સત્સંગ, વિચાર,
અને જ્ઞાન એ ચારે મંત્રીઓએ મનને પ્રથક્ પ્રથક્

ઉપદેશ કરીને બંધ રહ્યા.

વિવેક—(સર્વને ચુપ રહ્યા જોઇને) અરે ભાઈ મન! તું કાંઈ સમજ્યો કે બધુ ધૂળપર લીંપણુ? ભેંસ આગળ ભાગવત જેવું તો નથી થયુંને ?

મન—(ઉદાશ થઇને) કહો ભાઇ ! કહો ! તમારો કહેવાનો સમય આવ્યો છે. જેમ ઠીક પડે તેમ તમે પણ સુખેથી કહો. મીત્ર ! પડયા ઉપર એક પાટુ તમે પણ મારો.

વિવેક—(રોફથી) હું શું કહું. શ્રી મહારાજે-જ જે કાંઇ કહેવાનું હતું તે કહી દીધું છે. પરંતુ હું તને એ કહુંછું કે હે મૂઢ ! હવે તું તે ભોગરૂપ કિચડને ખુંદવો બંધ કર, અર્થાત્ વિષયોથી નિવૃત થઈ જા કે જેથી આ જીવ પોતાના આનંદગઢને સુખપૂર્વક પ્રાપ્ત થઈ જાય.

મન—(દ્રઢતાથી) શ્રીમહારાજે જે કહ્યું તે તો સર્વ ઠીક છે અને મેં પણ તેને પરમ હિતકર જાણીને શીરપર ધારણતો કર્યું છે પણ મારી દાઝ બરોબર હોલવાઈ નથી. એક અંતરાય રસ્તામાં આવ્યો જેથી

તે છટકી જવા પામ્યો છે. મારા વહાલાને શું ભૂત ભરાઇ ગયું. આજદિન સુધી તો તે વિષયોને અમૃત સમાન માનતો હતો અને તેનેજ પોતાનું ખરૂ જીવન જાણતો હતો. અને હવે નાહકનો મારી સાથે ઝઘડો કરી રહ્યાં છે મારૂં જો ચાલ્યું હોત તો તેને કયારનો-એ ઠેકાણે કરી દીધો હોત, પણ શું કરૂં, તે સમયે એક સાધુ આવી ગયો એથી તે બચી ગયો અને આપના દરબારના દર્શન કરવા પામ્યો. હજુ કયાં સમય વહી ગયો છે. અહિંઆજ કાંઈ બેસી રહેવાનો હતો. બહારતો નીકળવા દો. મારી ચોકીમાંથી છટકી જવું કેટલા શેરનું છે.

આવું સાંભળીને શ્રી ગુરૂની સર્વ સભા ખડખડ હસવા લાગી ત્યારે તે નિર્લજ્જ મન પણ સામો હસવા લાગ્યો પણ જયારે શ્રી ગુરૂએ કોપ દ્રષ્ટિ કરી તેને ધમકાવ્યો ત્યારે તે શાન્ત થયો અને થર થર ધ્રુજવા લાગ્યો. શ્રીગુરૂનો તાપ તેનાથી સહન ન થઇ શક-વાથી કહેવા લાગ્યો કે "**त्राहिमाम् त्राहिमाम्, त्राहिमाम्,** હે નાથ! મારી રક્ષા કરો. હે શ્રી મહા-

રાજ ! હું અત્યંત પાપી અને અધમ છું. હવે આપ કૃપા કરીને મને દિનને આપના ચરણોની સેવામાં લઇને શરણે રાખો અને જેવી શ્રી ગુરૂ મહારાજની આજ્ઞા થશે તે પ્રમાણેજ હવે કરીશ.

ગુરૂ—(મનના પ્રતિ) ઠીક, હવે તું અહિંઆંથી જા, અને ભોગરૂપી જે આડ વચમાં નાંખી છે તેને દૂર કર કે જેથી આ જીવ પોતાના આનંદગઢને પ્રાપ્ત થાય.

મન આજ્ઞાને માથે ચઢાવી પ્રણામ કરી ત્યાંથી ચાલ્યો ગયો. પછી શ્રીગુરૂ મહારાજે જીવને કહ્યું કે—હે જીવ! તું જોતો ખરો કે એ મન કાંઇ તારાથી બળવાન નથી. તેની સાથે યુક્તિપૂર્વક યુદ્ધ કર્યું હોત તો તે હારી જઈ તારે વશ થાત. હશે! તે મન અવશ્ય બહુરૂપીયું અને ધોખાબાજ તો છેજ. તેં એનું કહ્યું આજ દીન સુધી માન્યું એજ ખોટું કર્યું. જે કોઇ પુરૂષ એ મનનું કહ્યું એકવાર પણ નથી માનતો તે પુરૂષ એ મનને જીતવાને સમર્થ થાય છે કારણ દાશની શક્તિ તે કેટલી હોય. એ કારણથી તું હવે તેનું કહ્યું બીલકુલ માનીશ નહિ. અર્થાત

તેના સુખદુઃખ આદિને તારામાં આરોપણ કરીશ નહિ. કારણ કે તું તો શુદ્ધ સચ્ચિદાનંદ સ્વરૂપ છું તો તેના સુખદુઃખને તારામાં માની લઇ શા માટે સુખીદુઃખી થાય છે. વળી વિચાર કરીને જોતાં તે મન પણ વાસ્તવમાં વંધ્યાના પુત્ર સમાન મિથ્યા છે તે મૃગતૃષ્ણાના જળવત્ પદાર્થોથી વાસનારૂપ તરસ ન મટવાથી દુઃખી થાય છે. તે મિથ્યા પુત્રરૂપ મન અજ્ઞાનથી ઉત્પન્ન થયું છે. અને જ્ઞાનથી નષ્ટ થઇ જાય છે. તે જ્ઞાન સ્વરૂપ તારો આત્મા છે. તો હવે શા માટે તું દુઃખી થાય છે. એ સાંભળી જીવ ગદ્ ગદ્ કંઠ થઈને સ્તુતિ કરે છેઃ—

જીવ—(દોહા)"તવ પ્રભુ દરશ પ્રભાવ યહ,
સુલભ ભઇ મન આશ;
દરસ્યો આપન આપમેં,
શ્રી આનંદ પ્રકાશ.

(ચોપાઇ) નિર્ગુણ સગુણ અમિત ગુણ જ્ઞાતા,
ગુણ તુમ્હાર સબ જગ વિખ્યાતા;
તુમ સમાન નહી દાતા સ્વામી,
મોસમ અધમ કુટીલ ખલ કામી.

તાતેં મેં શરણાંગત આયો,
નાથ ઔર કહિં ઠૌર ન પાયો;
બંધ્યાને મન બાલક જાયો,
દંડ હીન જીન મોહિ નચાયો.
રવિકર નિકર પિયનકો ધાવૈ,
વદન વિના કસ પ્યાસ બુઝાવૈ;
તાસોં દુઃખ પાવૈ અતિ ભારા,
બહુરિ ભ્રમત નહિં કરત બિચારા.
જીમિ મર્કટ નલનીકો સૂઆ,
આપહી આપ બંધા વિન હૂઆ;
તુમ પ્રભુ ઐસો ભેવ લખાયો,
વિન અપનં કુછ ઔર ન પાયો.

જગ તુમમેં તુમ જગતમેં, લીલા લિખા ન જાય;
મુઝ અજ્ઞાન દીન બાળપેં, કીજૈ નાથ સહાય.

હે પતિત પાવન! આપે આ પતિતને ખરેખર કૃતાર્થ કરી દીધો. (એવું કહી તે જીવરૂપ ધરડો સંઘો મનુષ્ય પરમાનંદ સ્વરૂપમાં મગ્ન થઇ ગયો.)

લહેર ૭ મી.

સ્થાન—શ્મશાન ભૂમિ.

ખરા મધ્યાનનો સમય થયો છે. બળતાં અંગારાની માફક સૂર્યનારાયણ પોતાના પ્રચંડ કીરણો ચોતરફ ફેંકી રહ્યા છે. રસ્તે ચાલતા વટેમાર્ગુઓ પણ ચાલવું બંધ કરી વૃક્ષની છાંયાનો આશ્રય લેવા લાગ્યા છે. પશુ પક્ષીઓ પણ જળાશયના વૃક્ષોપર બેઠા બેઠાજ કલ્લોલ કરે છે. આવા સમયે મૃગયા નિમિત્તે નિકળેલ રાજા જ્ઞાનશેખર પણ તપાયમાન થઇ રહેલ સૂર્યના પ્રચંડ કીરણો સહન ન થવાથી એક જળાશય આગળના ઘટાદાર વટવૃક્ષ નીચે ઘોડાને છુટો મુકી વિચારગ્રસ્ત ચહેરે બેઠો છે. પાસેના વૃક્ષ નીચે તેનો એક દૂત પણ બેઠો છે અને રાજાને વિચારમાં મગ્ન જોઇ તેની આજ્ઞાની વાટ જોતો હોયની એમ દેખાય છે.

"શું રાણીએ સત્ય કીધું હશે? પતિના મૃત્યુ-

ના સમાચાર સાંભળતાંજ વિરહરૂપ અગ્નિ તે શી રીતે પ્રગટ થાય કાષ્ટમાંથી અગ્નિ પ્રગટ કરવો હોય તોપણ તેને મથન કરતા કેટલી મહેનત પડે છે ત્યારે પ્રગટ થાય છે તો આતો શબ્દ સાંભળતાંજ અગ્નિ પ્રગટ થાય. એ તે શી રીતે મનાય? આનું ખરૂં પારખું તો લેવુંજ જોઈએ. પ્રત્યક્ષ પ્રમાણ વિના ખરૂં શી રીતે કહી શકાય. બસ, ત્યારે હવે તેની બરોબર પરીક્ષા કરૂં. જે હશે તે જણાઈ આવશે."

આ પ્રમાણે નિશ્ચય કરી રાજાએ તુરત પોતાના વસ્ત્રો ઉતારી દૂતને કહ્યું કે–આને રૂધીરમાં રગદોળીને રાણી પાસે લઇ જા અને મને જાણે કોઇ અજ્ઞાનરૂપ સિંહે મારી નાંખ્યો છે એ પ્રમાણે તેના મનમાં દ્રઢ થાય એવી ચેષ્ટા કરીને કહેજે. હું પણ પાછળથી આવું છું અને જોઉં છું કે કેમ વિરહ અગ્નિ પ્રગટ થાય છે.

આ પ્રમાણે રાજા જ્ઞાનશેખરની પ્રેરણાથી મોકલાયેલ દૂત રાજાના વસ્ત્રોને બરોબર લોહિમાં રગદોળી હાથમાં રાખી રોતો, માથુ કુટતો રાજમહેલ નજીક આવી એકદમ પૃથ્વી ઉપર ઢળી પડયો.

દૂત—(પૃથ્વીપર પડીને) હાય, હાય! ઘણુંજ ખોટું

થઇ ગયું. અરેરે ! મારૂં સર્વસ્વ નષ્ટ થઈ ગયું કે મારો અન્નદાતા જતો રહ્યો. હતો-ન હતો થઇ ગયો. અરેરે ! હવે હું શું કરૂં. ક્યાં જાઉં. આ વેદના મારે કોને કહેવી. હાય, હાય ! હવે થઇ રહ્યું.

આ પ્રમાણે દૃતને ઉંચે સ્વરથી રૂદન કરતો સાંભળી રાણી બુદ્ધિમતિ પોતાની સાહેલીઓ સાથે એકદમ નીચે ઉતરી આવી અને ગભરાઈ જઇને દૂતને પૂછવા લાગી.

રાણી—અરે કેમ, કેમ, કેમ ! આ પ્રમાણે કેમ રૂદન કરે છે. શું થઈ ગયું ?

દૂત—(રોતા રોતા) હાય, હાય ! આજ મારૂં સર્વસ્વ નષ્ટ થઈ ગયું કે શ્રી મહારાજ જ્ઞાન શેખરને અજ્ઞાનરૂપ સિંહ કે જે દંભ, કપટાદિકોમાં શિરોમણી હતો તેણે ગ્રાસ કરી લીધો છે.

આ પ્રમાણે કહેતાંજ તે દૂત મૂર્છિત થઇને પૃથ્વીપર પુનઃ પડી ગયો. અને તેની આવી દશાને જોઇને તથા તેની પાસે રહેલ રાજાના પંડના વસ્ત્રને રૂધિર વાળા જોઈને દાસીઓ પણ અનેક પ્રકારથી રૂદન કરવા લાગી. પરંતુ બુદ્ધિમતિ રાણીને જરાપણ

શોક થયો નહિ. તેના અંતઃકરણમાં આ બનાવથી જરાપણ થડકારો થયો નહિ કારણ કે તેણે એવો વિચાર કર્યો કે રાજા જ્ઞાનશેખરને બીચારૂ અજ્ઞાન શું કરી શકે ? દુનિઆ ભરમાં તેનું કોણ અનિષ્ટ કરનાર છે ? આ પ્રમાણેની જે વિચિત્ર લીલા રચાઈ છે તે ફક્ત મારી પરીક્ષાને માટેજ છે. (આવો વિચાર કરી રાણી બુદ્ધિમતિ દાસીઓને શાન્ત થવાને સમજાવે છે.)

રાણી—(દાસીઓને) હે મારી વહાલી સખીઓ ! જ્યાં મારા જ્ઞાનશેખર રાજા ગયા છે ત્યાં હું પણ જાઉં છું.

દાસી—(દ્રઢતાથી હાથ જોડીને) હે શ્રી મહારાણીજી ! આપતો જાણોજ છો કે આ મનરૂપ દૂત મહાદુષ્ટ અને મિથ્યા બકવાદ કરનારો છે. તો પછી આપે એ દુષ્ટનું કહેવું કેવી રીતે સત્ય માની લીધું. વળી અમારી દ્રષ્ટિમાં તો શ્રી જ્ઞાનશેખર મહારાજાને મારવાવાળો કોઈ ઉત્પન્નજ થયો નથી અને થશે પણ નહિ. અરેરે ! આવા દુઃખદાયક શબ્દો બોલતા તે દુષ્ટની જીભ ક્યાં ન કપાઈ ગઈ? અમો આપને ખરે-

ખરૂં કહીએ છીએ કે—શ્રી મહારાજનું શરીર શાન્ત થયું નથી. આપ નિશ્ચિંત રહો.

રાણી—(હસીને) હે પ્યારીઓ ! મને એવો નિશ્ચય છે કે શ્રી મહારાજનું શરીર છુટયું નથી. પરંતુ મારી તેઓશ્રીની સાથે એ પ્રતિજ્ઞા છે કે " આપનું મૃત્યું સાંભળતાંજ હું વિરહરૂપ અગ્નીથી મારા શરીરને ત્યાગી દઈશ " એ કારણથી જો હું હવે શરીરને ન ત્યાગી દઉં તો શ્રીમહારાજ આવીને મારી બહુજ હાંસી કરશે અને વળી કહેશે કે કેમરે તું તો કહેતી હતીને કે હું વિરહથી શરીરને ત્યાગી દઈશ તો આ તે શું થયું? તારો વિરહ અગ્નિ કયાં ગયો. બીજાનું પ્રેમજળ તે ઉપર પડયું કે શું ? આવા આત્રા મહેણાંના શબ્દો સાંભળવાથી મારે મરણથી પણ અધિક દુઃખી થવું પડે. કારણ કે પ્રતિષ્ટિત પુરૂષની જે અપકીર્તિ છે તે મૃત્યુથી પણ અધિક છે. એટલા માટે મારે આ સમય શરીરને ત્યાગવુંજ યોગ્ય છે. અને જો શ્રીમહારાજના ચરણોમાં મારો સાચો પ્રેમ હશે તો વળી હું પાછી મારા સ્વામીને મળીશ. એવું કહીને રાણીએ વિરહ

રૂપ અગ્નિથી શરીરને ત્યાગી દીધું. તે વખતે દાસીઓ અનેક પ્રકારથી હાહાકાર શબ્દો વડે રૂદન કરવા લાગી. તેમની આંખોમાંથી ચોધારે આંસુઓ વહેવા લાગ્યા.

આ પ્રમાણેના હાહાકાર શબ્દો સાંભળી બહારના માણસો દોડી આવ્યા. એટલામાં રાજા જ્ઞાનશેખર પણ ત્યાં આવી પહોંચ્યો અને રાણીના મૃતક શરીરને જોતાંજ મૂર્છિત થઇને જમીન ઉપર ઢળી પડયો અને રાજાને આ પ્રમાણે મૂર્છિત થયેલ જોઈ સર્વ સ્ત્રીઓ ચૂપ થઈ ગઇ.

રાજા—(સાવધાન થઇને) હાય, હાય ! આ મેં કેવી મૂર્ખતા કરી. ધર્માત્મા પુરૂષની પરીક્ષા કરવાનો જે દોષ છે તેનું ફળ મને આજ મળી ચુકયું. આ પ્રકારે ઉંચા સ્વરથી રૂદન કરતો થકો રાજા ઘણોજ પ્રશ્ચાતાપ કરવા લાગ્યો. અને રાજાને રૂદન કરતા તથા હાહાકારના થતા શબ્દો સાંભળીને ઘણા લોકો તથા મંત્રી વર્ગ ભેળા થઈ રાજા પાસે આવ્યા. રાણીના મૃતક શરીરને અને રાજાને દુઃખનાં સમુદ્રમાં ડુબેલા જોઇને તે સર્વે ઘણો ખેદ કરવા લાગ્યા. પરંતુ તે-

એમાંથી એક મંત્રી હિમત કરીને પોતાના સ્વામીના દુઃખની નિવૃત્તિ કરવી એ પરમ ધર્મ છે એમ સમજી નમ્રતાપૂર્વક રાજાને સમજાવવા લાગ્યો.

મંત્રી—(ઉદાસ થઇને) હે શ્રી મહારાજ ! જોકે આવા ધર્માત્મા અને સજ્જન પુરૂષોનો વિયોગ થવો એ મહા દુઃખનો હેતુ છે, પણ શું કરીએ. એમાં આપણું કાંઇ ચલણ છે. ઇશ્વરેચ્છા બળવાન છે.

રાજા—(એકદમ બેહુબાકળો થઇને) શું ત્યારે રાણી મરી ગઈ ?

મંત્રી—(રોઇને) હે મહારાજ ! એવા દુઃખરૂપ શબ્દો કહેવાને મારી જીભ ઉપડતી નથી.

રાજા—(હાથ ચોળતા) હાય ! હાય ! કાળો કેર થઇ ગયો. અરેરે ! મારી મૂર્ખતાથી મને આવી પતિવ્રતા સ્ત્રીનો વિયોગ થઈ ગયો.

મંત્રી—(હાથ જોડીને) હે શ્રી મહારાજ ! આ સર્વ ઇશ્વરેચ્છાથી બની ગયું છે. ભાવીજ ભૂલવે છે અને થવાનું થઈ જાય છે એમાં પુરૂષની બુદ્ધિ કાંઇ પણ કામ લાગતી નથી. એટલા માટે આપ હવે શોકનો ત્યાગ કરી શ્રી મહારાણીના શરીરને અગ્નિ

સંસ્કાર કરવાની આજ્ઞા આપો. આપને ક્યાં ખોટ છે. આપની સુકીર્તિ ચોતરફ ચાલી રહી છે તો આપને જલદીજ એથી પણ ઉત્તમ રાણી મળી રહેશે.

રાજા—(અત્યંત દુ:ખી થઇને) હે મંત્રી ! આ તમો શું બોલોછો? શું સર્વ વનોમાં ચંદન હોયછે? શું સર્વ પુરૂષ સાધુ હોય છે? અને શું સર્વ સર્પોના મસ્તકમાં મણી હોય છે ? એ પ્રકારે શું સર્વ સ્ત્રી પતિવ્રતા હોય છે ?

મંત્રી—હે શ્રી મહારાજ ! આપ કહોછો તે તદ્દન ખરૂં છે. સંપૂર્ણ સ્ત્રીઓ પતિવ્રતા હોતી નથી. પણ શું કરીએ. આપણું કાંઈ એમાં ચાલે એમછે. ઈશ્વિરની ઈશ્વિરતામાં તર્ક વિતર્ક કરવાને કોણ સમર્થ છે ? અર્થાત્ તેમાં કોઇની પણ ચાંચ ખુંચે એમ નથી.

રાજા—(ઉદાશ થઈને) હે મંત્રી ! રાણીના વિયોગનુંજ દુ:ખ થાય છે એવું કાંઈ નથી, પણ હું તો મહા પાતકી થઈ ગયો. કારણ કે ધર્મ શાસ્ત્રમાં લખ્યું છે કે:—

ब्रह्महत्या सुरापानं, स्तेयं गुर्वङ्गनागमः ।
महान्ति पातका न्याहुः संसर्गश्चा—पि तै सह ॥

ભાવાર્થ—એક તો બ્રહ્મ હત્યારો એટલે બ્રહ્મ વેત્તા ધર્માત્મા પુરૂષને દુઃખ દેવાવાળો અને બીજો મદિરાને પીવાવાળો અને ત્રીજો સોનાની ચોરી કરવા વાળો અને ચોથો ગુરૂની સ્ત્રીં સાથે ભોગ કરવા વાળો અને પાંચમો એ ચારોનો સંગી અર્થાત્ જો કોઈ પુરૂષ એ ચારોની સાથે એક વર્ષ દિવસ સુધી સહવાસ રાખે તો તે પણ મહા પાપી થઈ જાય છે. એ પાંચે પુરૂષો મહા પાતકી થાય છે એવી શાસ્ત્રની આજ્ઞા છે. હે મંત્રી! જ્યારે બ્રહ્મવેત્તાને દુઃખ દેવુંજ એ મહા પાતક છે તો આ બ્રહ્મવેત્તા રાણીએ તો મારે માટે શરીરનોજ ત્યાગ કર્યો છે. એથી હું મહા પાતકીથી પણ અધમ થઈ ગયો.

મંત્રી—હે શ્રી મહારાજ ! શરીર તો સર્વ કોઈ ત્યાગે છે પરંતુ શરીરને ત્યાગવાથી જે દુઃખ થાય છે તે દુઃખને દેવાવાળાનું નામ મહા પાતકી છે, પરંતુ અમારા મહારાણીજીને તો શરીર ત્યાગવામાં

જરાપણ દુઃખ થયું નથી. કારણ કે જે પુરૂષને અનાત્મા–નાશવાન–પદાર્થોમાં આશક્તિ હોય છે તેનેજ પદાર્થોના વિયોગથી દુઃખ થાય છે અને જેને આશક્તિ નથી હોતી તેને બીલકુલ દુઃખ થતું નથી. તેમાં અમારા મહારાણીજીને તો પદાર્થોમાં આશક્તિ લેશમાત્ર પણ નહોતી તો પછી પદાર્થોના વિયોગથી તેમને દુઃખ કેમ કરીને થયું હશે? દુઃખ ન થવાથી આપ પાતકી પણ ન થયાં અને આ સમયે આપનો એજ ધર્મ છે કે શોકને છોડી દઇ મહારાણીજીના શરીરને વિધિવત્ અગ્નિસંસ્કાર કરો.

રાજા—અરેરે ! હું તે શું કહું ! હું તો આ સ્ત્રીથી પણ અધમ છું; કારણ રાણીનું સાચુ મૃત્યું જોઇને પણ મારૂં શરીર છુટયું નહિ. ત્યારે એણે તો મારા મૃત્યુને સાંભળતાંજ પોતાના શરીરને છોડી દીધું અને એટલી પણ તપાસ ન કરી કે–રાજાનું શરીર છુટયું છે કે નહિ.

મંત્રી—હે શ્રી મહારાજ ! આપ આવા શૂરવીર અને પ્રતાપી થઇને આમ અધીરા કેમ થઇ ગયાં છો. આપ આવી કાયરતાને યોગ્ય નથી. હવે

વિલંબ ન કરતાં મહારાણીના શરીરને અગ્નિ સંસ્કાર કરો.

રાજા—(આશ્ચર્ય થઇને) હે મંત્રી ! શું મારી પ્રાણ પ્યારી રાણીએ ખરેખર શરીરને છોડી દીધું કે હું સ્વપ્નુ દેખું છું ?

મંત્રી—(હાથ જોડીને) હે શ્રીમહારાજ ! મરવું–જીવવું અને રાણીનું હોવું ન હોવુ અને અમારૂં અને આપશ્રીનું હોવું એ સર્વ સ્વપ્નજ સ્વપ્ન છે. એમાં સાચ્ચુ જરા પણ નથી; તો પછી આપ વિચારવાન થઇને સ્વપ્નમાં રાણીના મૃત્યુને જોઇને શા માટે દુઃખી થાઓ છો ? અને જ્યારે સ્વપ્નવત્ મિથ્યા પદાર્થોમાં આપનીજ એટલી આશક્તિ છે તો પછી અમારા જેવાની તો શી દશા થશે ? કારણ કે જેવું જેવું આચરણ શ્રેષ્ટ-મોટા–પુરૂષો કરે છે તેવું તેવુંજ તેની સમીપમાં રહેવાવાળા બીજા પુરૂષો પણ કરવા લાગે છે. એટલા માટે આપ એ કાયરતાને છોડી ધૈર્યવાન થઇને મહારાણીજીના શરીરને અગ્નિ સંસ્કાર માટે આજ્ઞા આપો.

રાજા—હે મંત્રી ! મેં પોતાની મૂર્ખતાવડે

પોતાના હાથથી પોતાના પગપર કુહાડો માર્યા જેવું કર્યું છે. ભલા હવે જે થયું તે થયું એમાં આપણે જેટલો પ્રયત્ન કરીશું તે સઘળો નિષ્ફળ છે. અને એમ નકામા દુઃખી થવું એથી વિશેષ મૂર્ખતા બીજી શું ! ઠીક ત્યારે હવે રાણીના શરીરને અગ્નિ સંસ્કાર માટે સર્વ તૈયારીઓ કરો.

આજ્ઞા થતાંજ મંત્રીએ ચારો તરફ માણસો દોડાવી સર્વ સામગ્રી તૈયાર કરાવી દીધી. ચંદન અને કર્પૂરાદિ અનેક પ્રકારની સુગન્ધિત સામગ્રી સ્મશાન ભૂમીમાં તૈયાર થયા બાદ રાણીના શરીરને ત્યાં લઈ ગયા અને તૈયાર રાખેલ ચિતામાં રાણીના શરીરને પધરાવ્યું. તે વખતે રાજા રાણીને આ પ્રમાણે ચિ-તામાં સુતેલી જોઇ એકદમ મૂર્છા ખાઇને જમીનપર ઢળી પડયો.

મંત્રી—(રાજાનો હાથ પકડીને) અરેરે ! આ તે કેવું અજ્ઞાન—કે જેનો શોક ન કરવો જોઇએ તેનો પણ શોક કરાય છે અને તે માટે મરણ તોલ થવાય છે.

રાજા—(ગભરાયને) હે મંત્રી ! શું આ મારીજ

પ્રાણ પ્યારી છે? (માથુ કુટીને) હાય, હાય! ઘ-ણુંજ ખોટું થયું. મારૂં સર્વસ્વ નષ્ટ થઈ ગયું.

આ પ્રમાણે રાજા રૂદન કરતો થકો મહા દુઃખ રૂપ સમુદ્રમાં ગોથાં ખાય છે એટલામાં એક મહાત્મા ફાટી-તુટી ગોદડી કાંધમાં (બગલમાં) રાખી તથા એક બેડોળ ફુટલી તુંબડી હાથમાં લઇને માથુ કુટતો તથા રૂદન કરતો ત્યાં આવી ચઢયો.

સાધુ—(માથુ કુટીને) હાય તુંબી, હાય તુંબી, હાય તુંબી, હે મારી પ્રાણ પ્યારી તુંબી! તું મને રો-તો-થ-કો છોડીને ક્યાં ચા-લી-ગઈ. આ પ્રમાણે કહીને તે સાધુ જમીન પર ઢળી પડયો.

રાજા--(મંત્રીને) હે મંત્રી! આ કોણ છે અને ક્યાંથી આવે છે? આમ રૂદન શા માટે કરે છે?

મંત્રી—(સાધુ તરફ જોઇને) હે શ્રીમહા-રાજ! આ કોઈ સાધુ છે અને એની તુંબડી ફુટી ગઈ છે તે તુંબડીને માટે માથુ કુટી કુટીને રૂએ છે.

રાજા—(ઉઠી સાધુને) હે સાધુ! તું ખરેખર ઘણોજ મૂર્ખ છે. એક નજીવી તુંબડીને માટે આમ રૂદન કરે છે. આતે શું કહેવાય!

સાધુ—(હસીને) હું તો મૂર્ખજ છું પરંતુ તું કોઇ મોટો બુદ્ધિશાળી લાગે છે. જોતો ખરો એ બદામની સ્ત્રીને માટે આમ માથુ કુટી કુટીને રૂએ છે. એના જેવો બુદ્ધિશાળી બીજો કોણ ?

રાજા—હે સાધુ ! રાણી તે રાણી અને તુંબડી તે તુંબડી. ભલા રાણી અને તુંબડી એ બન્ને એક શી રીતે થઈ શકે ?

સાધુ—હે રાજન્ ! જેટલું મમત્વ ચક્રવર્તી રાજાને પોતાના સંપૂર્ણ રાજ્યમાં હોય છે તેટલુંજ મમત્વ ઘાસ ખોદવાવાળા મજુરને પોતાના ઝુંપડા અને પાવડા કોદાળામાં હોય છે. એ પ્રકારે જેવો પ્રેમ તને આ રાણીની સાથે હતો તેવોજ પ્રેમ મને આ તુંબડીની સાથે હતો, કારણ કે મારી તુંબડી પણ માટીનું કાર્ય છે અને તારી રાણી પણ માટીનું કાર્ય છે (પુનઃમાથુ કુટીને) હાય મારી પ્રાણ-પ્યારી તુંબી ! તું મને છોડીને કયાં ચાલી ગઇ. હાય તુંબી, હાય તુંબી, હાય તુંબી.

રાજા—હે સાધુ ! રૂદન ન કર. તને એવીજ બીજી તુંબડી મળી રહેશે.

સાધુ—હે રાજા ! તું પણ રૂદન ન કર. એવી રાણી તને પણ બીજી મળી રહેશે.

રાજા—હે સાધુ ! એવી પતિવ્રતા સ્ત્રીનું મળવું ઘણુંજ દુસ્તર છે. કારણ કે જે સમય હું દુષ્ટોનો નાશ કરીને વનમાંથી આવતો હતો ત્યારે તે શીતળ જળથી ભરેલ સુવર્ણ ઝારીવડે પોતાના કમળના સમાન સુકોમળ હાથથી મારૂં વિધિ પૂર્વક પૂજન સેવન કરતી હતી. અને આજ સુધીમાં મારી આજ્ઞા વિરૂદ્ધ કાંઇ પણ ચેષ્ટા તેણે કરી નથી. ભલા એવી સુશીલા પતિવ્રતા રાણી શું ફરી ફરી મળી શકે એમ છે ? વળી મેં તેના સંપૂર્ણ અંગો જોયા હતા અને તેણે મારા સર્વ અંગો જોયા હતા તો પછી અન્ય સ્ત્રીને હવે મારૂં અંગ શી રીતે દેખાડી શકું ?

સાધુ—હે રાજા ! આ મારી પ્રાણ પ્યારી તુંબડી પણ એવીજ હતી. એ તુંબડીમાં ભિક્ષા પણ હું માંગી લાવતો હતો. વળી પાણી પણ તેમાં ભરીને પીતો હતો. અને શૌચ-સ્નાનાદિ પણ તેનાથી કરતો હતો. એ કારણથી તેણે મારા સર્વ અંગ જોયા હતા.

તો ભલા હવે બીજી તુંબડીને મારા પોતાના અંગો શી રીતે બતાવી શકું ? હાય મારી પ્રાણ પ્યારી તુંબી! તેં મને દીનને રોતો થકો છોડી દીધો. હાય તુંબી, હાય તુંબી, હાય તુંબી. (આ પ્રમાણે બોલતા બોલતા તે સાધુ ફરી મૂર્છિત થઇને જમીન ઉપર ઢળી પડયો.)

રાજા—(સાધુનો હાથ પકડીને) હે સાધુ ! ધૈર્ય ધરો ! ધૈર્ય ધરો ! ! ધૈર્ય ધરો ! ! ! આમ કેમ થઈ ગયા છો. શા માટે ગભરાઓછો. અરેરે ! રાણીના વિયોગથી મને પણ એટલું દુઃખ નથી થયું કે જેટલું દુઃખ તમને સાધુ થઇને એક તુચ્છ સરખી તુંબડીના વિયોગથી થયું છે. અરે ! સાધુ પુરૂષને એ ઘટે ? (આમ કહીને રાજા સાધુને ઉઠાડે છે.)

સાધુ—(શુદ્ધિમાં આવીને) હે રાજા ! શું તેં મારી તુંબડીથી તારી રાણીને શ્રેષ્ટ જાણી ? અરે મતિમન્દ ! આ સંપૂર્ણ પદાર્થો મૃગતૃષ્ણાના જળની માફક મિથ્યા અને દુઃખ રૂપ છે. અરે ! જરા આંખ ઉઘાડીને જોતો ખરો કે જેને તું તારી પ્રાણ પ્યારી કહે છે તે આ સમય તારા પ્રાણનો ઘાત કરી

રહી છે, અને છતાં પણ તું તેને પ્રાણ પ્યારીજ કહે છે. આ તારી શું મૂર્ખતા નથી? વળી જે રાજ્યનો અને મંત્રીઓનો તને અહંકાર છે તે સર્વે તારી પાસેજ ઉપસ્થિત છે છતાં તારા દુ:ખનો નાશ કરી શક્તા નથી. તો પછી એમાં જે તું આશક્ત થઇ રહ્યો છે તે તારી અત્યંત મૂઢતા છે- હે રાજા ! આ સર્વ લોક સ્વાર્થી છે અર્થાત્ જ્યાં સુધી પાસે ધન હોય છે, તથા શરીરની તન્દુરસ્તી હોય છે ત્યાં સુધી પાસે બેસી મીઠી મીઠી વાતો કરે છે અને અષ્ટમ-પષ્ટમ સમજાવી સ્વાર્થ સાંધી લે છે પણ જ્યારે ધન જતુ રહે છે તથા શરીરમાં કોઇ એવો ચેપી રોગ લાગુ પડી ગયો તો સર્વ તેનો ત્યાગ કરી દેછે. તે વખતે તો કોઈ તેની પાસે પણ જતુ નથી. એક ખુણામાં તેને નાંખી મૂકે છે અને કુતરાની માફક દૂરથીજ ખાવાનું હડસેલી મૂકે છે. હે મૂર્ખ ! તેને તું પોતાની પ્રાણ પ્યારી જાણે છે; ત્યારેજ તો તારી આ દશા થઈ ગઇ છે અને માથુ કુટી કુટી રૂદન કરવું પડે છે. અરે ! જો, જેમ વિષની લતા દેખવામાં તો રમણીક લાગે છે પણ તેનો

સ્પર્શ થતાં તે નાશ કરી દે છે. એ પ્રકારે સ્ત્રી દેખવા માત્રજ સુંદર–રમણીક જણાય છે પણ સ્પર્શ કરવાથી આ લોક અને પરલોક ઉભયથી નષ્ટ–ભ્રષ્ટ કરી દે છે. અરે ! તેને માટે તું આમ પોકે પોક મૂકીને રૂએ છે. તને ધિક્કાર છે. વળી ધન એ પાપનું મૂળ છે. કારણ પૂષ્કળ ધન મળવાથી સારા સારા પુરૂષોની પણ બુદ્ધિ ભ્રષ્ટ થઇ જાય છે. તો તેને ભોગવીને તું સુખ મેળવવા ઇચ્છે છે? અને વળી આ ક્ષણભંગુર શરીર જે કેવળ મળ મૂત્રનો થેલો છે, તેને માટે તું આમ માથુ કુટી કુટીને રૂએ છે, હે રાજા ! તારા જેવો મૂર્ખ કોઇ પણ પુરૂષ મેં આજ સુધી જોયો નથી, કે જે સ્ત્રીનેજ પોતાનું જીવન સમજે છે. ભલા તું જરા વિચાર તો કર કે આ અનાત્મા પદાર્થોથી તને કોઇ વખત સુખ મળ્યું છે? કદિ પણ મળ્યું નહિ હશે. અરે ખરેખર તું મોટા ભુલાવામાં પડયો છે, કારણ તારે જે કરવા યોગ્ય છે અર્થાત્ પોતાના સ્વરૂપના જ્ઞાનમાટે પુરૂષાર્થ કરવાનો છે તે તો તું કરતો નથી અને મિથ્યા ઝઘડામાં રાત્રી દિવસ વ્યતીત કરે છે. એથી તારૂં જીવન નિષ્ફળ છે. એવા

જીવનથી તો મરવું સારૂં; કારણ કે જે કાર્ય કરવા યોગ્ય છે તેને તું કરતો નથી અને જે કરવા યોગ્ય નથી તેને કરે છે. સાંભળ. કોઈ રાજાને બે મંત્રી હતા. તેમાં એક વેપારના કામમાં ચતુર હતો અને બીજો યુદ્ધમાં નિપુણ હતો. પણ તે રાજાએ પોતાના એક ખાનગી સલાહકાર દુતની પ્રેરણાથી તે વેપારી મંત્રીને યુદ્ધમાં જોડી દીધો અને યુદ્ધવાળા મંત્રીને માલના ગોડાઉન ઉપર નિમ્યો. આથી તે રાજાને વેપારમાં ખોટ આવી અને યુદ્ધમાં હાર થઇ; કારણ યુદ્ધને જાણવાવાળો મંત્રી વેપાર સંબંધી શું જાણે? અને વેપારવાળો યુદ્ધને શું જાણે? આથી તે રાજા નષ્ટ થઈ ગયો. હે રાજા! એ પ્રકારે તું પણ જીવરૂપ રાજા છે, અને પ્રારબ્ધ અને પુરૂષાર્થ એ બે તારા મંત્રી છે. તેમાં પ્રારબ્ધરૂપ મંત્રી માલના કામમાં ચતુર છે; અર્થાત્ શરીરને સુખ દુઃખ દેવું એ પ્રારબ્ધનું કામ છે અને બીજો પુરૂષાર્થરૂપ મંત્રી રાગ દ્વૈષાદિ રાક્ષસોની સાથે યુદ્ધ કરવામાં સમર્થ છે. પરંતુ તેં પોતાની મૂર્ખતારૂપી દુતની સલાહ માનીને પુરૂષાર્થને તો શરીરના સુખ દુઃખની પ્રાપ્તિમાં જોડી

દીધો અર્થાત્ એક તુચ્છ સરખી રાણીને માટે આમ માથુ કુટી કુટીને રૂએ છે. તે તું મહાન્ અજ્ઞાની છે; અને પ્રારબ્ધને રાગ દ્વેષાદિ રાક્ષસોની સાથે લડવામાં જોડી દીધો અર્થાત્ પોતાના સ્વરૂપથી વિમૂખ થઇને રાગ દ્વેષાદિ રાક્ષસોના ચક્રમાં આવીને મહાદુઃખી થઇ રહ્યો છે; કારણ કે તેં પ્રારબ્ધનું કામ પુરૂષાર્થપર અને પુરૂષાર્થનું કામ પ્રારબ્ધ ઉપર છોડી દીધુ છે, એથી તું આ લોક અને પરલોક ઉભયથી ભ્રષ્ટ થઈ ગયો અર્થાત્ એ બદામની બાઈડીને માટે તું માથુ કુટી કુટીને રૂએ છે અને પોતાના સ્વરૂપથી તો વિ-મૂખજ થઇ રહ્યો છે. અરે ! એવી મૂર્ખતાનો ત્યાગકર.

આ સાંભળતાંજ રાજાને સ્ત્રી, પુત્ર, રાજ્યાદિ સર્વ પદાર્થોથી પૂર્ણ દ્રઢ વૈરાગ્ય થઇ ગયો અને મૃગ તૃષ્ણાના જળવત્ સંપૂર્ણ પદાર્થો મિથ્યા જણાવા લાગ્યા.

રાજા--(મંત્રીને) હે મંત્રી ! આતો સાક્ષાત્ પરબ્રહ્મ આનંદઘન, શુદ્ધ સચ્ચિદાનંદ, આદિનાથ શ્રી શંકર ભગવાનજ સાધુનું સ્વરૂપ ધારણ કરીને મને પતિતને પાવન કરવા માટે આવ્યા છે. (એનું

કહીને રાજા સાધુના ચરણોમાં સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવા લાગ્યો.)

મંત્રી--(રાજાને) હે શ્રીમહારાજ ! આપના મહાન પૂણ્યોનો ઉદય થયો છે કે જેથી આપને સંસાર તરફથી વૈરાગ્ય થયો છે. વૈરાગ્ય વિના જ્ઞાન થતું નથી અને જ્ઞાન વિના શાન્તિ થતી નથી અને શાન્તિ વિના સુખ થતું નથી. અને તે જ્ઞાનનો અધિકારી પણ જ્યારે સંસાર તરફથી વૈરાગ્ય થાય ત્યારેજ થાય છે. જેમ લાખ તે જ્યારે અગ્નિવડે તપાવ્યાથી નરમ થાય છે ત્યારે તેમાં મોહોરના અક્ષર ઉઠે છે અને જ્યાં સુધી તે નરમ થતી નથી ત્યાં સુધી તેમાં મોહોરના અક્ષર ઉઠતા નથી. એ પ્રકારે વૈરાગ્યરૂપ અગ્નિવડે પુરૂષનું ચિત્ત નરમ થાય છે ત્યારે મહાત્માઓના જ્ઞાનરૂપ અક્ષર તેના ચિત્તમાં ચોટે છે. તો હવે આપનું ચિત્ત નરમ થયું છે એથી આપ જ્ઞાનના અધિકારી થયાછો. આપના પ્રારબ્ધ બળથી બ્રહ્મવિત્ મહાત્મા પણ મળી ગયા છે તો હવે આપ તેમના પવિત્ર ચરણોમાં શ્રદ્ધા કરો.

રાજા—(સાધુને) હે ભગવન્! આપના ચરણો-

ની કૃપાથી મારૂં ચિત્ત આ અનાત્મા પદાર્થોથી વિ-મૂખ થઇ ગયું છે. અર્થાત્ મારા ચિત્તમાં કોઈ પણ જાતની વાસના રહી નથી.

સાધુ—(હસીને) હે રાજા ! એક દિવસ મેં જ-ળના કીનારા ઉપર બેસીને કહ્યું કે—મારા ચિત્તમાંથી સંપૂર્ણ વાસના નિવૃત થઇ ગઈ છે ત્યારે જળ બોલ્યું કે હે સાધુ ! મારામાંથી પણ દ્રવતા અર્થાત્ પાતળા પણું અને પ્રવાહીપણું દૂર થઇ ગયું છે. આવું સાંભ-ળી મેં હસીને કહ્યું કે અરે તું તો ખરેખર મિથ્યા વાદી છે. તું કહે છે કે "મારામાંથી દ્રવતા જતી રહી છે" તો ભલા તારામાંથી દ્રવતા શી રીતે દૂર થઇ શકે? કારણ કે તું તો દ્રવતારૂપજ છે. ત્યારે જળે કહ્યું કે—હું તો મિથ્યા વાદીજ છું પણ તું મોટો સત્યવાદી જ-ણાય છે તું કહે છે કે મારા ચિત્તમાંથી વાસના દૂર થઇ ગઇ છે એ તારૂં કહેવું સત્ય કે ? ચિત્તમાંથી વાસના શી રીતે દૂર થઇ શકે ? જેમ મારામાંથી દ્રવતા નાશ થઇ શકતી નથી તેમ ચિત્તમાંથી વાસના પણ દૂર થઇ શકતી નથી; કારણ કે વાસનાનો પીંડજ તો ચિત્ત છે. જેમ શીતના સમૂહનું નામ બરફ છે અને ગળ-

પણુના સમૂહનું નામ સાકર છે અને સુગંધિના સમૂહનું નામ કપૂર છે તેમ વાસનાના સમૂહનું નામ ચિત્ત છે અને જેમ કપૂરમાંથી સુગંધિ દૂર થતી નથી તથા બરફમાંથી શીતતા દૂર થતી નથી તેમ ચિત્તમાંથી વાસના પણ દૂર થઈ શકતી નથી; કારણ કે જે સમય ચિત્તમાંથી વાસના દૂર થશે ત્યારે ચિત્તજ નહિ રહેશે; જેમકે સુગંધિના દૂર થવાથી પછી કપૂર જેવું કાંઇ બાકી રહેતું નથી. હે સાધુ ! શું તમો એમ માનો છો કે-ચિત્તમાંથી વાસનાની નિવૃત્તિ થયે સુખની પ્રાપ્તિ થાય છે? ના, ના. જો એમ તમે માનતા હો તો તેમાં તમારી મોટી ભૂલ છે. ભલા જુઓ તો ખરા કે-ચિત્તને અને તમારે શો સંબંધ છે. તમે ચૈતન્ય અને ચિત્ત જડ. તમે સુખરૂપ અને ચિત્ત દુઃખરૂપ. તો પછી ચિત્તના દુઃખી થવાથી પોતાને દુઃખી અને ચિત્તના સુખી થવાથી પોતાને સુખી માનોછો તો એ તમારી ભૂલ છે. આ પ્રમાણે જળના વાક્યો સાંભળ્યા ત્યારે મને બોધ થઇ ગયો. પછી મેં જળને નમસ્કાર કર્યો. હે રાજા ! ચિત્તમાંથી વાસના તો દૂર થઇ શકતીજ

નથી પરંતુ તારા ચિત્તમાંથી તે દૂર થઇ ગઈ હોય તો ના નહિ કહેવાય; કારણ કે હમણાં તો એ બદામની બાઇડીને માટે માથું કુટી કુટીને રોતો હતો અને એટલામાંજ વિરક્ત થઈ ગયો છે.

રાજા-—(હાથ જોડીને) હે બ્રહ્મરાજ ! ચિત્તમાંથી વિશેષ વાસના તો દૂર થઇ ગઈ છે પરંતુ શરીરની સ્થિતિ માત્રજ સામાન્ય વાસના રહી છે. જેમ કાચા અન્નમાં પણ રસ હોય છે અને શેકી નાંખેલા અન્નમાં પણ રસ રહે છે પરંતુ કાચા અન્નનો રસ પુનરોત્પત્તિ (ફરીને ઉગવું) નો હેતુ છે અને શેકી નાંખેલા અન્નનો રસ ઉત્પત્તિનો હેતુ નથી અર્થાત્ તે ફરી ઉગતું નથી. કેવળ ખાવામાં સ્વાદિષ્ટ અને તૃપ્તિરૂપજ તેનો રસ છે કાંઈ પુનરોત્પત્તિનો હેતુ નથી. એ પ્રકારે ચિત્તમાં જે પદાર્થોની વિશેષ વાસના છે તે ભાવી શરીર (ભવિષ્યમાં થનારૂં બીજું શરીર) ના આરંભનો હેતુ છે અને સામાન્ય વાસના ભાવી શરીરનો આરંભ કરી શકતી નથી કેવળ શરીરની સ્થિતિ માત્રજ છે; કારણ કે વાસના વિના શરીર રહી શકતું નથી. હે ભગવન્ ! આપના પવિત્ર ચરણોની કૃપાથી વિશેષ

વાસના જે ભાવી શરીરના આરંભ કરવાવાળી છે તે તો નષ્ટ થઇ ગઇ છે પણ કેવળ શેકી નાંખેલા અન્નવત્ સામાન્ય વાસનાજ બાકી રહી છે તો એથી મને કાંઈ પણ નુકશાન નથી અને આપે જે આપની દયાળુતાથી મને દીનને દુઃખરૂપ સમુદ્રમાં ડુબેલો જોઇને આપના ચરણ કમળરૂપી નૌકામાં બેસાડી લીધો છે તો હવે આપ મને કૃપા કરીને દુઃખરૂપ સમુદ્રથી પારજ ઉતારી દેશો.

સાધુ—(કૃપાદ્રષ્ટિથી) હે રાજન્! હું તારા ઉપર ઘણો પ્રસન્ન છું. જ્યારે તેં એવો વિચાર કીધો કે મન વાસનાનો પિંડ છે તો પછી વાસનાથી થતાં સુખ દુઃખનો ભોક્તા પણ મનજ છે. તો તું મનના સુખ દુઃખને તારામાં શામાટે આરોપણ કરે છે? તું તો સુખરૂપ, શુદ્ધ ચૈતન્ય છું. તારામાં તો દુઃખનો છાંટો સરખોએ નથી. તું જરા તારા સ્વરૂપને તો જો. તું તો સંપૂર્ણ સંસારનો દ્રષ્ટા—જોવાવાળો—છે; કારણ કે તું એટલું તો જાણે છે કે "મારૂં રાજ્ય છે, મારૂં શરીર છે, મારી ઇંદ્રિઓ છે, મારા પ્રાણ છે, મારી બુદ્ધિ છે"

આથી પ્રત્યક્ષ જણાય છે કે તું તે સર્વથી પ્રથક સર્વનો દ્રષ્ટા છે. તો પછી તું વૃથાજ તેમાં આશક્ત થઈ પોતાનામાં દુઃખ આરોપણ કરે છે. ભલા જેને કાંટો લાગશે તેનેજ તો દુઃખ થશે, બીજાને તેનું દુઃખ શી રીતે થાય? અને તું તો પોતાની અજ્ઞાનતાથી મનના સુખ દુઃખને તારા પોતાનામાં આરોપણ કરે છે. તને મનના સુખ દુઃખથી શું પ્રયોજન છે? તું તારા પોતાના સ્વરૂપનેજ જો; અને એવો નિશ્ચય કરી દે કે સુખ દુઃખનો ભોક્તા મનજ છે. હું તો શુદ્ધ સચ્ચિદાનંદ સ્વરૂપ સર્વનો દ્રષ્ટા છું.

રાજા—(દુઃખી થઇને) હે ભગવન ! અરેરે ! ઘણોજ મોટો અનર્થ થયો કે મારૂં સર્વસ્વ નષ્ટ થઇ ગયું. અરે ! હું આ લોક અને પરલોક ઉભયથી ભ્રષ્ટ થઇ ગયો. (આમ કહેતા કહેતાં રાજા મુર્છિત થઇને ફરી પૃથ્વી ઉપર ઢળી પડયો)

લહેર ૮ મી.

રાજા જ્ઞાનશેખરને જ્ઞાનોપદેશ.

મૂ છિંત થયેલ રાજા જ્ઞાન શેખરને સાધુએ શુદ્ધિમાં આણી હાથ પકડીને બેઠો કર્યો. જ્યારે રાજા બરોબર શુદ્ધિમાં આવ્યો ત્યારે સાધુ કહે છે.

સાધુ–અરેરે ! આપને તે મારે શું કહેવું. એક તુચ્છ સરખી બાયડીની પાછળ શૂરવીર થઇને શરીર ત્યાગવા તૈયાર થયા છો. આ તમને યોગ્ય છે ? હે રાજા ! જે સંન્યાસી થઇને પદાર્થોનો સંગ્રહ કરે છે અને જે શિષ્ય પોતાના ગુરૂથી વિમૂખ થાય છે, અને જે સ્ત્રી પોતાના પતિની આજ્ઞાથી વિરૂદ્ધ ચાલે છે, અને જે બ્રાહ્મણ થઇને મૂર્ખ રહે છે તથા જે રાજા થઇને કાયર થાય છે તે સર્વ પુરૂષો ધિક્કારને પાત્ર છે. એટલા માટે તું તારા પોતાના સ્વાંગ–વેશ–તરફ તો જરા જો કે તેં શેનો વેશ ધારણ કર્યો છે. સિંહ

થઇને શિયાળવાની માફક શું કરી રહ્યો છું. (એવું સાંભળીને રાજા ફરી ગદ્દ ગદ્દ ભાવને પ્રાપ્ત થઇ સાધુના ચરણોમાં પડે છે અને થોડી વારે પાછો ઉઠી ઉભો થયો.)

રાજા—(હાથ જોડીને) હે મુનીવર ! રાણી માટે હવે મને બીલકુલ શોક થતો નથી. પરંતુ મને તો આપે ફરી મહાન ભયાનક ચક્રમાં નાંખી દીધો; અર્થાત્ "ઘરનો બળ્યો વનમાં ગયો તો વનમાં લાગી આગ" એના જેવું થયું. આ સંસાર-અગ્નિથી બળતો થકો વનમાં ગયો તો ત્યાં પણ અગ્નિના અંગારોથી ભરેલા અનેક સ્થળો મારા જોવામાં આવ્યા અને તેની ચારે તરફ સન્ત પુરૂષોના સત્સંગરૂપ નદીના શાંત પ્રવાહો વહી રહ્યાં છે. તે દગ્ધ વનરૂપ સંસારમાં આંધળા પુરૂષો ઘુમતા ફરે છે. એ પ્રકારે હું પણ વ્યાકુળ થઇને ફરતો હતો અને અંગારાના એક સ્થાનમાંથી નીકળી બીજામાં જઈ પડતો હતો અને ફરી તેમાંથી નીકળી અન્યમાં પડી અસહ્ય દુઃખ પામતો હતો. આ પ્રકારે મહાન કલેશને સહન કરતો કરતો અંતે આપના સત્સંગરૂપ નદીના કિનારે આવી

પહોંચ્યો; પરંતુ આપે ફરી મને તેજ દગ્ધવનમાં ફેંકવાનો વિચાર કર્યો અર્થાત્ આપે વેદ શાસ્ત્રની વિરૂદ્ધ એવા તો મહાન વિપરીત શબ્દો કહ્યા છે કે "તું શુદ્ધ સચ્ચિદાનંદ સ્વરૂપ છું, તારામાં દુઃખનો છાંટો સરખોએ નથી" આવા અહંકારરૂપ શબ્દોને સાંભળી મારી આપના ચરણોમાંથી શ્રદ્ધા તદન નિવૃત્ત થઈ ગઈ છે; કારણ કે હું તુચ્છ જીવ સર્વજ્ઞ એવો ચૈતન્ય બ્રહ્મ કેવી રીતે થઈ શકું. (આવું સાંભળીને સાધુ બન્ને હાથવતી તાળી પાડી ખુબ હસવા લાગ્યો)

સાધુ—(હસીને) જુઓ તો ખરા ચૈતન્યની કેવી વિલક્ષણ લીલા છે ? શુદ્ધ સ્વરૂપ થઇને કેવી દીનના જેવી ચેષ્ટા કરે છે. હે રાજન્ ! તમોએ વેદનું અધ્યયન તો કર્યું છે પરંતુ તમને વેદના અર્થનું જ્ઞાન નથી; કારણ કે જો તમને વેદના અર્થનું જ્ઞાન હોત અથવા અનાત્મા પદાર્થોથી વૈરાગ્ય હોત તો આ મારા શાન્તિરૂપ વાક્યોને સાંભળતાંજ તમો જ્ઞાનના શીખર પર ચઢી જઇ પોતાનાં સ્વરૂપમાં સ્થિત થઇ ગયા હોત. જુઓ, વેદમાં બે પ્રકારના વાક્ય છે એક તો અવાન્તર વાક્ય અને બીજા મહાવાક્ય. **सत्यं ज्ञान**

मनंतं ब्रह्म । સત્ય સ્વરૂપ, જ્ઞાન સ્વરૂપ અને અનંત સ્વરૂપ બ્રહ્મ છે, એનું નામ અવાન્તર વાક્ય છે, અને **तत्त्वमसि** તે તું છે, **प्रज्ञान ब्रह्म** જીવ બ્રહ્મ છે, **अयमात्मा ब्रह्म** આ આત્મા બ્રહ્મ છે, **अहं-ब्रह्मास्मि** હું બ્રહ્મ છું. આ મહાવાક્યો છે. અને એ વાક્યોથી અપરોક્ષ જ્ઞાન થાય છે. જો એ મહાવાક્યોના અર્થનું તને જ્ઞાન હોત અથવા મહાત્માઓનો સત્સંગ કર્યો હોત તો તને મારા આ વાક્યો સાંભળીને બીલકુલ મોહ થાત નહિ પણ તેથી તારા અંતઃકરણમાં છાપ પડી જાત અને સ્વરૂપ સાક્ષાતકાર થઈ જાત પણ આથી તો એ જણાય આવ્યું કે તેં આજ સુધી ભોગોમાંજ કાળ વ્યતિત કીધો છે પણ બ્રહ્મવિત્ પુરૂષોના સમાજમાં ભાગ લીધો નથી, કેવળ લોભી બ્રાહ્મણોનેજ દક્ષિણાનો લોભ બતાવીને પોપટની માફક વેદ ભણી લીધા છે પણ અર્થનો વિચાર બીલકુલ કીધો નથી.

રાજા—(હાથ જોડીને) હે સાધો ! વેદના અર્થનું

મને જ્ઞાન નથી એ જે આપે કહ્યું તે યથાર્થ છે; પરંતુ " તત્વમસિ " આદિ મહા વાક્યોથી પણ તો જીવ ઇશ્વરની એકતા થઇ શકતી નથી કારણ કે "तत्" શબ્દનો અર્થ સર્વજ્ઞ ચૈતન્ય છે અને त्वम् શબ્દનો અર્થ અલ્પજ્ઞ ચૈતન્ય છે. એ પ્રકારે સર્વજ્ઞતા અને અલ્પજ્ઞતા એ વિરૂદ્ધ ધર્મવાળા હોવાથી જીવ ઇશ્વ-રની એકતા કેવી રીતે થઇ શકે?

સાધુ—હે રાજન્! તેં જે શંકા કરી છે તેનું સમાધાન તું હવે સાવધાન ચિત્તથી શ્રવણ કરઃ—

શબ્દોનો જે પોતાના અર્થની સાથે સંબંધ હોય છે તેને શબ્દની વૃત્તિ કહે છે. તે વૃત્તિ બે પ્રકારની છે. એક શક્તિ વૃત્તિ અને બીજી લક્ષણા વૃત્તિ. શ-બ્દનો જે પોતાના અર્થની સાથે સાક્ષાત સંબંધ છે તેને શબ્દની શક્તિ વૃત્તિ કહે છે. તે શકિત વૃત્તિ વડે જે અર્થ જણાય તેને વાચ્યાર્થ કહે છે અને શબ્દ નો જે વાચ્યાર્થ દ્વારા અપેક્ષિત અર્થની સાથે સંબંધ છે તેને લક્ષણા વૃત્તિ કહે છે. તે લક્ષણા વૃત્તિ વડે જે અર્થ જણાય તેને લક્ષાર્થ કહે છે, અને જ્યાં શકિત વૃત્તિ વડે યથાર્થ અર્થનું જ્ઞાન થતું નથી ત્યાં લક્ષણા

વૃત્તિનો આશ્રય લઇને અર્થ કરાય છે તે લક્ષણા-
વૃત્તિ ત્રણ પ્રકારની છે. એક જહત, બીજી. અજ-
હત્ અને ત્રીજી ભાગ ત્યાગ. જ્યાં વાચ્યાર્થનો
ત્યાગ કરી વાચ્યાર્થના સંબંધીનું ગ્રહણ થાય તેને જ
હત્ લક્ષણા કહે છે. જેમ—**गंगायां घोषः** ગંગાજીમાં
નેહ (ગાયોનો વાડો) છે. અહિંઆ ગંગા શબ્દનો
વાચ્યાર્થ જે દેવનદીનો પ્રવાહ તેમાં નેહનું રહેવું અ-
સંભવ પ્રતિત થયું. એટલા માટે અહિંઆ શક્તિ
વૃત્તિ વડે યથાર્થ અર્થની પ્રાપ્તિ નહિ થવાથી જહત્
લક્ષણાનો આશ્રય લઇ અર્થ કરવો કે—ગંગા શબ્દનો
વાચ્યાર્થ જે દેવ નદીનો પ્રવાહ છે તેનો ત્યાગ કરી
તેનો સંબંધી જે કીનારો તે કીનારામાં લક્ષણા કરીને
કહેવાય કે ગંગાજીના કાંઠા પર નેહ (ગાયનો વાડો)
છે. આને જહત્ લક્ષણા કહે છે. અને બીજુ જ્યાં
વાચ્યાર્થ સહિત વાચ્યાર્થના સંબંધીનું ગ્રહણ થાય
તેને અજહત લક્ષણા કહે છે. જેમ-**शोणो धावति**
શોણ એટલે લાલરંગ દોડે છે. અહિંઆ શોણ શ-
બ્દનો વાચ્યાર્થ લાલરંગ તે રંગનું દોડવું અસંભવછે
એટલા માટે અહિંઆ શક્તિ વૃત્તિ વડે યથાર્થ અ-

ર્થની પ્રાપ્તિ નહિ થવાથી અજહત્ લક્ષણાનો આશ્રય કરીને અર્થ કરવો કે શોણુ શબ્દનો વાચ્યાર્થ લાલરંગ અને તે લાલ રંગનો સંબંધી જે ઘોડો-ગાય વગેરે તે ઘોડા ગાયમાં વાચ્યાર્થ લાલરંગ સહિત લક્ષણા કરવી એથી એ અર્થ નીકળ્યો કે—લાલ રંગનો ઘોડો અગર ગાય ઇત્યાદિ દોડે છે. આને અજહત્ લક્ષણા કહે છે. હવે જ્યાં વિરોધી ભાગનો ત્યાગ કરીને અવિરોધી ભાગનું ગ્રહણ કરાય તેને ભાગ ત્યાગ લક્ષણા કહે છે. જેમ—**सोयं देवदत्तः** તે આ દેવદત્ત છે. એમાં **सः** એટલે તે એ શબ્દનો વાચ્યાર્થ ભૂતકાળ દૂર દેશ છે એટલે પૂર્વ જોયો હતો તે અને **अयं** એટલે આ એ શબ્દ નો વાચ્યાર્થ વર્તમાન કાળ સમીપ દેશ છે (પૂર્વે જે દેવદત્તને જોયો હતો તેજ) આ. આમાં કેવળ દેશ, કાળજ વિરોધી ભાગ છે, પણ દેવદત્તનું શરીર તો બેયમાં એકજ છે. એટલા માટે અહિંઆ ભાગ ત્યાગ લક્ષણા વડે દેશકાળ વિરોધી ભાગનો ત્યાગ અને દેવદત્ત અવિરોધી ભાગનું ગ્રહણ કર્યું. એને ભાગ ત્યાગ લક્ષણા કહે છે.

એજ પ્રકારે **तत्त्वमसि** આદિ મહાવાક્યોમાં ભાગ ત્યાગ લક્ષણા કરી છે અર્થાત્ **तत्** શબ્દનો વાચ્યાર્થ સર્વજ્ઞ ચૈતન્ય અને **त्वम्** શબ્દનો વાચ્યાર્થ અલ્પજ્ઞ ચૈતન્ય એમાં ચૈતન્ય તો એકજ છે. કેવળ સર્વજ્ઞતા અને અલ્પજ્ઞતામાંજ ભેદ છે એટલા માટે અહિંઆ પણ ભાગ ત્યાગ લક્ષણાવડે સર્વજ્ઞતા અને અલ્પજ્ઞતા એ વિરોધી ભાગનો ત્યાગ કરી અવિરોધી ભાગ જે ચૈતન્ય તેનું ગ્રહણ કર્યું અર્થાત્ ચૈતન્યજ ચૈતન્ય છે. જીવ ઇશ્વરમાં જે સર્વ જ્ઞતા અને અલ્પજ્ઞતા છે તે સર્વ કલ્પિત છે વા· સ્તવમાં એક ચૈતન્યજ ચૈતન્ય છે **एकमेवा द्वितीयं ब्रह्म** એ શ્રુતિનો અર્થ એકજ અદ્વિતીય બ્રહ્મ છે અર્થાત્ જે કાંઇ પણ દ્રશ્યા દ્રશ્ય છે તે સર્વ એક બ્રહ્મજ છે. બીજી કોઈ પણ વસ્તુ નથી. કેવળ એક ચૈતન્યનો વિલાસજ વિલાસ છે. પરંતુ વાસ્તવિક રીતે જોતાં બીજું કાંઈપણ નથી. એથી એ સિદ્ધ થયું કે જીવ ઈશ્વર એકજ છે. જેમ એક ઘડાના અનેક નામો છે જેવાં કે, કુંભ, કલશ, ઘટ ઇત્યાદિ. એ પ્રકારે એક

આત્માના અનેક નામો છે. બ્રહ્મ, ચૈતન્ય, ઇશ્વર, જીવ ઇત્યાદિ એ સર્વ નામો કલ્પિત છે વાસ્તવમાં સ્વરૂપ એકજ છે.

રાજા—(હાથ જોડીને) હે ભગવન્! આપે જીવ ઇશ્વરની એકતા કેવળ ભાગત્યાગ લક્ષણાથીજ કરી અને જહત્, અજહત્થી નહિ કરી તો હવે આપ મારાપર કૃપા કરીને કહો કે જહત્ અને અજહત્ લક્ષણાથી મહાવાક્યોની એકતા કેમ નથી થતી?

સાધુ—હે રાજન્! જહત્ લક્ષણા વાચ્યાર્થના સંબંધીનું ગ્રહણ કરે છે. અને અહિંઆ જો જહત્ લક્ષણા માનશો તો **तत्** અને **त्वम्** શબ્દોના વાચ્યાર્થ જે સર્વજ્ઞ ચૈતન્ય અને અલ્પજ્ઞ ચૈતન્ય છે તેનો ત્યાગ કરી તેના સંબંધી જે માયા અને અવિદ્યા છે તેનું ગ્રહણ થશે, અને અહિઆં તો માયા અને અવિદ્યાનો ત્યાગ કરી ચૈતન્યનુ ગ્રહણ કરવામાં તાત્પર્ય છે તે ઉલટુ થઇ જશે. અર્થાત્ પરમાનંદ પરમ પ્રિય રૂપ ચૈતન્ય તેનો ત્યાગ અને જડ દુઃખરૂપ માયા અને અવિદ્યા તેનું ગ્રહણ થશે. એ કારણથી મહા-

વાક્યમાં જહત્ લક્ષણા થતી નથી. અને અજહત્ લક્ષણા પણ નથી થતી તેનું કારણ એ છે કે–તે લક્ષણા વાચ્યાર્થ સહિત વાચ્યાર્થના સંબંધીનું ગ્રહણ કરે છે. અને અહિંઆ તો **तत्** તથા **त्वम्** શબ્દોનો વાચ્યાર્થ જે સર્વજ્ઞ ચૈતન્ય અને અલ્પજ્ઞ ચૈતન્ય તથા તેના સંબંધી જે માયા અને અવિદ્યા છે તે સર્વનું ગ્રહણ થશે. અર્થાત્ માયા, અવિદ્યા સહિત ચૈતન્યનું ગ્રહણ થશે. અને માયા તથા અવિદ્યાજ જીવ ઇશ્વરમાં ભેદ કરતા પ્રતીત થાય છે. એટલા માટે અજહત્ લક્ષણા માનવાથી પ્રયોજન સિદ્ધ ન થશે. એ કારણથી મહાવાકયમાં કેવળ ભાગત્યાગ લક્ષણાજ થાય છે. જહત્ અને અજહત્ લક્ષણાનો સ્વિકાર થતો નથી.

રાજા—(સંદેહવાન થઇને) હે સાધો ! આપના તે વાકયો સાંભળીને મારા મનમાં એક બીજી પણ શંકા થઇ છે તે નિવેદન કરૂંછું. આપે મહાવાકયોથી જીવ ઇશ્વરની એકતા તો સિદ્ધ કરી પરંતુ તેમાં ફક્ત આપની બુદ્ધિની વિલક્ષતાજ દેખાઇ આવે છે. કાંઇ મહાવાકયોનો એવો અર્થ નથી થતો કે જીવ છે તે

બ્રહ્મ છે; કારણ કે પ્રથમ તો આપે શબ્દની વૃત્તિજ બે પ્રકારની માની. એકતો શક્તિ વૃત્તિ અને બીજી લક્ષણા વૃત્તિ અને ફરી તેમાંથી પણ શક્તિ વૃત્તિવડે જીવ ઇશ્વરની એકતા સિદ્ધ નહિ કરતા કેવળ લક્ષણા વૃત્તિવડેજ ફરી અને ફરી તે લક્ષણાના પણ ત્રણ ભાગ કર્યા. એક જહત્ બીજી અજહત્ અને ત્રીજી ભાગત્યાગ. અને ત્રણ ભાગોમાંથી પણ એક અંશ ભાગત્યાગ લક્ષણા મહાવાક્યમાં માની અને જહત્ અજહતનો સ્વિકાર ન કર્યો; આથી તો એ સિદ્ધ થયું કે મહાવાક્યનો છઠ્ઠો અંશ જીવ ઇશ્વિરની એકતા સિદ્ધ કરે છે પાંચ અંશ નથી કરતા. આ વાક્યથી પ્રત્યક્ષ રીતે એજ જણાય છે કે આપે આપની બુદ્ધિનીજ વિલક્ષણતાવડે મહાવાક્યોથી જીવ ઇશ્વરની એકતા પ્રતિપાદન કરી. કાંઇ મહાવાક્યોનો એવો અર્થ નથી થતો કે જીવ અને ઇશ્વર એક છે; કારણ કે જેમ કોઇ એક પુરૂષ કહે કે "તે દેવદત્ત આ જ છે" અને પાંચ પુરૂષો કહે કે " આ તે નથી " તો તે પાંચેનુજ કહ્યું સત્ય મનાશે અને તે એકને જુઠો માની સર્વ પુરૂષો તેનું કહ્યું માનશે નહિ. તે પાંચેની સન્મુખ તે એકનું

કથન કોઈ પણ સ્વિકાર કરશે નહિ. એથી મારી કાંઈ એવી શક્તિ નથી કે હું આપ મહાત્મા પુરૂષના કથનને અસત્ય કહું. પરંતુ આપ કૃપા કરીને આ દાસને ઉત્પન્ન થયેલ ભ્રમનો નાશ કરો. અને મને પૂર્ણ આશા છે કે—તે મારા ભ્રમરૂપ અંધકારને નાશ કરવાને માટે—સૂર્યની માફક—આપજ સમર્થ છો. અન્ય કોઈ હોય એમ હું માનતો નથી.

સાધુ— કૃપા દ્રષ્ટિથી) હે રાજન્! તારા એ અત્યુત્તમ પ્રશ્નને સાંભળી હું તારા ઉપર ઘણોજ પ્રસન્ન થયોછું. અને મને એ પણ ખાત્રી થઇ ચુકી છે કે જેમ ભળી ગયેલા દૂધ અને જળમાંથી હંસ જળનો ત્યાગ કરી દૂધનું પાન કરે છે તેમ તું પણ મારા વાકયોનું ગ્રહણ કરશે. તો હવે જે હું કહું છું તેને તું ચિત્ત સાવધાન થઇને શ્રવણ કર. આ જે મેં કેવળ ભાગત્યાગ લક્ષણાવડેજ મહાવાક્યોથી જીવ ઇશ્વરની એકતા કહી અને જહત્, અજહત્, લક્ષણા વૃત્તિ અને શક્તિ વૃત્તિનો મહાવાક્યોમાં સ્વિકાર કર્યો નથી એ કેવળ શાસ્ત્રના વિલાસને માટેજ અને તારી બુદ્ધિની પરીક્ષા જોવાને

માટેજ એમ કર્યું હતું. ખરૂં જોતાં તો જહત્, અ-
જહત્ અને ભાગત્યાગ, લક્ષણા વૃત્તિ અને શક્તિ
વૃત્તિ એ બધા જીવ ઇશ્વિરની એકતાના પ્રતિપાદક છે.
જો. જહત્ લક્ષણા તેને કહે છે કે જ્યાં વાચ્યાર્થનો
ત્યાગ કરી વાચ્યાર્થના સંબંધીનું ગ્રહણ હોય. તો અ-
હિંઆ **तत्** અને **त्वम्** શબ્દોનો વાચ્યાર્થ સર્વજ્ઞ
ચૈતન્ય અને અલ્પજ્ઞ ચૈતન્ય નથી પણ સર્વજ્ઞતા
અને અલ્પજ્ઞતા છે અર્થાત્ સમષ્ટિ અને વ્યષ્ટિજ
છે. ચૈતન્ય નથી; કારણ કે ચૈતન્યમાં તો શબ્દનો
પ્રવેશજ થવો અશક્ય છે. કેમકે શબ્દ જડ છે તેથી
ચૈતન્યનું કથન કરવાને સમર્થ નથી. એ કારણથી
तत् અને **त्वम्** શબ્દનો વાચ્યાર્થ સમષ્ટિ અને વ્ય-
ષ્ટિજ છે, અને તેનો સંબંધી ચૈતન્ય છે એટલા
માટે વ્યષ્ટિ અને સમષ્ટિરૂપ વાચ્યાર્થનો ત્યાગ કરતા
તેના સંબંધી ચૈતન્યનું ગ્રહણ થયું. અર્થાત્ ચૈતન્યજ
ચૈતન્ય છે; ચૈતન્યથી ભિન્ન વ્યષ્ટિ અને સમષ્ટિનો મૃગતૃ-
ષ્ણાના જળની માફક અત્યંતાભાવ છે. એ પ્રકારે મહા-
વાક્યમાં જહત્ લક્ષણા થાય છે. હવે અજહત્ લક્ષણા તેને
કહે છે કે જ્યાં વાચ્યાર્થ સહિત વાચ્યાર્થના સંબંધીનું

ગ્રહણ હોય; અને અહિંઆ **तत्** અને **त्वम्** શબ્દનો વાચ્યાર્થ જે સર્વજ્ઞ ચૈતન્ય અને અલ્પજ્ઞ ચૈતન્ય છે અને તેના સંબંધી જે માયા અને અવિદ્યા છે તે સર્વનું અજહત્ લક્ષણા માનવાથી ગ્રહણ થયું. તો માયા અને અવિદ્યાનું ગ્રહણ થવાથી ચૈતન્યની કાંઇ પણ હાનિ નથી કારણ કે માયા અને અવિદ્યા તો ચૈતન્યમાં કલ્પિત છે. ખરૂ જોતાં તે ચૈતન્યથી ભિન્ન તો છેજ નહિ. જેમ કલ્પિત સર્પ અધિષ્ટાન રજ્જુ—દોરડી—રૂપજ છે. રજ્જુથી ભિન્ન નથી. એ પ્રકારે કલ્પિત જે માયા અને અવિદ્યા તે અધિષ્ટાન ચૈતન્યરૂપજ છે. ચૈતન્યથી પ્રથક નથી. જેમ પુષ્પથી સુગંધિ, જળથી શીતળતા, સૂર્યથી પ્રકાશ અને મેદીથી રતાશ પ્રથક નથી, એ પ્રકારે ચૈતન્યથ માયા ભિન્ન નથી; અને માયા, અવિદ્યા, અજ્ઞાન, કારણ, શક્તિ એ સર્વ પર્યાય શબ્દો છે. એ બધા ચૈતન્યમાં કલ્પિત છે. કલ્પિત પદાર્થો અધિષ્ટાનરૂપ હોય છે. એ પ્રકારે અજહત્ લક્ષણાથી એ સિદ્ધ થયું કે જે કાંઇ પણ દ્રશ્યાદ્રશ્ય છે તે સર્વ ચૈતન્યજ ચૈતન્ય છે. ચૈતન્યથી પ્રથક જે કાંઇ દ્રશ્ય છે તે **शशशृंग** (શા-

શસલાનું શીંગડુ) **खपुष्पवत्** (આકાશના પુષ્પની માફક) મિથ્યા છે. એ રીતથી મહાવાક્યમાં અજહત્ લક્ષણા થાય છે. એ પ્રકારે જહત્, અજહત્ અને ભાગ ત્યાગ એમ ત્રણે પ્રકારની લક્ષણાથી જીવ ઇશ્વરની એકતા સિદ્ધ થાય છે, અને કેવળ લક્ષણા વૃત્તિથીજ જીવ ઇશ્વરની એકતા સિદ્ધ થતી નથી પરંતુ શક્તિ વૃત્તિથી પણ સિદ્ધછે તેને તું સાંભળઃ—શક્તિ વૃત્તિવડે કેવળ વસ્તુના સ્વરૂપનોજ બોધ થતો નથી પણ શક્તિ વૃત્તિ પદાર્થની જાતિનો બોધ કરાવે છે. જેમ **नित्यो घटः** ઘડો નિત્ય છે. અહિંઆ નિત્ય પદની શક્તિ ઘડાનો આકાર જણાવતી નથી પણ ઘટત્વ જાતિને જણાવે છે અર્થાત્ ઘડો નિત્ય નથી પરંતુ ઘટત્વ જાતિ નિત્ય છે. એ પ્રકારે **तत्त्वमसि** એ મહાવાક્યમાં **असि** પદની શક્તિ **तत्** અને **त्वम्** પદોનું સ્વરૂપ જે સર્વજ્ઞ ચૈતન્ય અને અલ્પજ્ઞ ચૈતન્ય છે તેને જણાવતી નથી પણ ચૈતન્ય જાતી જણાવે છે. અર્થાત્ ચૈતન્ય જ ચૈતન્ય છે. ચૈતન્યથી ભિન્ન કોઇ વસ્તુ થઇ નથી. (આવું સાંભળી રાજા ફરી ગદ્ગદ્ કંઠ થઇને હાથ

જોડી સાધુની પ્રાર્થના કરવા લાગ્યો.)

રાજા—(આનંદ પામીને) હે પ્રભો ! આજ હું આપના ચરણોની કૃપાથી કૃતકૃત્ય થયો છું; કારણ કે મહાત્મા પુરૂષોનું દર્શનજ ગૃહસ્થ પુરૂષોનાં કલ્યાણ માટે છે તે મને તો આજે પ્રત્યક્ષજ થયું છે. આપ જેવા શાન્તિ સ્વરૂપના દર્શનથી મારા તમામ મળ અર્થાત્ પાપ દોષોની નિવૃત્તિ થઇ ગઇ અને બીજુ આપના મહાન્ પવિત્ર વૈરાગ્યરૂપ શબ્દોના શ્રવણવડે વિક્ષેપ દોષ અર્થાત્ ચિત્તની ચંચળતાની નિવૃત્તિ થઈ ગઇ અને ત્રીજુ હમણા આપના પરમ નિર્વાણરૂપ વાક્યોથી આવરણ દોષને પણ દૂર કરી દીધો. અને હવે આપની પૂર્ણ દયાથી મને એવો દ્રઢ નિશ્ચય થઇ ગયો છે કે જે કાંઈ દ્રશ્ય છે તે સર્વ આત્મામાં કલ્પિત છે. વાસ્તવમાં કાંઇ થયુંજ નથી.

સાધુ—(કૃપા દ્રષ્ટિથી) હે રાજ શાર્દૂલ ! વાસ્તવમાં વિચાર કરીએ તો આત્મામાં સંસાર કલ્પિત છે. એમ કહેવું પણ બની શકતું નથી; કારણ કે કલ્પનાનો હેતુ તો બુદ્ધિમાં પાંચ પ્રકારના દોષ છે તે

છે એ દોષોથી બુદ્ધિમાં ભ્રાંતિ થઈ કલ્પના થાય છે. જો એ પાંચ વસ્તુઓમાંથી એકાદી વસ્તુ ન હોય તો કલ્પના થતી નથી. તે વસ્તુઓ એ છે કે:—**પ્રમાતા** માં દોષ. બીજો **પ્રમાણ**માં દોષ, ત્રીજો **પ્રમેય** માં દોષ, ચોથો **વસ્તુજ્ઞાનજન્ય સંસ્કાર,** પાંચમો **અ-ધિષ્ટાન**નું અજ્ઞાન આ પાંચ વસ્તુઓ હોય તોજ કલ્પના થાય છે.

પ્રમાતા તેને કહે છે કે જે કલ્પના કરે અર્થાત્ અંતઃકરણ ઉપહિત ચૈતન્ય તેમાં ભય, લોભાદિ દોષ છે; કારણ કે અંતઃકરણમાં ભયદોષ હશે તોજ રજ્જુ–દોરડી–માં સર્પની કલ્પના થશે અને છીપમાં રૂપાની કલ્પના થાય છે તે પણ અંતઃકરણમાં લોભ દોષ હોવાથીજ થાય છે. એથી પ્રમાતામાં ભય, લો, ભાદિ દોષ હોય છે. બીજુ જેના દ્વારાએ કલ્પના થાય તેને **પ્રમાણ** કહે છે:–જેમ. નેત્ર પ્રકાશવડે રૂપ વિષયને યથાર્થ ગ્રહણ કરે છે પણ તિમિર–અંધકાર –માં તે યથાર્થ જાણી શકે નહિ. એથી પ્રમાણમાં તિમિર દોષ છે. અને ત્રીજુ પ્રમાણનો જે વિષય

અર્થાત્ જેમાં કલ્પના થાય. જેમ, રજ્જુ—દોરડી—શુક્તિ (છીપ) ઇત્યાદિ તેને **प्रमेय** કહે છે; તેમાં સાદ્રશ્ય દોષ છે; કારણ કે રજ્જુની અને સર્પની પરસ્પરમાં સાદ્રશ્યતા છે. એથી રજ્જુમાં સર્પની કલ્પના થાય છે. અને શુક્તિ (છીપ) તથા રજત (રૂપા) ની પરસ્પરમાં સાદ્રશ્યતા છે એથી શુક્તિમાં રજતની કલ્પના થાય છે. અને સાદ્રશ્યતા નહિ હોય તો કલ્પના થતી નથી અર્થાત્ રજ્જુમાં રજતનો અને શુક્તિમાં સર્પનો અધ્યાસ થતો નથી. એ કારણથી પ્રથમ **प्रमाता** માં ભય, લોભાદિ દોષ, અને બીજો **प्रमाण**માં તિમિર દોષ અને ત્રીજો **प्रमेय** માં સાદ્રશ્યતા દોષ અને ચોથો **वस्तु ज्ञान जन्य संस्कार** અર્થાત્ પૂર્વે જોયેલ સર્પનો સંસ્કાર્જ રજ્જુમાં સર્પના અધ્યાસનો હેતુ છે. અને પાંચમો **अधिष्टान**નું અજ્ઞાન અર્થાત્ રજ્જુનું વિશેષ રૂપથી અજ્ઞાન અને સામાન્ય રૂપથી જ્ઞાન સર્પની કલ્પનાનો હેતુ છે. જ્યારે આ પાંચ વસ્તુઓ હોય છે ત્યારે કલ્પના થાય છે; અને પાંચમાંથી એક પણ નહિ હોય તો

કલ્પના થતી નથી. જેમ—રજ્જુમાં પાંચે વસ્તુઓનો સંબંધ છે એથી રજ્જુમાં સર્પની કલ્પના થાય છે. એ પ્રકારે આત્મામાં સંસારની કલ્પના હોવાનો હેતુ એ પાંચે વસ્તુઓમાંની એક પણ વસ્તુ સિદ્ધ કરી શકતી નથી; કારણ કે જે કારણ હોય છે તે કાર્યની પૂર્વકાળમાં હોય છે અને અહિંઆ **પ્રમાતા** જે અંતઃકરણ અને **પ્રમાણ** જે નેત્ર એ બન્ને હેતુઓ સંસારની કલ્પનાની પૂર્વે હોવા જોઇએ. તો સંસારની પૂર્વે એ બન્ને વસ્તુઓની હયાતિ અસિદ્ધ થાય છે. કારણ કે અંતઃકરણ અને ઇંદ્રિઓજ સંસાર છે, અને સંસાર છે કલ્પિત તો પછી સંસારના પૂર્વકાળમાં એ કેવી રીતે હોઈ શકે? એટલા માટે **પ્રમાતા**માં ભય, લોભાદિ દોષ, અને **પ્રમાણ**માં તિમિર દોષ હોવો અસિદ્ધ છે. અને ત્રીજે **પ્રમેય**માં સાદૃશ્ય દોષ પણ સિદ્ધ થતો નથી કારણ કે આત્માની અને સંસારની પરસ્પરમાં સાદૃશ્યતા નથી અર્થાત્ આત્મા ચૈતન્ય છે; સંસાર જડ છે. આત્મા નિત્ય છે; સંસાર અનિત્ય છે. આત્મા પ્રકાશક છે; સંસાર પ્રકાશ્ય છે. આત્મા નિરાવયવ છે; સંસાર

સાવયવ છે. આથી સાદશ્ય દોષ સિદ્ધ થતો નથી અને ચોથો **वस्तु ज्ञान जन्य संस्कार** પણ અ-સિદ્ધ છે. કારણ કે પૂર્વે જોયેલ સર્પનો સંસ્કારજ રજ્જુમાં કલ્પનાનો હેતુ છે અને આત્મામાં સંસા-રની કલ્પનાની પહેલા તો સંસાર ત્રણે કાળમાં થયોજ નથી તો પછી પૂર્વે જોયેલ સંસારનો સંસ્કાર કેવી રીતે સિદ્ધ થઈ શકે એટલા માટે **वस्तु ज्ञान जन्य संस्कार** પણ અસિદ્ધ છે. અને પાંચમો **अधिष्ठा-न**નું સામાન્ય રૂપથી જ્ઞાન અને વિશેષ રૂપથી અજ્ઞાન પણ સિદ્ધ નથી; કારણ કે આત્મા ચૈતન્ય, નિરાકાર અખંડ સ્વરૂપ છે તેના વિષયમાં સામાન્ય, વિશેષ ભાવ ત્રણે કાળમાં બનતો નથી. એ પ્રકારે આત્મા-માં સંસારની કલ્પનાનું કારણ પાંચે વસ્તુઓ અસિદ્ધ હોવાથી આત્મામાં સંસારને કલ્પિત કહેવું પણ બનતુ નથી, કેવળ ચૈતન્યનો વિલાસજ વિલાસ છે. વાસ્ત-વમાં છે કાંઇ પણ નહિ. જેમઃ—વંધ્યાનો—વાઝણી-નો—પૂત્ર અને શશ—શશલા—નું શીંગડુ શબ્દ માત્રજ સિદ્ધ છે. એ પ્રકારે સંસાર પણ શબ્દ માત્રજ સિદ્ધ છે. વાસ્તવમાં છે કાંઇ પણ નહિ.

રાજા—(રાણીને યાદ કરીને) હે ભગવન્ ! આ-વાજ નિર્વાણરૂપ વાક્યો મને મારી બુદ્ધિમતિ રાણીએ પણ પૂર્વે કહ્યા હતા, પરંતુ મને તેના વાક્યોમાં શ્રદ્ધા નહોતી થઇ અર્થાત્ મેં તેને સ્ત્રી જાતી અને મિથ્યાવાદિની જાણી તેના કથનનો અંગીકાર કર્યો નહતો.

સાધુ—હે રાજન્ ! તારા પ્રારબ્ધના યોગે એવી બ્રહ્મવેત્તા રાણી તને પ્રાપ્ત થઇ હતી કે જેવી રાજા શિખરધ્વજને ચૂડાલારાણી મળી હતી; પરંતુ તેં તેને પીછાણી નહી અને તેણે તને ઘણોજ ઉત્તમ પ્રકારનો ઉપદેશ કર્યો પણ તે વખતે તારા ચિત્તમાં એવો અહંકારરૂપ પિશાચ ધુસી ગયો હતો કે તેણે તને શા-ન્તિનું લેષ માત્ર પણ સુખ લેવા દીધું નહિ અને જ્યાં સુધી એ અહંકારરૂપ પિશાચ આ જીવની સાથે રહે છે ત્યાં સુધી જીવને શાંતિ સ્વરૂપ એવા પોતાના આત્માની પ્રાપ્તિ થવા દેતો નથી. તે પિશાચરૂપ અહંકાર હવે તને છોડીને ચાલ્યો ગયો છે. એથીજ આ સત્ય ઉપદેશ તેં ધારણ કીધો અને આનંદને પામ થયો.

રાજા—હે સાધો ! પ્રથમ મને પરોક્ષજ્ઞાન તો

હતું, અર્થાત્ એવું જ્ઞાન તો હતું કે "બ્રહ્મ એક છે અને શુદ્ધ છે અને નિત્ય જ્ઞાન સ્વરૂપ છે" પરંતુ અનુભવ—અપરોક્ષ જ્ઞાન નહોતું અર્થાત્ " તે બ્રહ્મ હું છું" એવું દ્રઢ અપરોક્ષ જ્ઞાન નહોતું તે હવે આ-પની કૃપા દ્રષ્ટિથી મને અનુભવ—અપરોક્ષ જ્ઞાન થયું છે.

સાધુ—(પ્રસન્ન થઇને) ભલા કહો તો ખરાકે તમે કેવી રીતે નિશ્ચય કર્યો કે " હું શુદ્ધ ચૈતન્ય આત્મા છું " ?

રાજા—હે કૃપાસિંધુ ! **अहम्**—હું—એ પ્રત્યક્ષ આત્મા છે અને **इदम्**—આ—એ પ્રત્યક્ષ અનાત્મા છે; અર્થાત્ **अहम्** રૂપથી તો આત્માનો બોધ થાય છે અને **इदम्** રૂપથી અનાત્માનો બોધ થાય છે. તે **अहम्** નો પ્રત્યક્ષ જે મારો આત્મા તે હું પોતેજ છું એથી હું આત્મા છું અને ચૈતન્ય છું; કારણ કે મન, ઇન્દ્રિ આદિક સર્વે મારી સત્તા વિના કાંઇ પણ ક-રવાને સમર્થ નથી એથી હું ચૈતન્ય છું, અને જેમ સૂર્ય સર્વને પ્રકાશ આપે છે છતાં તે કર્તૃત્વ ભોક્તૃત્વ ધર્મ રહિત સર્વથી ભિન્ન છે. એ પ્રકારે હું દેહ, ઇન્દ્રિ

આદિકોને પ્રકાશિત કરતો છતો કર્તૃત્વ, ભોક્તૃત્વ ધર્મ રહિત સર્વથી પ્રથક છું એથી હું શુદ્ધ છું. હે ભગવન્ ! એ પ્રકારે મેં આપના ચરણોની કૃપાથી અને મારા પોતાના અનુભવથી નિશ્ચય કર્યો છે અને તે આ મારો નિશ્ચય દ્રઢ છે; અર્થાત્ **अहम्** નો પ્રત્યક્ષ જે આત્મા તે હું આપો આપજ છું અને **इदम्** નો પ્રત્યક્ષ જે અનાત્મા તે પણ આત્માથી ભિન્ન નથી; કારણ કે હું પોતાને તો **अहं** રૂપથી કહું છું; અને આપને તથા આ મંત્રીઓને તથા આ સર્વે પુરૂષોને તેવીજ રીતે આ રાણીની ચિતાને **इदम्** રૂપથી કહું છું; અને આપ આપને **अहम्** રૂપથી કહોછો અને મને આ મંત્રીઓને, આ સર્વે પુરૂષોને અને આ ચિતાને **इदम्** રૂપથી કહોછો અને આ મંત્રી પોતાને **अहम्** રૂપથી કહે છે અને તે મને, આપને, આ સર્વે પુરૂષોને તેમજ ચિતાને **इदम्** રૂપથી કહે છે. એ પ્રકારે આ ચિતા પણ પોતે **अहं** રૂપે છે. અને તેને હું, આપ અને આ સર્વે **इदम्** રૂપે છૈએ. ત્યારે ભલા હવે જુઓ તો ખરા **इदं** રૂપતા અર્થાત અનાત્મપણુ ક્યાં

રહ્યું ? સર્વત્ર **अहंज अहं** છે, અર્થાત્ સર્વ આત્મા જ આત્મા છે. આત્મા સિવાય અન્ય બીજુ ક્યાં છે? આત્માથી ભિન્ન તો કોઇ વસ્તુ થઇજ નથી. એ પ્રકારે મેં સંપૂર્ણ દ્રશ્યાદ્રશ્યને મારા પોતાના આત્મા રૂપે **અનુભવ**વડે દ્રઢ નિશ્ચય કીધો છે. અને વાસ્તવમાં સંપૂર્ણ દ્રશ્ય મારો આત્માજ છે. શું આ મારો નિશ્ચય કાંઇ કમ છે ? હે શ્રી મહારાજ ! આપે આપની કૃપા વડે મને એવા તો ઉત્તમ પદમાં સ્થિત કર્યો છે કે જેને જાણવાની બુદ્ધિમાં પણ શક્તિ નથી અને કહેવાને વાણી સમર્થ નથી. જેને નેત્ર પણ દેખી શકે નહિ અને જે પદને પામ્યા પછી બીજુ કાંઈ પણ પામવાનું બાકી રહેતું નથી તથા જેના જ્ઞાનથી જ્ઞેય—જાણવા યોગ્ય—બીજુ કાંઈ બાકી રહેતું નથી. એવું જે ઉત્તમ પદ છે તેમાં મને દીનને આપે આપની ચરણોની કૃપાથી સ્થિત કરી દીધો છે. એવા કૃપા સાગર મારા આત્મા આપજ છો તે આપને મારા કોટયાનું કોટી પ્રણામ છે.

સાધુ—(હસીને) હે રાજા ! તું જે મને આમ

પ્રણામ કરે છે અને કહે છે કે આપે કૃપા કરી તો શું તેં મને તારાથી પ્રથક જાણ્યો ?

રાજા—(પ્રણામ કરીને) હે કૃપાળુ ! આપને મેં મારો પોતાનો આત્માજ જાણ્યો; કારણ કે સ્ત્રી, પુત્ર ધન આદિકોમાં જે પ્રીતિ થાય છે તે પણ પોતાના આત્માને માટેજ થાય છે. અને ઇશ્વરમાં પણ જે પ્રીતિ છે તે પણ પોતાના આત્માનાજ કલ્યાણને માટે છે. અને જે પોતાના આત્મામાં પ્રીતિ છે તે પણ પોતનેજ માટે છે; કોઇ બીજાને માટે નથી. એથી આત્માજ પરમાનંદ, પરમ પ્રિય છે અને આપ મને પરમાનંદ, પરમ પ્રિય છો એથી આપ મારા આત્મા છો. એવી રીતે આપ જે પરમાનંદ સ્વરૂપ, પરમ પ્રિય મારા આત્મા છો તે આપને મારા વારંવાર નમસ્કાર છે. (એવું કહેતા કહેતા રાજા ગદ્ગદ્ ભાવને પ્રાપ્ત થઇ ગયો અને સાધુના ચરણોમાં જઇને પડયો અને આનંદમાં એવો મગ્ન થઇ ગયો કે તન, મનની સઘળી શુદ્ધ પણ ભુલી ગયો. થોડો વખત

થયા બાદ જ્યારે જરા શુદ્ધિમાં આવ્યો ત્યારે ઉઠી બે હાથ જોડી સ્તુતિ * કરવા લાગ્યો.)

લહેર ૯ મી.

બુધ્ધિમતી રાણીનું સજીવન થવું.

સ્તુતિ કરી રહ્યા બાદ રાજા જ્ઞાનશેખરે સાધુના ચરણોમાં સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા.

---

* રાજા જ્ઞાનશેખરે કરેલી સ્તુતિ સંસ્કૃતમાં છે. તે આઠ શ્લોકના અષ્ટક રૂપે છે. તે અર્થ સહિત આ પુસ્તકના અંતમાં આપવામાં આવી છે. તે ગુરૂ સ્તવરાજનો મહિમા અકથનીય છે અર્થાત્ તેનો પાઠ કરવાથી વાંછિત ફળની પ્રાપ્તિ થાય છે જેમની ઇચ્છા હોય તેમણે અવશ્ય તેનો અનુભવ કરી જોવો. ગુરૂ પરમાત્મા નિશ્ચય કૃપા કરશેજ.

સાધુ—(રાજાના શીરપર હાથ મુકીને) હે રાજન્ ! હવે તું પરમપદને પ્રાપ્ત થયો છું એમાં જરા પણ સંદેહ નથી; તો હવે તું જઇને તારૂં રાજ્ય કર. જેમ પહેલા તને રાજકાજ કરવાથી દુઃખ થતું હતું તેમ હવે તને થશે નહિ; કારણ કે આગળ તો તું અહંકાર સહિત રાજ્ય કરતો હતો એટલા માટે તને દુઃખ થતું હતું અને હવે તું નિરહંકાર થયો હોવાથી સર્વ દુઃખોથી રહિત થઇ ગયો છે. બસ, હવે તું જા અને તારી પ્રજાને પોતાના આત્મા સ્વરૂપે જાણી તેની રક્ષા કર.

રાજા—(હાથ જોડીને) હે ભગવન્ ! હવે આપ એવો ઉપદેશ કરીને મને ફરી પ્રવૃત્તિરૂપ કીચડમાં ન નાંખો; કારણકે જે પુરૂષે ભોજન ન કર્યું હોય તે રસોઇ કરવાની કડાકુટ કરે અને ધુંવાડે મરે પણ મને તો આપના ચરણોની કૃપાથી ક્ષુધાની અત્યંત નિવૃત્તિ થઇ ગઈ છે, તો પછી હું નકામો ધુંવાડામાં શા માટે મરૂં? અને તેનું પછી મારે શું પ્રયોજન હોય?

સાધુ—હે ભૂપાળ ! જેમ રાજા શિખરધ્વજ અને

ચૂડાલા રાણીએ દ્રઢ અપરોક્ષ જ્ઞાન થયા પછી પણ શરીરના પ્રારબ્ધાનુસાર ફરી રાજ્ય કર્યું હતું. એ પ્રકારે બીજા પણ ઘણા થઈ ગયા છે, અને હવે હું તારી બુદ્ધિમતી રાણીને પણ જીવતી કરૂં છું તો તું અને બુદ્ધિમતી રાણી બન્ને મળીને રાજ્યને ભોગવો. વળી વિચાર કરીને જોઈએ તો ભોગો ભોગવવાની યુક્તિ કેવળ જ્ઞાનીજ જાણે છે; પરંતુ અજ્ઞાની તો ભોગોમાં આશક્ત થઇને મહા કલેશને પામે છે, અર્થાત્ ભોગ તેવા પુરૂષોને ભોગવે છે, તેઓ ભોગોને ભોગવતા નથી.

રાજા—હે દયાસિંધુ ! ભલા જે પુરૂષે સંસારનો મૃગ તૃષ્ણાના જળની માફક મિથ્યા દ્રઢ નિશ્ચય કર્યો છે તેની ફરી ભોગોમાં કેમ કરીને પ્રવૃત્તિ થશે ?

સાધુ—હે રાજન્ ! કોઈ એક રાજા શિકાર ખેલવા માટે નીકળ્યો હતો તે ખેલતા ખેલતા પોતાના તાબાના કોઇ ગામડા નજીક જઇ પહોંચ્યો. તે ગામમાંથી એક માણસને વેઠે પકડી મંગાવ્યો. અને પાણીની તૃષા લાગી હતી માટે એક ઘડો આપી

તે માણસને પાણી ભરી લાવવા માટે મોકલ્યો સાથે પોતાના એક સીપાઇને પણ મોકલ્યો હતો. ખારપાટની જમીન હોવાથી ત્યાં પાણીની ઘણીજ તાણ હતી. રસ્તામાં તે માણસને સીપાઇએ મૃગતૃષ્ણા—ઝાંઝવાના જળને જોઇને કહ્યું—જો, પેલી નદી વહી રહી છે. તેમાંથી જળ ભરી લાવ. તે વેઠીઆએ કહ્યું કે તે નદી કાંઈ જળના પાણીથી ભરી નથી પણ મૃગતૃષ્ણાના જળથી ભરેલી છે, અર્થાત્ સૂર્યના કિરણો વડે ભ્રમથી જળની માફક જણાય છે. વાસ્તવમાં તે જળ નથી. એવું સાંભળીને સીપાઇએ જાણ્યું કે તે દૂર જવાથી કંટાળે છે અને તેથી આમ ખોટું સમજાવે છે. જ્યારે તે સીપાઇએ એક દંડો મારીને કહ્યું કે તું દૂર જવાથી ડરે છે ત્યારે તે વેઠે પકડાયેલ પુરૂષે વિચાર કર્યો કે જો હવે હું ફરી કહીશ કે તે જળ નથી પણ મૃગતૃષ્ણા—ઝાંઝવાનું જળ છે તો તે બીજો દંડો લગાવશે. એવો વિચાર કરીને તે પુરૂષે તે મૃગતૃષ્ણાના જળની તરફ ચાલવા માંડયું પણ તેને જળની તરફ જવાનો ઉત્સાહ બીલકુલ નથી અને તે સાથના સીપાઇને કાંઇ કહેતો પણ નથી કે તે જળ

નથી. એ પ્રકારે જ્ઞાનવાન તે અનાત્મા પદાર્થોને મૃગતૃષ્ણાના જળની માફક મિથ્યા તો નિશ્ચય કરી લે છે. પરંતુ પ્રારબ્ધરૂપ દંડનો પ્રહાર થવાથી આવતા ભોગોને ઉત્સાહ વિના ભોગવે છે. અને બીજાને ભોગોમાં પ્રવૃત્ત થવાને ઉપદેશ કરતા નથી. અર્થાત્ જ્ઞાનવાનની પ્રારબ્ધાનુસારજ ચેષ્ટા થાય છે. પોતાની ઇચ્છાથી તેઓ કાંઇ કરતા નથી. જેમ પાંદડા વૃક્ષથી તુટીને રસથી રહિત થઇ જાય છે ત્યારે તેને જે દિશાનો વાયુ લાગે છે તેણી તરફ ઉડી જાય છે પરંતુ પોતાની ઇચ્છાથી તે કોઈ તરફ પણ જતા નથી. એ પ્રકારે જ્યારે જ્ઞાનવાન પુરૂષ અહંકાર રૂપ વૃક્ષથી તુટીને વાસનાથી રહિત થઇ જાય છે ત્યારે તેને પ્રારબ્ધરૂપ વાયુ જે તરફ લઇ જાય છે તે તરફ જાય છે. પોતાની ઇચ્છાથી:કાંઈ પણ ચેષ્ટા કરતા નથી. હે રાજા ! એ પ્રકારે ઇચ્છાથી રહિત થઇને પ્રારબ્ધાનુસાર તું પણ રાજ્ય ચેષ્ટા કર. એથી તારી કાંઈ પણ હાનિ નથી અને હવે હું તારી રાણીને પણ જીવતી કરી દઉંછું.

રાજા–(દઢ થઇને) હે દીનદયાળ ! કોની રાણી

અને કોનું રાજ્ય ? કોણ ભોગવે અને કોને ભોગવે? આ સર્વ સ્વપ્નની માફક કેવળ વિલાસજ વિલાસછે

સાધુ—હે રાજન્! હવે તું એવોજ દૃઢ નિશ્ચય કરીને સ્વતંત્ર વિચર. (એ પ્રકારે કહીને સાધુ ઉઠી ઉભો થયો અને રાજાનો હાથ પકડીને તેને ચિતાની નજીક લઈ ગયો.

રાજા—અહાહા ! કેવો અદ્દભૂત વિલાસ છે કે આ રાણીએ પ્રથમ તેને જોતાંજ તેણે મને મહાન દુઃખના સમુદ્રમાં નાંખી દીધો હતો અને' ફરી તેજ રાણી મારા પરમાનંદની સાધક થઈ; કારણકે જો તેણીના વિયોગથી હું દુઃખી ન થયો હોત તો આપ મારા પર કેવી રીતે કૃપા કરત, અર્થાત્ આપે જે મને દીનને દુઃખ રૂપ સમુદ્રમાં ડુબતો જોઇને આપના કમળવત્ ચરણ-રૂપ નૌકામાં બેસાડી પાર લઇ ગયા છો તે આ રા-ણીના વિયોગરૂપ દુઃખનીજ કૃપા છે. અને મહાત્મા-ઓના દર્શનનો જે પ્રભાવ છે તે આજ મને પ્રત્યક્ષ થયો છે, પ્રથમ આ રાણી જે દુઃખનો હેતુ હતી તેજ સુખનું સાધક થઈ ગઇ તો એથી બીજો પ્રભાવ શું ?

સાધુ—(ચિતાની તરફ હાથ કરીને) હે રાજા ! આવી બ્રહ્મવેત્તા રાણી અને તારા જેવો બ્રહ્મવેત્તા રાજા એમનો ભલા કેવી રીતે વિયોગ થઈ શકે ? કદાપિ નહિ થશે—(એવું કહીને સાધુએ રાણીનો હાથ પકડીને ચિતામાંથી બેઠી કરી.) જ્યારે રાણી **नित्योहम्, शुद्धोहम्, निराकारोहम्, निर्गुणोहम्, निष्क्रियोहम्,** એમ બોલતા બોલતા બેઠી થઇ, ત્યારે સાધુ અંતર્ધ્યાન થઇ ગયો.

રાણીને આમ સજીવન થયેલ જોઇને સર્વેના અંતઃકરણો આનંદથી ઉભરાય જવા લાગ્યા. રાણી પણ ગદ્ ગદ્ ભાવને પ્રાપ્ત થઈ રાજાના ચરણોમાં જઇને પડી. પરંતુ રાજાને રાણીની પ્રાપ્તિથી જરા પણ હર્ષ થયો નહિ. જેમ સુમેરૂ પર્વત વાયુથી ચલાયમાન થતો નથી તેમ રાજા પણ રાણીની પ્રાપ્તિ રૂપ વાયુથી ચલાયમાન થયો નહિ. અને જેમ સફેત વસ્ત્રના ઉપર કેશરનો રંગ બહુજ જલદીથી ચઢી જાય છે અને કાળી કામળી ઉપર ચઢતો નથી એ પ્રકારે અજ્ઞાની પુરૂષોને તો સુખ દુઃખની અસર

ઘણીજ જલદીથી થઇ જાય છે પરંતુ કાળી કામળ-ની માફક જ્ઞાનવાનને સુખ-દુઃખરૂપ રંગ સ્પર્શજ કરતો નથી. એ પ્રકારે રાજાને રાણીની પ્રાપ્તિથી કાંઈ પણ ઉત્સાહ થયો નહિ. રાજાએ સમુદ્રની માફક પોતાની ગંભીરતાનો પરિત્યાગ કર્યો નહિ.

રાણી—(હાથ જોડીને) હે શ્રી મહારાજ ! આપે એ કેવી વિલક્ષણ લીલા રચી કે—આપના વિયોગથી હું મહા દુઃખી થઈ.

રાજા—હે રાણી ! તું તારા સ્વરૂપને તો જો તારામાં દુઃખનો લેશ પણ નથી. તું તો સદા આ-નંદ સ્વરૂપજ છું.

રાણી -(હસીને) હે શ્રી મહારાજ ! આતો સત્ય શબ્દ વાણીનો વિનોદ હું આપને પ્રથમ પણ સંભળાવતી હતી પણ તે વખતે આપ ઉલટી મારી હાંસી કરતા હતા અને હવે આપ આપનાંજ શ્રી મૂખથી એવું કેમ કહો છો કે “ તું તો સદા આનંદ સ્વરૂપ છું. ” ?

રાજા—હે રાણી ! તેં મને કોઈ વખત કહ્યુંજ નથી અને તું ત્રણે કાળમાં કદિ થઇજ નથી તો

પછી કહેવું, સાંભળવું, ક્યાં બને એમ છે ? (આવું સાંભળીને જ્યારે રાણીએ જાણ્યું કે રાજા હવે પોતાના સ્વરૂપમાં સ્થિત થયો છે ત્યારે તે ઘણીજ આનંદને પ્રાપ્ત થઇ.)

રાણી—(પ્રસન્નતાપૂર્વક) હે સ્વામી ! જુઓ મેં આપને કેવી યુક્તિથી ઉપદેશ કર્યો, અર્થાત્ પ્રથમ જ્યારે હું આપને ઉપદેશ કરતી હતી ત્યારે આપ મને આપની દાસી જાણીને મારા કથનને અસત્ય જાણી અંગીકાર કરતા નહોતા. તે વખતે મારા અંતરમાં થયું કે આપ આપના સ્વરૂપથી વિમૂખ રહો એ ઠીક નહિ જેથી મેં યોગશક્તિથી એવી લીલા રચી કે જ્યારે પતિતપાવની ગંગાજીને કાંઠે પોતાના પતિની પાછળ સતી થવા બેઠેલ સ્ત્રીને જોઇને આપે મને કહ્યું હતું કે "મારા શરીરના છુટવાથી તું આ સ્ત્રીની માફક ચિતામાં બેસીને સતી થવાની હઠ પણ કરી શકશે નહિ" ત્યારે મેં આપને કહ્યું કે "આ પ્રમાણે પોતાના પતિની પાછળ ચિતામાં બેસીને બળી મરી સતી થવું એ યથાર્થ ન કહેવાય. હું તો આપના વિયોગના સમાચાર સાં·

ભગતાંજ વિરહરૂપ અગ્નિથી શરીરનો ત્યાગ કરી દઇશ" મારા આ વચનથી આપને નિશ્ચય થયો નહિ અને આપે મારી પરીક્ષા લેવાને માટે દૂતને આપના વસ્ત્રો લોહીમાં રગદોળીને મોકલાવી એવા સમાચાર અપાવ્યા કે આપે શરીરને છોડી દીધું છે. એવું સાંભળીને મેં પણ મારી પ્રતિજ્ઞાનુસાર વિરહ રૂપ અગ્નિથી શરીરનો ત્યાગ કીધો. ફરી જ્યારે આપ મારા મૃત્યુને જોઇને ઘણાંજ શોકાતુર થયા ત્યારે મેં આપને દુઃખી જાણીને સાધુનું સ્વરૂપ ધારણ કરી આપનો અહંકાર દૂર કર્યો અને આપને પરમ પદમાં સ્થિત કરીને ફરી હું આપની દાસી બુદ્ધિમતિ રાણી થઇને આપની સેવામાં હાજર થઇ છું. જે કાંઈ આપની આજ્ઞા થશે તેને અનુસારજ હું ચેષ્ટા કરીશ અને હવે આપ પણ જ્ઞાનના શિખર પર ચઢી સ્વ-સ્વરૂપમાં સ્થિત થયા છો. આગળ તો નામ માત્રજ આપ જ્ઞાનશેખર હતા પણ હવે તો ખરેખર સ્વરૂપમાં જ્ઞાનના શિખર પર સ્થિત થઈ ગયા છો. તો હવે આપ આપના સ્વરૂપમાં જ્ઞાનશિખર પર સ્થિત રહીને રાજ્ય કરો,

રાજા—હે રાણી ! તું વિચારવાન થઇને પણ મને પ્રવૃત્તિમાંજ પ્રવર્ત્ત કરે છે. હવે હું તે ઉપાધિ વહોરીશ નહિ. હું તો પોતે જીવન–મુક્ત થઇને સ્વતંત્ર નિવૃત્તિમાં રમણ કરીશ.

રાણી–(હાથ જોડીને) હે શ્રીમહારાજ ! નિવૃત્તિ અને પ્રવૃત્તિ એ બન્ને આપનાજ સ્વરૂપો છે. ચાહે તે સ્વરૂપમાં વિચરો. આપને હવે તે કોઇપણ રીતની બાધા કરશે નહિ; કારણ પ્રવૃત્તિ પણ આપનુંજ રાજ્ય છે અને નિવૃત્તિ પણ આપનુંજ રાજ્ય છે. જેમ કોઇ એક રાજાએ પોતાના મૃત્યુના સમયે મંત્રીઓને આજ્ઞા દીધી કે "મારા મરણ પછી ગાદીનો વારસ ન હોવાથી તમારે આ પ્રમાણે કરવું કે મારા મરણને બીજે દિવસે પૂર્વ દરવાજેથી પ્રાતઃકાળમાં જે પુરૂષ પ્રથમ દાખલ થાય તેને રાજ્ય ગાદીનો અભિષેક કરી એક વરસ દિવસ સુધી તેને ગાદી ભોગવવા દેવી પછી નદીપાર જે ભયાનક વન છે કે જેમાં સિંહ વ્યાઘ્રાદિક પુષ્કળ હિંસક જીવો રહે છે તેમાં તેને મુકી આવવો. પછી બીજા પુરૂષને પણ આગળ પ્રમાણે ગાદી સોંપી વર્ષ દિવસ પછી તેને

પણ તે વનમાં મોકલાવી દેવા. આ પ્રમાણે વર્ષ દિવસથી અધિક કોઇને પણ રાજ્ય કરવા દેવું નહિ. કારણ કે મૃત્યુના ભયથી રાજા પ્રજાને દુઃખી કરશે નહિ. એવું કહીને રાજાએ તો શરીર છોડી દીધું અને મંત્રીઓએ પણ રાજાના મૃત્યુ બાદ તેમની આજ્ઞા પ્રમાણેજ વર્તન ચાલુ રાખ્યું. ઘણાંએક પુરૂષો એક એક વર્ષ રાજ્ય ભોગવી ભોગવીને સિંહ વ્યાઘ્રાદિકના ભોગ થઇ મૃત્યુને વશ થઇ ગયા. પરંતુ એક સમય કોઇ વિચારવાન પુરૂષે અનિશ્ચિત દૈવ યોગથી પ્રાતઃકાળમાં તેજ દરવાજામાં થઇને નગરમાં પ્રવેશ કર્યો. તે વખતે મંત્રીઓએ તેને લઇ જઇ રાજ્ય ગાદીપર બેસાડયો. તે સમયે તે પુરૂષે વિચાર કર્યો કે આ રાજ્ય તો અલ્પ સમયનુંજ છે કાંઇ સદાને માટે નથી. એક વર્ષ પછી મારે ભયાનક વનમાં જઈને સિંહ, વ્યાઘ્રાદિકના મુખમાં પડવું પડશે. આવું વિચારીને તેણે મંત્રીઓને આજ્ઞા કરી કે પ્રથમ તો તે નદીના ઉપર પૂલ બાંધો અને પછી તે વનને કાપી તેમાં સિંહ, વ્યાઘ્રાદિક જેટલા હિંસક પશુઓ હોય તેમને મારી તે જગ્યાએ એવું

નગર રચ્યો કે જેવું આ નગર છે: અર્થાત્ જે કાંઇ ભોગ, ઐશ્વર્ય આ તરફ છે તેવાજ તે તરફ જલદી- તૈયાર કરો. મંત્રીઓએ રાજાની આજ્ઞા માથે ચઢાવી તેજ પ્રમાણે કર્યું. જ્યારે વર્ષ દિવસ થઈ ગયો ત્યારે મંત્રીઓએ તે રાજાને નદીપાર મુકી આવવાનો વિચાર કર્યો. તે સમય તેમાંથી એક મંત્રીએ કહ્યું—ભલા જુઓ તો ખરા આપણા આ રાજા કેવા બુદ્ધિવાન છે કે જેણે નદીપાર પણ એવીજ રચના કરાવી છે કે જેવી આ તરફ છે. તેને તો બન્ને તરફ આનંદજ છે. તો તમે શા માટે તેને નદીપાર મુકી આવવાનો વિચાર કરો છો. એમ કરવામાં મોટું નુકશાન તો આપણનેજ છે કારણ કે આવો બુદ્ધિવાન રાજા આપણને બીજો નહિ મળે. આપણા મર્હુમ રાજા કરતા પણ આ રાજા કેવો બુદ્ધિવાન છે કે જેણે વર્ષ દિવસે એક રાજાની હિંસા થતી હતી તેને અટકાવી દીધી. આમ મંત્રીઓ માંહો માંહે વાતો કરે છે એટલામાં તે રાજા પણ ગાદી ઉપરથી ઉઠીને કહેવા લાગ્યો કે—હે મંત્રી વર્ષ દિવસ પૂર્ણ થયો છે માટે હવે મને તે નદીની પાર ઉતારી મુકો. ત્યારે મંત્રીઓએ

હાથ જોડીને કહ્યું કે "હે શ્રીમહારાજ ! આપનું તો અહિંઆ પણ રાજ્ય છે અને ત્યાં પણ રાજ્ય છે. ચાહે ત્યાં રહો; કારણકે આપને તો હવે બન્ને હાથમાં લાડુ છે. ચાહે તો જમણા હાથમાંથી ખાઓ કે ચાહે તો ડાબા હાથમાંથી ખાઓ." આ પ્રમાણે બુદ્ધિમતી રાણી રાજા જ્ઞાનશેખરને કહે છે કે—હે શ્રીમહારાજ ! જ્યારે આપે તૃષ્ણારૂપ નદી ઉપર સંતોષરૂપ પૂલ બાંધી દીધો અને વિષયરૂપી વનને કાપી રાગ દ્વેષરૂપી સિંહ, વ્યાઘ્રાદિકને મારી તે વનમાં વિચારરૂપ મહેલ બાંધી દીધો છે તો આપને અહિંઆ પણ રાજ્ય છે અને ત્યાં પણ રાજ્ય છે, અર્થાત્ પ્રવૃત્તિ પણ આપનુંજ સ્વરૂપ છે અને નિવૃત્તિ પણ આપનુંજ સ્વરૂપ છે. તો પછી આપ ચાહે તો પ્રવૃત્તિમાં વિચરો કે ચાહે તો નિવૃત્તિમાં વિચરો. આપમાં ન તો પ્રવૃત્તિ છે કે ન તો નિવૃત્તિ છે. જેમ સૂર્યમાં ન તો અંધકાર છે અને ન તો પ્રકાશ છે; કારણકે સૂર્ય પ્રકાશરૂપ છે. જેમ કોઇ પુરૂષ કહે કે સાકરમાં ગળપણ છે કે કડવાસ છે તો આ પ્રમાણે તેનું કહેવું અત્યંત અસંભવિત છે, કારણકે મધુરતાનું નામજ સાકર છે.

એ પ્રકારે આપમાં પ્રવૃત્તિએ નથી અને નિવૃત્તિએ નથી. આપની ઇચ્છામાં આવે ત્યાં રહો. પરંતુ આપના શરીરનું પ્રારબ્ધ પ્રવૃત્તિનું છે માટે આપને અવશ્યજ રાજ્ય ભોગવવું પડશે. અને જો આપ કદાચિત્ રાજ્યના ત્યાગ કરી ચાલ્યા જશો તો રાજા ભગીરથની માફક બીજે કોઇ સ્થળે આપને રાજ્ય પ્રાપ્ત થશે અને ત્યાં તમારી ઇચ્છા નહિ હશે તોપણ તે રાજ્ય ભોગવવું પડશેજ. એટલા માટે હું સત્ય કહું છું કે આપ અહિંઆજ સુખપૂર્વક રમણ કરો. હવે આ પદાર્થો આપને દુઃખદાયી લાગશે નહિ, કારણકે જે પુરૂષ તે પદાર્થોને વિષયભોગ જાણીને તેમાં વિચરે છે તેને તો તે પદાર્થો દુઃખરૂપ છે પણ જે પુરૂષ તેને પોતાનો આત્મા જણીને રાગદ્વેષથી રહિત થઇને ભોગવે છે તેને તે પદાર્થો સુખરૂપ છે. તે માટે કહ્યું છે કેઃ—

अंतःशीतलतायान्तु, लब्धायां शीतलं जगत् ।
अंतस्तृष्णोप तप्तानां, दावादाहमय जगत् ॥

જે પુરૂષના અંતઃકરણમાં શીતળતા પ્રાપ્ત થઇ છે તેને જગત્ શીતળરૂપજ છે અને જે પુરૂષનું અંતઃ-

કરણ તૃષ્ણાથી તપી રહ્યું છે તેને જગત્ દાવાનળ રૂપ છે.

રાજા—(પ્રસન્ન થઇને) હે સુભદ્રે ! તું તો ખરેખરી ભાગ્યશાળી છું કે તારી આવા ઉત્તમ પદમાં સ્થિતિ થઈ છે; કારણ કે તને સંસાર દુઃખરૂપ જણાતો નથી અને જાણવા યોગ્ય જે પદાર્થો છે તે તેં બરોબર જાણ્યા છે. પરંતુ આત્મા તો શુદ્ધ ચૈતન્ય, નિર્વિકાર, નિષ્કર્ત્તવ્ય છે અને શરીર જડ છે તો પછી રાજ્યની રક્ષા કરવી એ કેવી રીતે બનશે ?

રાણી—(હાથ જોડીને) હે પ્રભુ ! એ કહેવું આપનું યથાર્થ છે કે આપનું સ્વરૂપ તો વાસ્તવમાં શુદ્ધ નિષ્ક્રિય છે. પરંતુ આ શરીર પ્રારબ્ધવડે રચાયું છે એટલા માટે જ્યાં સુધી શરીર રહે છે ત્યાં સુધી પ્રારબ્ધાનુસાર ચેષ્ટા થયાજ કરે છે. ચેષ્ટાથી રહિત કદાપિ તે રહી શકતું નથી. તે પ્રારબ્ધ કર્મો બે પ્રકારના છે. એક અદ્રષ્ટરૂપ અને બીજા સંસ્કાર રૂપ અર્થાત્ જે પ્રારબ્ધવડે સ્થૂલ શરીર બને છે તે તો અદ્રષ્ટરૂપ છે અને જે પ્રારબ્ધવડે સૂક્ષ્મ શરીર બને છે તે સંસ્કારરૂપ છે. સ્થૂલ શરીરનું પ્રારબ્ધ એ

છે કે જે સમયે જેવા સુખ દુઃખ ભોગવવાના નિર્માણ થયા હોય તે અવશ્ય ભોગવવાંજ પડે છે. ભલે પછી તે સ્થૂલ શરીર જ્ઞાનીનું હોય કે અજ્ઞાનીનું હોય; અને સૂક્ષ્મ શરીરનું પ્રારબ્ધ એ છે કે શુભ તથા અશુભ કર્મોમાં પ્રવૃત્તિ થવી. તે સૂક્ષ્મ શરીરનું પ્રારબ્ધ તો ન્યૂનાધિક થઈ જાય છે; અર્થાત્ જે પુરૂષ નિકૃષ્ટ પ્રારબ્ધ હોવાથી અશુભ કર્મોમાં પ્રવૃત્ત થાય છે તે કદાચિત્ મહાત્માઓના સહવાસમાં આવે છે તો તે અશુભ કર્મોથી નિવૃત્ત થઈને અવશ્યજ પરમાર્થ તરફ વળી જાય છે; કારણ કે સત્સંગનો મહીમા અકથનીય છે. તે વિષે વેદ શાસ્ત્રોમાં ઘણુંજ કહ્યું છે. એટલા માટે તુચ્છ બુદ્ધિવાળા પુરૂષો સજ્જન પુરૂષોના સંગથી સજ્જનજ થઈ જાય છે. જેમ ભમરીના સહવાસમાં આવેલો કીડો તેના (ભમરીના) રૂપે થઈ જાય છે, તેમ મહાત્માઓના સહવાસમાં આવેલ તુચ્છ પુરૂષ પણ (તેના શબ્દ શ્રવણનું પાન કરવાવડે) મહાત્મા થઈ જાય છે. અને જે પુરૂષ ઉત્તમ પ્રારબ્ધથી શુભ કર્મમાં પ્રવૃત્ત થાય છે તે દુર્જનોના સંગથી શુભ માર્ગથી હઠીને દુર્જનજ

થઇ જાય છે. એટલા માટે દુષ્ટોનો સંગ અવશ્યજ ત્યાગ કરવા યોગ્ય છે. એ પ્રકારે સૂક્ષ્મ શરીરનું પ્રારબ્ધ તો ન્યૂનાધિક થઇ જાય છે; અર્થાત્ નિકૃષ્ટ પ્રારબ્ધવાળા પુરૂષો સત્સંગથી ઉત્તમ પ્રારબ્ધના ફળ રૂપ આનંદને પ્રાપ્ત થઇ જાય છે અને ઉત્તમ પ્રારબ્ધવાળા પુરૂષો કુસંગથી નિકૃષ્ટ પ્રારબ્ધના ફળરૂપ દુઃખને પ્રાપ્ત થાય છે. પરંતુ સ્થૂલ શરીરનું જે પ્રારબ્ધ કે આ સમય સુખ અગર દુઃખ ભોગવવાનું છે તે કદાપિ નિવૃત્ત થઇ શકતું નથી. આપના તો બેય પ્રકારના પ્રારબ્ધો શ્રેષ્ટ છે; અર્થાત્ આપના સૂક્ષ્મ શરીરનું પ્રારબ્ધ શ્રેષ્ટ હોવાથી આપને પરમપદ તો પ્રાપ્તજ છે અને સ્થૂલ શરીરનું પ્રારબ્ધ પણ શ્રેષ્ટ છે કે રાજ્ય ભોગવવાનું છે. એટલા માટે જેમ આપ પરમપદના આનંદને લુટી રહ્યા છો તેમ આપને રાજ્ય પણ ભોગવવું પડશે; કારણ કે પ્રારબ્ધની ગતી બહુજ વિલક્ષણ છે, પ્રારબ્ધથી અધિક કોઇ પણ બળવાન નથી. જ્યારે પ્રારબ્ધાનુસાર પ્રાપ્ત થયેલ પ્રવૃત્તિ અગર નિવૃત્તિ એ શરીરના ધર્મ છે— આપના નથી ત્યારે આપ રાજ્યથી શા માટે ગ-

ભરાઓ છો.

રાજા (પ્રસન્ન થઇને) હે પ્રાણપ્યારી ! આ તારૂં કહેવું યથાર્થ છે કે–પ્રવૃત્તિ અને નિવૃત્તિ એ શરીરના ધર્મો છે–આત્માના નથી. આત્મા શુદ્ધ છે અને વાસ્તવમાં વિચાર કરીને જોઇએ તો પ્રવૃત્તિ, નિવૃત્તિ અને શરીર એ સર્વ કેવળ મનનીજ કલ્પના છે અને મન વંધ્યા–વાંઝણી–ના પૂત્રની માફક મિથ્યા છે, તો પછી પ્રવૃત્તિ, નિવૃત્તિ કયાં રહી ? કેવળ ચિદ્ વિલાસ છે.

રાણી–(પ્રસન્નતાપૂર્વક રાજાનો હાથ પકડીને) હે શ્રીમહારાજ ! જેમ અગ્નિથી દાહશક્તિ અને પાષાણથી જડતા ભિન્ન નથી તેમ ચૈતન્યથી ચેતનતા પ્રથક નથી. એ પ્રકારે આપથી હું જરા પણ ભિન્ન નથી; અર્થાત્ હું અને આપ એમ બે જણા નોંખા નથી પણ એકજ છૈએ અને આ સર્વ આપણોજ વિલાસ છે.

આ પ્રમાણે કહી બુદ્ધિમતી રાણી રાજા ગ્યાન

શેખર સહિત સ્વસ્થાન તરફ ગયા અને આશક્તિથી રહિત થઇને પ્રારબ્ધાનુસાર પ્રાપ્ત થતાં ભોગો ભોગવી જીવન મુક્ત થઈ વિચરવા લાગ્યા.

લહેર ૧૦ મી.

નટ-નટી સંવાદનો ઉપસંહાર.

મ૦ નટ-(નટીને) હે પ્રાણપ્યારી ! તેં સાંભળ્યુ ને. જેમ બુદ્ધિમતી રાણીએ રાજા જ્ઞાનશેખરને મૃત પ્રાય કરી દીધો હતો એ પ્રકારે તું મને પણ મારવાને તૈયાર થઇ છે. એમાં કાંઈ તારો વાંક નથી પણ એ તો સ્ત્રીઓનો કુદરતી સ્વભાવજ છે. અને તેથી તેઓનાથી એવી દુષ્ટતા થયાજ કરે છે.

નટી-(માથુ કુટીને) હાય હાય ! તમોને તે મારે શું કહેવું. તમોએ એટલું તો ગ્રહણ કર્યું કે બુદ્ધિમતી રાણીએ રાજા જ્ઞાનશેખરને મૃતપ્રાય કરી દીધો પણ એ વાતને ગ્રહણ શામાટે ન કરી કે બુદ્ધિમતી રાણી-

એ રાજા જ્ઞાનશેખરને જ્ઞાનના શિખર ઉપર સ્વસ્વરૂપમાં સ્થિત કરી દીધો, અર્થાત્ એવા સ્વરૂપને પ્રાપ્ત કરી દીધો કે જેની પ્રાપ્તિ થયા પછી બીજું કાંઈ પણ બાકી રહેતું નથી. જેમ બુદ્ધિમતી રાણીનું મૃત્યુ થવાથી રાજા જ્ઞાનશેખર શ્રીગુરૂના ચરણોનું શરણુ મળવાથી અહંકારના દૂર થવાથી પરમપદને પ્રાપ્ત થઈ ગયો કે જેને મેળવવા માટે મહાત્મા લોક લાખો કરોડો વર્ષો સુધી ભરે જપ, તપ, યોગ સંમય, વ્રત, નિયમ આદિ કરે છે તે પદ રાજાને શ્રી ગુરૂની કેવળ કૃપા દ્રષ્ટિથીજ પ્રાપ્ત થઇ ગયું. એ પ્રકારે મારા મરણથી તમો પણ શ્રીગુરૂના ચરણોમાં જઈ આનંદઘનરૂપ થઇ ગયા હોત અને એવું થઇ ગયું હોત તો તે આપના અનેક જન્મોના પૂણ્ય કર્મોનો ઉદય થયો ગણાત કારણ કે સદ્ગુરૂઓની પ્રાપ્તિ મોટા ભાગ્યશાળી પુરૂષોને થાય છે.

નટ--(ગુસ્સે થઇને) ચુપ રહે! ચુપ રહે!! ચુપ રહે!!! આમ શું બકવાટ કરી રહી છું. બળેલે મોઢે આવું બોલતા શરમાતી નથી કે "તમો ગુરૂના ચરણોમાં જાઓ" ભલા એવું કાંઈ થઈ શકે

એમ છે કે જ્યાં જેનું મૃત્યુ થાય ત્યાં તે જાય ? અ-રે ! ગુરૂની પાસે જતાંજ તો મારો-મનનો-નાશ થઈ જાય છે. તો પછી ત્યાં હું કેવી રીતે જઈ શકું? હું તો ગુરૂના ચરણોમાં રહેવાવાળા પુરૂષોનો પણ સંગ ત્યાગ કરી દઉં છું; કારણ કે ગુરૂની પાસે તો વિચારરૂપ એવું શસ્ત્ર છે કે જેને દેખતાંજ મારા હોંશ ઉડી જાય છે. તો પછી ભલા હે દુષ્ટિની ! તું મને ગુરૂરૂપ કાળના મુખમાં પડવા મોકલે છે, અને કહે છે કે—" તમો ત્યાં ગયા હોત તો મોટા ભાગ્ય-શાળી ગણાત " બસ હવે હું તને ઓળખી ગયો છું કે તું ખરેખર મારી સ્ત્રી નથી પણ મારો કટ્ટો શત્રુ છે. જેથીજ મને એવા સ્થાનમાં મોકલવા તૈયાર થઈ હતી. (આવા વચનો સાંભળી નટી ઘણીજ દીલગીર થઈ.)

નટી—(બન્ને હાથ મસળીને) હાય, હાય ! આપની બુદ્ધિને તે મારે શું કહેવું ? તમોએ સાઠે વર્ષો પાણીમાં બોળ્યા; કારણ કે જે ગુરૂના ચરણોમાં જવાથી પુરૂષ પરમાનંદને પ્રાપ્ત થાય છે અને જેમાં દુઃખનો લેશ પણ નથી તે ગુરૂઓની પાસે જતા તમો

ગભરાઓ છો અને. આ જે વિષયભોગ મિથ્યા દુઃખ રૂપ છે અને જેમાં સુખનો ગંધ સરખોએ નથી તેને તમો પરમ પ્યારૂ જાણીને તેમાં આશક્ત થઇને દુઃખ પામો છો અને હું–વાસના–કે જેણે મોટા મોટા મહાત્મા અને શૂરવીર ચક્રવર્તી રાજાઓને મહા દુઃખ રૂપ સમુદ્રમાં ગોથાં ખવરાવ્યા છે. હું એવા અનર્થના કાર્યો સિવાય બીજું કાંઇ પણ કરતી નથી અને તમો પણ જરા વિચાર કરીને જુઓ કે મેં તમોને દુઃખ સિવાય સુખ જરા પણ થવા દીધું છે? એમ છતાં મને–દુષ્ટિનીને–તો આપ પ્રાણ પ્યારી અને શ્રીગરૂને શત્રુ જાણો છો. વળી આપની બુદ્ધિની ચાતુરીના પણ શું વખાણ કરવા? જુઓ તો ખરા કેવી અદ્‌ભૂત વાત છે કે–આપ આપના સ્વરૂપમાંથી મનરૂપ નટ થઇને આ સંસાર–નાટક–ની રચના કરી તેમાંથી સુખ મેળવવાને ઇચ્છો છો. તો ભલા તેમાંથી સુખ શી રીતે મળે?

નટ—(ગુસ્સે થઇને) અરે દુષ્ટિની! તું સ્ત્રી થઇને મને ઉપદેશ કરવા લાગી છે. અને વળી તે ઉપદેશ પણ કેવો કે નાશરૂપ!

નટી—(હાથ જોડીને) હે સ્વામી ! હું તો આપની દાસી છું. અને દાસને એજ યોગ્ય છે કે પોતાના સ્વામીની એવી અંતઃકરણપૂર્વક સેવા કરવી કે જેથી તે પ્રસન્ન થાય અને સદૈવ કાળ પોતાના સ્વામીનું ભલુ થાય એવાજ વિચારો કર્યા કરવા. તો હું આપની દાસી આપનું ભલુ ઇચ્છુ છું કે—જો આપ આ દુઃખરૂપ અનાત્મા પદાર્થોથી નિવૃત્ત થઇને નિત્ય પ્રાપ્ત એવા પરમાનંદ સ્વરૂપ આપના આત્માને જુઓ કે જેથી આપના સર્વ દુઃખો નિવૃત્ત થઈ જાય.

નટ—(મશ્કરી કરીને) વાહ ! વાહ ! ! વાહ ! ! ! ખુબ કરી. મને મારવાને તો તૈયાર થઇ ગઈ છું અને કહે છે કે “ હું આપની દાસી છું અને આપનું ભલુ ઇચ્છુ છું. ” જો તારા જેવાંજ મારે શુભચિંતક સર્વ પુરૂષો હોત તો મારો ક્યારનોએ રોટલો વળી ગયો હોત. ભલા તુંજ જ્યારે આમ કરવા બેઠી છું તો પછી મારૂં ભલુ કોણ ઇચ્છશે. ભલા તું તારા બહુ-રૂપી—પણાનો તો જરા વિચાર કર. વાર્ત્તા તો મહાત્માઓના જેવી કરે છે અને કર્મ દુષ્ટોના જેવા કરે છે; અર્થાત્ તું—દુષ્ટિની વાસના—મોટા મોટા મહા-

ત્માઓને એ બદામના આદમી કે જે માયાના ગુલામ છે તેની આગળ દીન જેવા કરી દે છે, અને મોટા મોટા શૂરવીર રાજાઓને પણ મળમૂત્રનું પાત્ર જે સ્ત્રી છે તેની આગળ કામાતુર કરીને દીન કરી દે છે. ધિક્કાર છે તારી ચતુરાયને કે જે કર્મો તો નીચ-ચાંડાળથી પણ અધમ કરે છે અને મારી સન્મુખ આવીને જ્ઞાનની વાતો કરે છે. એતો નવસો ઉંદર મારીને બીલ્લી હજ કરવા ચાલી એના જેવું થયું.

નટી-(હસીને) હે સ્વામીનાથ ! આપ કહો છો કે " નવસો ઉંદર મારીને બીલ્લી હજ કરવા ચાલી " એ ઠીક છે પણ સરકાર આપ તો હજજના નામથી ગભરાઓ છો. વળી આપ મને દુષ્ટ કર્મ કરનારી કહો છો, તો એમાં હું કાંઈ પણ કરતી નથી; કારણ મારા બે રૂપો છે. એક તો શુભ વાસના અને બીજી અશુભ વાસના. હવે એમાં જે કોઇ પુરૂષ મારા અશુભ વાસના-રૂપને ધારણ કરે છે તેને તો હું મહાન્ દુઃખરૂપ કુવામાં નાંખી દઉં છું અને જે પુરૂષ મારા શુભ વાસના-રૂપને ધારણ કરે છે તે પુરૂષ એવા પદને પ્રાપ્ત થાય છે કે જેની પ્રાપ્તિ થયા પછી બીજું

કાંઇ પણ પ્રાપ્ત કરવાની ઇચ્છા રહેતી નથી. વળી જે પદનો જરા સરખો આનંદ પણ બ્રહ્માથી લઇને કીડી પર્યંત સર્વના આનંદથી અધિક થઈ પડે છે. જેવા જેવા કાર્યમાં જે કોઇ પુરૂષ મને યોજે છે તેવા તેવા ફળો તેમને મળે છે. હું મારી ઇચ્છાથી કાંઈ પણ કરતી નથી. આપ જરા પક્ષપાતથી રહિત તટસ્થ રહીને આપની સ્થિતિનો વિચાર કરો કે–ભોગોથી આપને કદી સુખ મળ્યું છે ? હું નથી ધારતી કે આપને કદિ સુખ મળ્યું હોય. ભલા કોઇ પુરૂષ કાચબાના વાળની કામળ બનાવી તે ઓઢીને ટાઢ નિવૃત્ત કરવા ઇચ્છે તો તે કેવી રીતે બની શકે ? કદાપિ નહિ.

નટ–(પ્રસન્ન થઇને) હે પ્યારી ! નિઃસંદેહ તારૂં કહેવું તો ખરૂં છે. ભોગોમાં સુખ લેશ માત્ર પણ નથી પરંતુ ભોગ દુઃખરૂપ છે. તું જે કહે છે કે–તમે પરમાનંદને પ્રાપ્ત થાઓ તો તે હું કેવી રીતે થઈ શકું; કારણકે પરમાનંદ તો બ્રહ્મ છે અને બ્રહ્મ ચૈતન્ય છે, હું–મન–જડ છું અને બ્રહ્મ દ્રષ્ટા છે, હું દ્રશ્ય છું. તો ભલા હવે હું પરમાનંદને કેમ રીતે પ્રાપ્ત કરી શકું ?

નટી–(નટને) તમે–મન–છો તો જડ પરંતુ તમે થયા છો ચૈતન્યમાંથીજ. એટલા માટે તમે ચૈતન્યજ છો; તમારામાં જડતાનો અંશ પણ નથી. જેમ જડ રોમ અને નખોની અપેક્ષાથી શરીર ચૈતન્ય છે અર્થાત્ શરીરને કાપવાથી તો દુઃખ થાય છે અને રોમ, નખોને કાપવાથી દુઃખ થતું નથી એથી રોમ, નખ જડ છે પરંતુ રોમ, નખ શરીરજ છે. શરીરથી ભિન્ન નથી; કારણકે ચૈતન્ય શરીરથીજ જડ–રોમ, નખ–ઉત્પન્ન થાય છે. એ પ્રકારે જડ જે તમે–મન–છો તે ચૈતન્ય બ્રહ્મ જ છો. બ્રહ્મથી પ્રથક નથી, અર્થાત્ તમારામાં જે જડતા છે તે કલ્પિત છે અને તે કલ્પના પણ તમારીજ છે. જેમ જળમાંથી તરંગ ઉઠી જળરૂપ હોવા છતાં જળથી પ્રથક પ્રતિત થવા લાગે છે અને વળી જળમાંજ લય થઇ જાય છે વાસ્તવમાં જળજ છે. તરંગરૂપ થવાથી શું કાંઇ બીજો પદાર્થ થઈ જાય છે? કદાપિ નહિ. અને જો આપ કહેતા હો કે તે દ્રષ્ટા છે, અને હું દ્રસ્ય છું; તો દ્રસ્ય પણ દ્રષ્ટાથી ભિન્ન નથી કારણકે જેમ કોઇ પુરૂષ કહે કે હું નેત્રોથી સૂર્યને દેખું છું તો નેત્રો તો જડ છે. તે

દેખવાને સમર્થ નથી પણ નેત્રોનો સ્વામી જે સૂર્ય છે તે દેખે છે—કોને કે સૂર્યને—અર્થાત્ દ્રષ્ટા પણ સૂર્ય છે અને દ્રશ્ય પણ સૂર્ય છે તો પછી દર્શન પણ કોઇ બીજી વસ્તુ નથી. એ પ્રકારે દ્રષ્ટા, દ્રશ્ય અને દર્શન ચૈતન્યજ ચૈતન્ય છે. બીજુ કાંઇ નથી. ભલા જુઓ તો ખરા તમે જે દ્રશ્ય મનરૂપ નટ છો, તે દ્રષ્ટા ચૈતન્યથી ક્યાં જુદા છે? અર્થાત્ તમે પણ ચૈતન્યજ છો. કેવળ તમે પોતાની મૂર્ખતાથીજ પોતાના રચીત વિલાસમાં આશક્ત થઇને દુઃખ પામો છો.

નટ—(પ્રસન્ન થઈને) હે સુંદરી ! તું તો ઘણીજ બુદ્ધિશાળી નીકળી. તું જે કહે છે તે છે તો સત્ય પણ હવે હું શું કરૂં. તુ જેમ કહે તેમ કરૂં.

નટી—(હાથ જોડીને) હે પ્રભો ! આ જે સંસાર આપનો વિલાસ છે તેને આપનામાંજ લય કરી દો. બસ એમ કરવાથી તમો સુખરૂપ થઈ જશો.

આ પ્રકારે મનરૂપ નટ અને વાસનારૂપી નટી બન્ને પરસ્પરમાં વાર્તા કરે છે એટલામાં સભા મંડપમાં સ્થિત સર્વ પુરૂષો કલ્યાણમય અદ્ભૂત વિલા-

સને જોઇ વિનોદ જ્ઞાનામૃતનું પાન કરવાથી સર્વ જ્ઞાનસ્વરૂપ પોતાના આત્મામાં લય થઇ ગયા. અને કેવળ મનુષ્ય શરીરરૂપ સિંહાસનજ ખાલી પડી રહ્યા.

નટ—(અચંબો પામીને) હે પ્યારી ! આ સર્વ સિંહાસનો ખાલી પડી રહ્યા છે તો એમાં જેનો ચમત્કાર હતો તે ક્યાં ગયો ?

નટી—(હસીને) હે સ્વામી ! એવા એવાતો પાણીમાંથી કંઇક પરપોટા અનેકવાર થઇ થઈને પાણીમાં પાછા લય થઇ ગયા છે. જેમ અગ્નિ કાષ્ટમાં વ્યાપક તો છેજ પરંતુ પ્રતિત થતો નથી પણ જ્યારે એ કાષ્ટોનો સંબંધ થઈ પરસ્પરમાં ઘરસણ થાયછે ત્યારે સામાન્યરૂપથી વ્યાપક અગ્નિ વિશેષ થઇને પ્રગટ થવાથી પ્રતિત થવા લાગે છે. અને થોડો વખત રહીને પાછો લય થઇ જાય છે. તે અગ્નિ ક્યાંથી આવ્યોએ નથી અને ક્યાં ગયોએ નથી; અર્થાત્ સામાન્યરૂપથી પ્રતિત થતો નથી પણ વિશેષરૂપથી પ્રગટ થવા લાગે છે એ પ્રકારે ચૈતન્ય આત્મા સર્વત્ર વ્યાપક છે; પરંતુ સર્વત્ર પ્રતિત થતો

નથી. અહિંઆ પણ તે વિલાસને માટેજ વિશેષરૂપથી પ્રગટ થયો હતો તેથી પ્રતિત થવા લાગ્યો હતો અને હવે તે ચૈતન્ય આત્મા સામાન્ય રૂપમાં લય થઇ ગયો; અર્થાત્ કોઇ આવ્યુંએ નથી અને ગયુંએ નથી કેવળ ચૈતન્યનો વિલાસજ વિલાસ છે. હે પ્રભુ ! આ જે સંસાર આપનો વિલાસ છે તેને આપમાં લય કરી દો, ત્યારે સુખરૂપ થઇ જશો. જેમ કરોળીઓ પોતાની જાળને ખાઇને સુખી થાય છે તેમ આ વિલાસને આપનામાં લય કરી દેવાથી આપ પણ સુખી થઇ જશો.

એવું સાંભળીને મનરૂપ નટે મનુષ્ય શરીરરૂપ સંપૂર્ણ સિંહાસનોને ચૈતન્યરૂપ સભા મંડપમાં લય કરી દીધા અને નામ–રૂપ જે બીજાના હતા તેમને પણ સંકેલીને ચૈતન્ય રૂપમાં મેળવી દીધા અને પોતે પણ વાસનારૂપ નટી સહિત અર્થાત્ બન્ને એકજરૂપ થઈ જઇને ચૈતન્યમાં લય થઈ ગયા ત્યારે કેવળ ચૈતન્યજ ચૈતન્ય રહ્યું; કારણ કે અસ્તિ, ભાતિ, પ્રિય રૂપ જે સભા મંડપની ચૈતન્યમય કલ્પના હતી તે મનની હતી અને મન તો ચૈતન્યમાં લય થઇ ગયું

તો પછી અસ્તિ, ભાંતિ, પ્રિયરૂપ સભા મંડપની જે સંજ્ઞા માત્ર પ્રતિતી હતી તે પણ ચૈતન્યમાં લય થઈ ગઇ; અર્થાત્ ચિન્માત્રજ ચિન્માત્ર રહ્યું. બીજી કોઇ વસ્તુ થઇજ નથી. કેવળ ચૈતન્યજ ચૈતન્ય છે. ચૈતન્યથી આ સર્વ વિલાસ રચના થઈ હતી અને જેમાં સ્થિત હતી અને જેમાં લય થઈ ગઈ છે તે વાસ્તવમાં હતુંજ ક્યાં ? કેવળ વિલાસજ વિલાસ છે. એવો અદ્ભૂત વિલાસ જેનો હતો તે મારા આત્માને મારા વારંવાર નમસ્કાર છે.

इति शिवम्.

समाप्त.

પરમાનંદ સ્વરૂપમાં મગ્ન થઈ તેનો સત્ય અનુભવ લીધા બાદ સંસ્કાર વસાત્ જાગ્રત થઇને રાજા જ્ઞાનશેખરે પોતાના જ્ઞાનદાતા સદ્ગુરૂની કરેલી સ્તુતિ.

ब्रह्मस्थान सरोज मध्य विलस-
च्छीतांशु पीठ स्थितम् ।
स्फुर्जित्सूर्य रुचिं वरा भय करं,
कर्पूर कुन्दोज्ज्वलम् ॥
श्वेत स्रग्वसनानु लेपन युतं,
विद्युद्रुचा कान्तया ।
संश्लिष्टार्ध तनुं प्रसन्न वदनं,
वन्दे गुरुं सादरम् ॥ १ ॥

જેઓ બ્રહ્મસ્થાનમાં રહેલા કમલ મધ્યમાં વિ-લસતા ચંદ્રપીઠ ઉપર સ્થિતિ કરે છે. જેઓની કાંતિ ભાસ્વર સૂર્ય સમાન છે. જેઓ કર્પૂર અને કુંદ સ-માન ગૌરવર્ણ છે. જેઓ શ્વેતહાર, શ્વેતવસ્ત્ર અને શુભ્ર ચંદન ધારણ કરે છે. જેઓ વિદ્યુત્સમાન સુંદર કાંતાથી જોડાયેલા અર્ધ શરીરવાળા શંકર સદૃશ હોઈ કરદ્વયથી વર અને અભય મુદ્રા ધારણ કરે છે અને જેઓ હમેશાં પ્રસન્ન વદન છે. તે શ્રીગુરૂજીને આદરપૂર્વક વંદના કરૂં છું. ૧

मोहध्वान्त मदान्ध विग्रहवतां,
चक्षूंषि चोन्मीलयन् ।
यश्चक्रे रुचिराणि तानि च महा,
ज्ञानाञ्जनाभ्यञ्जनैः ॥
व्याप्तं यन्महता जगत्त्रय मिदं,
तत्त्वप्रबोधोदयम् ।
तं वन्दे शिवरूपिणं निज गुरुं,
सर्वार्थ सिद्धि प्रदम् ॥ २ ॥

જેઓએ મોહરૂપી અજ્ઞાનથી મદાન્ધ બનેલા પુ-રૂષોનાં નેત્રોન્મીલન કરી તેમાં અલૌકિક જ્ઞાનરૂપી અંજન આંજવાથી સુંદરતાનો વધારો કર્યો છે. તથા જે મહાત્માએ તત્વબોધોદય બનાવી ત્રિલોકીની વ્યાપ્તિ કરી છે. તે સર્વ સિદ્ધિ આપનાર શિવસ્વરૂપ નિજ ગુરૂને (આદર પૂર્વક) વંદના કરૂંછું. ૨

मातंगी भुवनेश्वरी च बगला,
धूमावती भैरवी ।
तारा छिन्न शिरोधरा भगवती,
श्यामा रमा सुन्दरी ॥
दातुं न प्रभवन्ति वांछित फलं,
यस्य प्रसादं विना ॥ तं वन्दे० ॥ ३ ॥

જે શ્રીગુરૂના પ્રસાદ વિના માતંગી, ભુવનેશ્વરી, બગલામુખી, ધૂમાવતી, ભૈરવી, તારા, છિન્નમસ્તા, શ્યામા, શ્રી અને ત્રિપુર સુંદરી એ દશે મહાવિદ્યાદિ દેવતા ભગવતીઓ પણ વાંછિત ફલ આપવાની શક્તિ

બતાવી શકતી નથી. તે સર્વ સિદ્ધિ આપનાર શિવ-સ્વરૂપ નિજ ગુરૂને૦ ૩

काशी द्वारवती प्रयाग मथुरा,
योध्या गया वंतिका ।
माया पुष्कर काञ्चि कोशलपुरी,
श्रीशैल विंध्याद्यः ॥
नै ते तारयितुं भवन्ति कुशला,
यस्य प्रसादं विना ॥ तं वन्दे० ॥ ४ ॥

જે શ્રીગુરૂના પ્રસાદ વિના કાશી, દ્વારાવતી, પ્રયાગ, મથુરા, અયોધ્યા, ગયા, અવન્તિકા, માયા (હરદ્વાર), પુષ્કર, કાંચી અને કૌશલ વિગેરે પુરીઓ તથા શ્રીશૈલ અને વિંધ્ય વિગેરે સર્વ પર્વતો પણ તારવાને સમર્થ નથી તે૦ ૪

रेवा सिंधु सरस्वती त्रिपथगाः,
सूर्यात्मजा कौशिकी ।
गङ्गासागर संगमाद्रि तनया,

लौहित्य शोणादयः ॥
नालं यान्ति फल प्रदान विषये,
यस्य प्रसादं विना ॥ तं वन्दे० ॥ ५ ॥

જે શ્રીગુરૂના પ્રસાદ વિના નર્મદા, સિંધુ, સરસ્વતી, ગંગા, યમુના, તાપી, કૌશિકી, ગંગા સાગર સંગમ અદ્રિતનયા, લૌહિત્ય અને શોણુ નદ વિગેરે પણુ સ્નાનાદિકનું પુરેપુરૂ ફલ આપવા શક્તિમાન નથી તે૦ ૫

सत्कीर्ति र्विमलं यशः सुकविता,
पांडित्य मारोग्यता ।
वादे वाक्पटुता कुले चतुरता,
गांभीर्य मक्षोभ्यता ॥
मांगल्यं प्रभुता गुणे निपुणता,
यस्य प्रसादं विना ॥ तं वन्दे० ॥ ६ ॥

જેમના પ્રસાદ વિના સારી ખ્યાતિ, નિર્મળ યશ, ઉત્તમ કવિત્વ, આરોગ્ય વાદમાં વાક્ ચાતુર્ય,

કુલમાં પ્રવીણતા, ગાંભીર્ય, નીડરપણુ, માંગલ્ય પ્રભુ-
તા અને ગુણમાં નૈપુણ્ય, મળી શકતાં નથી તે૦ ૬

लोकेशो हरिरंबिका स्मरहरो,
माता पिता रक्षकः ।
आचार्यः कुल पूजितो यतिवरो,
वृद्धस्तथा भिक्षुकः ॥
नै ते यस्य तुलां व्रजन्ति कलया,
कारुण्य वारान्निधिम् ॥ तं वन्दे० ॥७॥

જેમની તુલનામાં લોકેશ્વર, હરિહર, અંબિકા, માતા,
પિતા, રક્ષક, કુલગુરૂ, યતિવર્ય, વૃદ્ધ અને સન્યાસી
પણ બરોબરી કરી શકતા નથી તે૦ ૭

ध्यानं दैवत पूजनं गुरु तपो,
दानाग्नि होत्रादयः ।
पाठो होम निषेवणं पितृमखा,
हव्यागता चोवलिः ॥

एते व्यर्थ फला भवन्ति नियतं,
यस्य प्रसादं विना ॥ तं वन्दे० ॥ ८ ॥

જેમના પ્રસાદ વિના દેવતાનુ પૂજન, ધ્યાન, ઉ-શ્રત તપ, અને અગ્નિહોત્રાદિક કર્મો તેમજ પાઠ, હોમ, પિંડ પિતૃયજ્ઞ, હવ્ય, કવ્ય, અને પ્રતિમાપૂજન વિગેરે પણ ફળ આપવા સમર્થ નથી તે૦ ૮

पूर्वाशाभि मुखः कृतांजलि पुटः,
श्लोकाष्टकं यः पठेत् ।
पौरश्चर्य विधिं विनापि लभते,
मंत्रस्य सिद्धिं पराम् ॥
नो विघ्नैः परिभूयते प्रतिदिनं,
प्राप्नोति पूजा फलम् ।
देहान्ते परमं पदं निवसते,
यद्योगिनां दुर्लभम् ॥ ९ ॥

જે મનુષ્ય હરહમેશ પૂર્વાભિમુખ બેસી આ

અષ્ટકનો પાઠ કરશે તે યથાવિધિ પુરશ્ચરણ કર્યા સિવાય મંત્રની સિદ્ધિથી જોડાશે તેને કોઇ પણ વિઘ્ન નહિ શકશે નાહ તેમજ કરેલી દેવપૂજાનું ફલ પામી દેહાવસાનમાં યોગિઓને ન મળે તેવું ઉત્તમ પદ પામશે. ૯

આત્મબોધ.

પરમાત્મા સર્વ વૈભવે યુક્ત નિત્ય જ્ઞાન અને આનંદ સ્વરૂપ છે તે ખ્યાલમાં રાખવું અને તે પાસેજ હૃદયરૂપી ગુહામાં બીરાજમાન છે. આનંદ કાંઈ બહારથી પ્રાપ્ત થતો નથી તેમ કોઈ પદાર્થથી પણ મળતો નથી. વૃત્તિ શાંત થયે આનંદરૂપ પરમાત્માની ઝળક પડવાથી આનંદિત થવાય છે. અને વૃત્તિ ચંચળ થવાથી પ્રાપ્ત થયેલ આનંદ જતો રહ્યા જેવા લાગે છે. પણ તે કયાંય જતો નથી, એ આનંદ સ્વરૂપ પરમાત્માના અજ્ઞાનથી આનંદ જતો રહ્યો એમ ભાસે છે. જ્ઞાન થયે એ પરમાત્માની પ્રાપ્તિની

જ પ્રાપ્તિ છે. કાંઈ અપ્રાપ્તની પ્રાપ્તિ થતી નથી. આત્માથી પૃથક પોતે કાંઈ છેજ નહિ. સર્વ પરમાત્મામયજ છે.

આપ જેને શોધો છો તે તમે પોતેજ છો એ નિશ્ચય માનજો. આપ અને ઇશ્વર જુદા નથી. તેમ હું અને તમે પણ જુદા નથી, એકજ છૈયે. ઉપાધી ભેદથી જુદા ભાસે છે. ઇશ્વર ગુરૂ અને આત્મા ત્રણે એકજ છે, તમેજ આનંદઘન સચ્ચિદાનંદ સ્વરૂપ છો તમે સ્થુળ દેહ, સુક્ષ્મ દેહ, કારણ દેહ અને મહાકારણ દેહ નથી પણ એને જાણનારા, એને સિદ્ધ કરનારા તથા પ્રકાશ કરનારા તમે પોતેજ છો. ચંદ્ર, સૂર્ય, ગૃહાદિ સમસ્તને પ્રકાશ કરનાર તમેજ છો અને તે સત્સ્વરૂપના અજ્ઞાનથીજ સ્થુળ સુક્ષ્માદિ શરીરને પોતારૂપે માની લીધેલ છે. પણ એ સત્ય નથી. સત્ય સ્વરૂપ તો ઉપર દર્શાવ્યું તેજ કે જેને તમે “ હું કોણ છું અને કયાં છું ” કરીને શોધોછો તેજ તમે પોતે છો. જે કાંઈ આ દસ્યાદસ્ય છે તે પણ તમારૂજ સ્વરૂપ છે અન્ય કોઈ નથી. તમેજ પરમાત્મા રૂપ છો. બંધ અજ્ઞાનથી છે. તમે તો સદા

મુક્તજ છો. કલ્યાણ રૂપ છો. તમારો તો મોક્ષ થયેલોજ પડયો છે તો પછી તેને માટે ચિંતા રાખવી વૃથાજ છે. જે કાંઈ છે તે સર્વસ્વ તમેજ છો, તમેજ છો. તમારો મહિમા અપાર અને અગાધ છે, વાણીથી વર્ણન થાય તેમ નથીજ, વૃત્તિએ સ્વરૂપમાં આરૂઢ થઇ તેમાંજ વિલય પામી જાઓ અને તેજ રૂપ થઈ જાઓ. વૃત્તિ પણ કાંઇ બીજું સ્વરૂપ નથી. અજ્ઞાનથી જણાય છે.

દ્રશ્ય વસ્તુ કે જે નાશવાન છે તે વહેલી મોડી નાશ પામેજ છે પણ અજ્ઞાનથી તેના નાશનો શોક કરાય છે માટે કહેવાય છે. કેઃ—દ્રશ્યમાં આશક્ત થઇને કહો છો કે—મેં મારી પ્રિય વસ્તુ ગુમાવી દીધી છે. પણ વિચાર કરો કે તમો કોણ છો અને તમો જેને મારૂં મારૂં કરીને માનો છો તે કોણ છે. મિથ્યા કલ્પાંત શામાટે કરો છો. એ અને આ જે કાંઇ દેખાય છે તે છેજ ક્યાં ? ચિત્ત છે ત્યાં સુધી જગત્ છે ચિત્ત નથી તો જગત્ છેજ નહિં. આ બધો ચિદ્ વિલાસ છે. બીજું કાંઈ છેજ નહિ, એક પરમાત્મા જ સત્ય છે અને સાચો સગો છે. બીજું કોઈ નથી

તો પછી શા માટે બીજાનો શોક કરો છો. જે કાર્ય ઉત્પન્ન થયું હતું તે તેના કારણમાં લય થયું અને એ પ્રમાણે થાયજ છે. અને એ કોઇનું ટાળ્યું ટળતુંજ નથી. તો પછી તેનો શોક કરવો શા કામનો. એથી તો ઉલટું દુઃખજ થાય છે. સર્વ કીટ પતંગાદિ સુખને ઇચ્છે છે અને સુખ માટેજ યત્નો કરે છે, પણ સુખ શાથી થાય છે તે ન જાણતાં દુઃખનાજ પ્રયત્નો સુખ માનીને કરે છે. તો તેથી સુખ શી રીતે થાય? અનંત સુખ તો સ્વરૂપમાં વૃત્તિ આરૂઢ કરવાથીજ થાય છે. અને તે પાસે અંતરમાંજ છે. દૂર નથી. માટે પાસે સુખનો ઝરો જે આપ પોતે છો તે તમે પોતે પોતાના સ્વરૂપને જુઓ અને તેમાં વૃત્તિ આરૂઢ કરીને રહો. મિથ્યા દ્રશ્ય પદાર્થોમાં વૃત્તિ ન જોડો. તમેજ પેદા કરીને તમેજ સંહાર કરો છો. તો પછી શા માટે શોક કરો છો. તમારૂંજ સ્વરૂપ સર્વ સ્થળે અને સર્વ રૂપે રમી રહેલ છે. બીજું છેજ નહિ. આ સર્વ તમારોજ વિલાસ વિલસી રહ્યો છે. અમુક વસ્તુ જેને તમે થયેલી માનો છો તે રૂપે તમે જ થયા હતા અને

તમેજ તે રૂપથી મટી ગયા. બીજા જે કાંઇ પદાર્થો છે તે પણ તમેજ થયા છો અને તે પ્રમાણે સંસ્કાર વસાત્ જ્યાં સુધી રહેવાનું ત્યાં સુધી રહીને પછી રહેવાના નથી એ નિશ્ચય છે. તો પછી કોનો શોક કરો છો ?" "હું" તે "તું" અને "તું" તે "હું" તો પછી અન્ય કોણ છે, કે જેનો શોક કરીએ. દ્રષ્ટા થઇને પ્રારબ્ધવશાત્ દ્રશ્યમાં જે થાય તે જોયા કરો અને પોતાના સ્વરૂપમાં આરૂઢ વૃત્તિથી રહો. બીજી ગરબડ ન કરો. બીજી ગરબડ કર્યે દુ:ખીજ થવાય છે; માટે દુ:ખનો માર્ગ છોડી સુખને માર્ગે ચાલી સુખી થાઓ. **તથાસ્તુ.**

ગઝલ (કવાલી).

જીને સદ્‌ગુરૂ ચરનસેં પ્રિત કીયો,
તીને ઔરસેં પ્રિત કીયો ન કીયો. ટેક.
જીને સાંબ સદાશિવ નામ લીયો,
તીને ઔરકો નામ લીયો ન લીયો. જીને.
જેહી બ્રહ્મ વિચારમેં લીન ભયો,

તેહી ઔરસેં લીન ભયો ન ભયો. જીને.
જીને સ્વરૂપ લક્ષસેં લાવ લીયો,
તીને ઔરસેં લાવ લીયો ન લીયો. જીને.
જાકે હૃદયમેં જ્ઞાનકો દીપ ભયો,
તીને ઔરહી દીપ કીયો ન કીયો. જીને.
જીને સ્વરૂપ જ્યોતકો ધ્યાન કીયો,
તીને ઔરહી ધ્યાન કીયો ન કીયો. જીને.
જીને સ્વગૃહ બેઠકે સ્વરૂપ ગૃહ્યો,
તીને જંગલ યોગ કીયો ન કીયો. જીને.
જીને આપહી મંગલ જાન લીયો,
તીને મંગલ ચીન્હ કીયો ન કીયો. જીને.
મયારામને ગુરૂકો શરન ગ્રહ્યો,
ભવ ત્રીવીધ દુઃખ ગયોરી ગયો. જીને.

ગઝલ.

ભજન ૐકાર અવિનાશી મીટેગી કાલકી ફાંસી.
ટેક.

સ્વરૂપ ખુદ અપના વો જાની
ગુરૂ ગમસેં લ્યો પહીચાની

સ્વરૂપાકાર બન જાવે।
અખંડાનંદને પાવે। ભજો.
શુદ્ધ જો હય દ્રસ્યસેં ન્યારો
સદા દ્રસ્યકું હય જોનારો;
ભુલત હય અવિદ્યા પામી
ભુલાવામેં વૃતી જામી. ભજો.
સદા સુખ દુઃખસેં ન્યારો
પ્રાણી સબકું જો હય પ્યારો;
સદા શિવરૂપ બન જાવે।
છાંડો સહુ દ્રસ્ય ભુલાવે।. ભજો.
તત્વથી તત્ પદને તારો
ગુરૂ ગમમેં વો હય પ્યારો;
ભુલાવા દ્રસ્યસેં ન્યારો
સદા સાક્ષીત્વ જોનારો. ભજો.
અંતર્મુખ દ્રષ્ટીસેં જબ દેખો,
કૈવલ્ય સ્વરૂપ સ્વયં પેખો,
સબી દ્રસ્યસેં જુદા ચાલો
જ્ઞાનામૃત સાગરમેં મ્હાલો. ભજો.

શુદ્ધિપત્ર.

પ્રષ્ટ.	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
૧	૧	ૐ	ૐ
૩	૭	આસ્તિત	અસ્તિત
૧૦	૧૩	।ભન્ન	ભિન્ન
૧૪	૨	પરતુ	પરંતુ
૧૬	૧૬	હો	રહ્યો
૨૬	૧૫	।વનોદ	વિનોદ
૩૮	૧૧	તેર્ન	તેની
૪૩	૯	ધાળા	ધોળા
૫૦	૧૨	લાચના	લોચના
૬૦	૭	પિડ	પિંડ
૬૯	૮	જ—ાાર	જનાર
૬૯	૧૧	સ્વભવિક	સ્વાભાવિક
૭૬	૬	અમૃતર્થ	અમૃતથી
૭૯	૧	મં	મેં
૭૯	૧૨	મૂખ	મૂર્ખ
૮૩	૧૬	ગાય એ	ગાયએ

૮૯	૧૨	।ચત્તાકાશ	ચિત્તાકાશ
૯૩	૬	જળત્	જળવત્
૧૦૫	૧	અગ્ને	અગ્નિ
૧૧૧	૧૫	મફક	માફક
૧૧૩	૧૬	પ્રારબ્ધનું	પ્રારબ્ધનું
૧૧૫	૫	વેરાગ્ય	ૈરાગ્ય
૧૨૦	૮	જે	જો
૧૨૦	૧૨	ભગવન	ભગવન્
૧૨૬	૨	જહત	જહત્
૧૩૧	૯	અજહત	અજહત્
૧૩૪	૧૩	ચૈતન્યર્થ	ચૈતન્યથી
૧૪૫	૯	પોતનેજ	પોતાનેજ
૧૬૦	૧૩	જણીને	જાણીને
૧૬૦	૧૫	**શીતલત**	**શીતલતા**

